श्रीवेदान्तसार.

અનુવાદક

यति मुकुन्दाश्रम,

શાર્દૂલવિક્રીડિત.

आनंदैकरसस्वभाव ममलं प्रज्ञान मात्रात्मकं,
सद्रूपंसद् सद्विहीन ममूलं प्रत्यक्कमं शाश्वतम्;
एकंसद्बहुधेव भात्य विदुषांचिचैकमेवाद्वयं,
पूर्णब्रह्म सदास्म्यहं शिवतरं वेदान्तसारंपरम्.

યોગ્ય અધિકારીને મનનાર્થ

भेट आपवा

પ્રસિદ્ધ કર્તાઃ—

વૈદ્યરાજ રણછોડભાઈ હરિવલ્લભ,

સ્તંભતીર્થ (ખંભાત)

શ્રી 'સરસ્વતી' પ્રીન્ટીંગ પ્રેસ, નાગદેવી સ્ટ્રીટ, મુંબઇ,
એ ઠેકાણે મગનલાલ જગજીવનદાસે છાપી છે.

श्रीवेदान्तसार.

અનુવાદક

यति मुकुन्दाश्रम,

શાર્દૂલવિક્રીડિત.

आनंदैकरसस्वभाव ममलं प्रज्ञान मात्रात्मकं,
सद्रूपंसद सद्विहीन ममृतं प्रत्यक्तमं शाश्वतम्;
एकंसब्दहुधेव भात्य विदुषांचिवैकमेवाद्वयं,
पूर्णब्रह्म सदास्म्यहं शिवतरं वेदान्तसारंपरम्.

યોગ્ય અધિકારીને મનનાર્થ

भेट आपवा

પ્રસિદ્ધ કર્તા:—

વૈદ્યરાજ રણછોડભાઈ હરિવલ્લભ,

સ્તંભતીર્થ (ખંભાત)

શ્રી 'સરસ્વતી' પ્રીન્ટીંગ પ્રેસ, નાગદેવી સ્ટ્રીટ, મુંબઇ,
એ ઠેકાણે મગનલાલ જગજીવનદાસે છાપી છે.

ॐ

तत्सद्ब्रह्मणेनमः

॥ अर्पण पत्रिका ॥

श्रीमत्परमहंस परिव्राजकाचार्य पदवाक्य प्रमाण पारावार पारीणयम नियमासन प्राणायामप्रत्याहार धारणा ध्यान समाध्यष्टांग योगानुष्टान निष्ट तपश्चर्या चरण चक्रवर्त्यनाद्याविच्छिन्न वैदिक मार्ग प्रवर्तक **श्रीगोविंदाश्रमजी** श्रीमत्स्वामी नी परम पवित्र सेवामां.

મુ. **શ્રી** ક્ષેત્ર કરનાળી.

श्रीवेदसनातनधर्मना આપશ્રી ધુરંધરછો અને મિથ્યા કલ્પનાથી ભાસતા ત્રય તાપોપશમન કલાનિધિ છો. વેદ વેદાંગાદિશાસ્ત્રો અને અનુભવદ્વારા અભેદ તત્ત્વને પ્રકાશનાર પ્રચંડ માર્તંડ છો તથા સ્વપ્ન સમાન દ્રસ્યમાન થતા સંસાર સમુદ્રથી પાર જવાને માટે યોગ્ય અધિકારીઓની આપ શ્રીતરણી છો અને દ્વૈતવાદિરૂપ ગજદળના અદ્વૈત કેશરી પણ આપ શ્રીજ છો એવા આપ શ્રીગુરૂવર્યને શ્રીશંકર જયંતિના ઉત્તમમહોત્સવને દિવસે પૂજ્ય ભાવથી **श्रीवेन्दातसार** નામે ગ્રંથની ગુર્જર ભાષામાં અનુવાદ કૃતિરૂપ પુષ્પાંજલી પ્રેમ લક્ષણા ભક્તિએ સપ્રેમ. અર્પણ કરૂં છું.

લી હું છું
आपनो दर्शनाभिलाषि
यति मुकुन्दाश्रमना
साष्टांग दंडवतपूर्वक ॐ
नमो नारायणाय.

સંવત ૧૯૬૭ના વૈશાખ સુદિ ૫ **शंकरजयंति** શ્રી શાલેશ્વર મહાદેવ ખંભાત.

॥ ॐ ॥

श्रीसद्गुरुर्विजयतेतराम्.

શ્રીઆનંદ તાલુકે કરમસદ નિવાસી શ્રીસદ્‌ગુરૂચરણ શરણાનુરાગી શ્રીયુત ગોવિંદભાઇ લખાભાઇ બીન ઇચ્છાભાઇ કૃત—

" श्रीमुकुन्दषटक "

તોટકવૃત્ત.

જળમાંસ્થળમાં નભમાંનીરખી, મમચિત્ત વૃત્તિ થઇછેસરખી
સમજ્યો મુજને નિરબંધ સદા, ચિદરૂપ मुकुंद સદાસુખદા ૧
ભવભોગ ભજું ન હવે સપ્રિતે, ક્ષણુ ભંગુર દુઃખજને અહિતે
નવક્ષોભિત દિલકરે વિપદા, ચિદરૂપ मुकुंद સદા સુખદા. ૨
ભિન્નતા ભૂલતાં તન ભાનટળે, ચિત્ત ચૈતન એક અખંડમળે;
ભકતી પણુ તુચ્છ અહીં નવધા ચિદરૂપ मुकुंद સદાસુખદા. ૩
મુજ પ્રિતમ શબ્દ અભેદ સુણી, ચીરકાળ રહેતી અગમ્યધુણી;
જીવ શિવ વિયોગ કહું નકદા, ચિદરૂપ मुकुंद સદાસુખદા. ૪
સઘળું તુજમાં પ્રભુતું સઘળે, નરકો વિરલાતુજ વ્યકિતકળે;
કર શંખસુઅંબુજ ચક્રગદા, ચિદરૂપ मुकुंद સદાસુખદા. ૫
રહુંધ્યાન વિષેદહું ત્યાં દિનતા, લવ ગોવિંદ રૂપલહેલીનતા;
ઉતથાન સમેપણના દુઃખદા, ચિદરૂપ मुकुंद સદાસુખદા. ૬

इतिषटकम्

પ્રસિદ્ધ કર્તા.

॥ ॐ ॥

सच्चिदानन्दमूर्तयेनमः

ઉપોદ્ઘાત.

આ અખિલ વિશ્વ તરફ દ્રષ્ટિ કરતાં પ્રાણી માત્રની ઇચ્છાનો વિષય સુખ–પરમસુખ–પરમાનંદ છે અને તેજ પ્રાપ્ત કરવા સારૂ પ્રત્યેક વ્યકિતની પ્રવૃત્તિ છે. પરંતુ વિચાર એ ઉત્પન્ન થાય છે કે જ્યારે સમગ્ર પ્રાણી એક સુખનેજ ચાહે છે તો પછી સર્વની પ્રવૃત્તિમાં ભિન્નતા શાથી ? ? જેમ એકજ ગ્રામના રહીશ પોતાના શહેરથી બીજા શહેરમાં જવા નીકળે છે ત્યારે સર્વ એકજ રસ્તે ચાલે છે તોજ તે જવાના સ્થળને પ્રાપ્ત થાય છે તે પ્રમાણે ન કરે ને પ્રથક્ પ્રથક્ પંથે પ્રયાણ કરે તો એકજ સ્થાને તે કદાપિ પહોંચી શકતાં નથી તેમ સુખેપ્સિતો પણ પ્રથક રસ્તે વહન કરતાં હોવાથી એકજ આનંદને પામે એ સંભવતું નથી. આ વિચાર કેવળ સ્થૂળ મતિમાંજ સ્ફૂરે છે. અને તેથીજ કેટલાએક ભારતવર્ષના ભવિષ્યને ઉગ્ર કરવાને મથતા અજ્ઞ પુરૂષો પ્રાચિન સમયથી ચાલી આવતી વર્ણાશ્રમ ધર્મ પ્રણાલિકાને તોડી એકયતા કરવા ઇચ્છે છે. અને તેમ કરવાથી સર્વ સુખી થાય એવું માને છે. પરંતુ એમ કરવાથી કદિપણ સુખ આવી શકે તેમ નથી કારણ આ સમગ્ર સંસાર ચક્ર જનસમુહના પુણ્ય પાપરૂપ કર્માનુસાર એક જેવુ જણાયા છતાં અનંત પ્રકારની ભિન્નતાવાળું છે તેથી દરેક પ્રાણીનો ઇપ્સિતાર્થ ઐકય છે છતાં જેવાં જેવાં પોતાનાં શુભાશુભ કર્મ તેના પ્રમાણમાં વિકાસ થયેલો હોવાથી અને તદનુસાર તેમની બુદ્ધિ દ્રષ્ટિ ન્યુનાધિક હોવાથી એકજ સુખને પ્રત્યેક પ્રાણી જુદાં જુદાં દ્રષ્ટિ બિંદુથી ન્યાળે છે અને તેથીજ પોત પોતાની દ્રષ્ટયનુસાર પ્રત્યેક ભિન્નભિન્ન ઠેકાણે હોવાથી દરેક પ્રવૃત્તિ ભિન્નભિન્ન છતાં પણ એકજ સુખને ઇચ્છે છે એ વાત નિઃસંશયને નિર્વિવાદ સિદ્ધ છે.

સુખને પ્રાપ્ત કરવા સારૂ પ્રત્યેક પ્રાણી અનેક રીતે અનંત પ્રકારનો પુરૂષાર્થ કરતાં નજરે પડેછે. કોઇ વિદ્યાબળ, કોઇ તનબળ, કોઇ

મનોબળ, કોઇ કૃષિ, કોઇ વ્યાપાર, કોઇ નોકરી, એમ જેને જે ક્રિયા રૂચી તેમાં રાત દિવસ પોતાનું **ઉત્તમ જીવન કે જેની કીંમત આંકી શકાય નહિ તેવું** છે તેને ઉક્ત ક્રિયાદ્વારા સુખ પ્રાપ્ત કરવા પાણીના મુલે-નકામુ ખર્ચી કાઢે છે છતાં એ સર્વમાંથી તેને એવો અનુભવ પ્રાપ્ત થાય છે કે આવા પ્રખર પુરૂષ થેથી પણ આપણે અત્યાર સુધી સુખની છાયામાંજ બાચકા ભર્યા ને તેથી કાંઇ હાથમાં આવ્યું નહિ. આવા પ્રકારની નિરાશા થવામાં તેમનીજ પ્રથમથી ભૂલ એ થઇ છે કે અનેક પ્રકારના ભગિરથ પ્રયત્નવડે પણ તેમણે **વિષય જન્ય સુખ** મેળવવાનું ધારેલું અને તેથી અપાર પરિશ્રમને અન્તે પ્રાપ્ત થનારૂં વિષયનું મિથ્યા સુખ તે મિથ્યાંજ ઠર્યું અર્થાત્ પ્રાપ્ત થયેલી વસ્તુ નાશવંત હોવાથી સંતોષ નજ થયો.

આમ સાચું સુખ-પ્રાપ્ત કરવાને મથતા વિચારકોને દ્રષ્ટિગોચર ક્ષિતિજ સમ દિનપ્રતિદિન દૂરનું દૂરજ ભાસતું જાય છે છતાં તેઓ આદ્રસ્ય સંસારમાં વિષયિ સુખ પ્રાપ્ત કરવાને એટલા બધા તલ્લીન થઇ જાય છે કે **પોતે કોણ છે? અહીં શા માટે આવ્યા છે ? પોતાનું ખરૂં કર્તવ્ય શું છે ? અને અંતમાં ક્યાં જવાનું છે ? ?** એના વિચારનો અંશ સરખો પણ પોતાના મનમાં રાખી શકતા નથી. અને જેમ દ્રષ્ટિગોચર ક્ષિતિજનો અંત આવતો નથી તેમ વિષયજન્ય સુખનો પાર પણ પમાતો નથી. ને અંતમાં અનેક પ્રકારના સંતાપમાં તપ્ત થઈ પોતાનું અમૂલ્ય આયુષ્ય ગુમાવી કર્તવ્યભ્રષ્ટ થઇ જેવા આવ્યા તેવા જાય છે. અને સુખાશા ચિત્તમાં રહેલી હોવાથી પુનઃ દુઃખના ડુંગર અને કષ્ટના કાંટાથી ભરેલી આ દુનિયામાં અવતરે છે. ને મરે છે એમ ચક્રની પેઠે ફર્યાંજ કરે છે અને સુખ મેળવવા મથતાં અધિકાધિક દુઃખમાંજ સપડાતા જાય છે. અહા ! ! કેવી દયાજનક સ્થિતિ ? ? પરમાત્મા સર્વને એમાંથી છુટવા સદ્ બુદ્ધિ અર્પો. અસ્તુ.

જેમ આકાશને પૃથ્વી એ બેની એકતા (મળી જવું) રૂપ જણાતી દ્રષ્ટિગોચર ક્ષિતિજ છેજ નહિ કેવળ દેખાવ માત્ર છે. કારણ આકાશને આકાર નથી ને પૃથ્વી આકારવાળી છે તેથી નિરાકાર ને સાકાર એ બેની સંધી કદિપણ થતીજ નથી. તેમ વિષયમાં સાચું સુખ છે નહિ. કારણ વિષય કોઇ એક દેશમાં પૃથ્વીની પેઠે સ્થિત છે ને અમુક પ્રકારના આકારવાળી વસ્તુદ્વારાજ સુખનું-મિથ્યા સુખનું-ભાન કરાવનારા છે અને

સાચું સુખ તો આકાશની પેઠે વિકાર રહિત ને સર્વત્ર વ્યાપક છે તથા અન્ય કોઇપણ પદાર્થની અપેક્ષા વિનાજ તે પોતાનું ભાન આપણને બરાબર આપી શકે છે. વળી જેમ પૃથ્વીને આકાશ કદિપણ સ્પર્શ કરતું નથી તેમ સત્ય સુખ પણ વિષયને અડકવાનું તો શું પણ તેની પાસે સરખું પણ જતું નથી એટલે વિષયમાં સાચું સુખ નથી એટલુંજ નહિ પણ તેમાં તેની છાયા સરખીએ નથી અર્થાત્ વિષયમાં કેવળ દુઃખ જ રહેલું છે અને તેથીજ શાસ્ત્ર આપણને વારંવાર વિષયના સુખનો પરિત્યાગ કરવાનો ઉપદેશ આપે છે અને તેમાં અનેક પ્રકારે વિષયની નિંદા કરવામાં આવી છે. **પ્રાચીન મુનિયોનો** આધુનિક સમયના **અપવાદરૂપ કોઇક વિના** સર્વ પંડિતોના જેવો નિંદા કરવાનો કે દોષનું અવલોકન કરવાનો સ્વભાવ નહોતો કે તે એવા નિચ કાર્યમાં પ્રવેશ કરે. પરંતુ તેતો એવા કોઇ અગમ્ય શિખરે સ્થિત હતા કે ત્યાંથી તેને યત્કિંચિત પણ અશુભનો આભાસ ન થતાં કેવળ સર્વત્ર શુભ શુભ ને શુભજ ભાસતું હતું. તેમ તેઓમાં અદેખાઇનો પણ અંશ નહોતો કે વિષયદ્વારા સુખ ભોક્તાના સુખને તે દેખી શકે નહિ કારણ તે તો પરમ સંતોષીને સર્વને આત્મવત્ જોનારા હતા છતાં તેણે વિષયનો જે ત્યાગ બતાવ્યો છે તથા નિંદા કરી છે તે આપણને સાચા સુખના-અખંડ સુખના-ઉત્તમ લાભને માટેજ કરી છે. જેમ કોઇ બાળક પીતળના અલંકારને સાચા માની તેને ધારણ કરતો હોય તેને તેનો પિતા એ આભૂષણો છોડાવી ઉત્તમ સૂવર્ણના હીરા માણેકથી રચેલા અલંકારો આપે તે તેના વ્યવહારિક હિતને ખાતરજ તેમ **પ્રાચીન મુનિયો** તો તેના કરતાં પણ આપણા અધિક હિત કરતા છે, કારણ પિતાએ જે અલંકાર પુત્રને આપ્યા તે સાચવવાના દુઃખરૂપ, શરીરપર ભારરૂપ, અને નાશ પામી જવાવાળા છે. પણ ઉત્તમ ઋષિઓ તરફથી પ્રાપ્ત થનારૂં નિરતિશય સુખ, કોઇપણ પ્રકારની ઉપાધિ વિનાનું ને અવિનાશી છે. માટે તેને અવશ્ય ગ્રહણ કરવું જોઇએ.

વસ્તુ જેમ ઉત્તમ હોય છે તેમ તેની કીમત પણ અધિક હોય છે ને મૂલ્ય આપ્યા વિના પદાર્થ મળતો નથી તેમ અખંડ સુખ પણ અતિ ઉત્તમ છે. તેથી તેને માટે પણ અનેક મૂલ્યવાન ગણાતા પદાર્થોનો ભોગ આપવો જોઇએ ત્યારેજ તે પ્રાપ્ત થાય છે. ને અહીં સર્વ કોઇ સુખને માટેજ જીવે છે ને તેનેજ પ્રાપ્ત કરવા મથે છે. તો જે કિંમત થાય તે આપીને પણ ગ્રહણ કરવુંજ જોઇએ એવા નિશ્ચયપર આવ્યા

પછી વિચાર એ થાય છે કે પણ એ સત્યસુખની કીમત શી? અને તેને આંકનાર કોણ? તો તેનો ઉત્તર એજ છે કે હીરાની કીંમત જેમ ઝવેરી પોતાના નેત્રના નિત્યના અભ્યાસથી આંકે છે તેમ અખંડ સુખનું મૂલ્ય પણ **શ્રીસદ્‌ગુરૂ** પોતાના નિત્યના શાસ્ત્ર અભ્યાસથી પરીપકવ થયેલી અનુભવ દ્રષ્ટિથી આંકે છે—નક્કી કરે છે. ને તે પ્રમાણે મૂલ્ય આપનાર અવશ્ય અખંડ સુખને મેળવે છે. અસ્તુ.

સત્ય સુખ, તેનો અધિકારી, ને આપવાનુ મૂલ્ય એ સર્વ બાબતો આ **વેદાન્તસાર**માં બરાબર જણાવવામાં આવી છે. માત્ર તેમાં પરમ શાન્ત, નિર્લોભી અને સમદ્રષ્ટિવાન **શ્રીસદ્‌ગુરૂની** અપેક્ષા છે અર્થાત્ ગુરૂદ્વારા અભ્યાસ કરનાર વ્યકિત તે પ્રમાણે આચરણ કરતાં સત્ય સુખનો જરૂર અનુભવ કરી શકે છે.

ત્રિગુણાત્મિકા અવિદ્યાનું કાર્ય અંતઃકરણ છે ને તે ત્રણ ગુણના ભિન્ન ભિન્ન અસંખ્ય મિશ્રણોથી રચાયું છે તથા ત્રિગુણાત્મક સ્રષ્ટિની પ્રકૃતિઓની અસંખ્ય વિકૃતિઓના અસંખ્ય સંસ્કાર તેના ઉપર થાય છે તેથી અધિકારમાં અનેક પ્રકારની ભિન્નતા ઉદ્‌ભવે છે. આ રચનાને ધ્યાનમાં રાખીને અનેક માહાત્માઓએ અસંખ્ય પ્રકારના અપાર ગ્રંથો ગુંથ્યા છે કે જેમાંથી કોઇ ભાગ કોઇ અંતઃકરણને રૂચી જતાં તેનું અવલંબન લઇ તે આગળ વધી સાચા સુખને અનુભવે આ રહસ્યને યથાર્થ સમજનારા સજ્જનો વા સાધુઓ કદિપણ કોઇ ધર્મ ઉપર કદાપિ આક્ષેપ કરતા નથી અગર અમુક સારૂં ને અમુક નઠારૂં એમ પણ વદતા નથી. પરંતુ સમતા બતાવતાં ને અવિરોધતાને સ્થાપન કરતા તે તો એમજ કહે છે કે જે જે સમયે જે કાંઇ છે તે હરકોઈ વ્યકિતની ઉન્નતિ નિમિત્ત કુદરતે સર્જેલું હોવાથી અતિ ઉત્તમ ને ઉપયોગીજ છે. એવા પ્રકારે જોનારાજ અધિકારનો પણ નિર્ણય કરી શકે છે. માટે તેમની પાસે જઇ પોતાનો અધિકારી સમજી તે પ્રમાણે સુખ પ્રાપ્તિ માટે કટી બદ્ધ થવું જોઇએ.

આજકાલ ધર્મને નામે પોતાનો સમગ્ર વ્યાપાર ચલાવનારા અને જલદી જ્ઞાન આપી સંસારનું મિથ્યાત્વ સમજાવી **ગુરવોબહવઃસન્તિ શિષ્યવિત્તાપહારકાः**" શિષ્યના ધનને હરણ કરનારા ગુરૂઓ તો અપાર છે અને તેવાની પાસે હરેક પુરૂષો તેનો બહિરત્યાગ જોઇને જાય છે. પછી તે વેદાંન્ત સિદ્ધાંતે જે "**જીવોબ્રહ્મૈવનાપરः**" જીવ

એજ બ્રહ્મ છે બીજુ કાંઇ નથી સમજાવી મુકે છે તેથી તથા હરેક પુરૂષને "**પોતે ઉતમ વર્ગમાં છે**" એવું માનવાની સ્વભાવિક વૃત્તિ હોય છે તેને અધિક ટેકો મળતાં આરોહક્રમને પડતો મુકી એકદમ શિખરેજ પોતાને સ્થિત સમજી પોતાને હવે કંઇ પણ કર્તવ્ય, જ્ઞાતવ્ય, કે પ્રાપ્તવ્ય નથી એમ સમજી સર્વને ત્યજી બેસે છે. એટલે પરિણામ ઉલટુંજ આવે છે. કારણ કે જે વર્ગમાં આપણે ન હોઇએ અથવા તે વર્ગમાં ગણાતી યોગ્યતા આપણામાં ન આવી હોય તોપણ તે વર્ગમાં કલ્પિ, ગણના માની લેવાથી કોઇ પ્રકારનો લાભ નથી પરંતુ હાનિજ થાય છે. કારણ ઉચ્ચ વર્ગના ગુણો નહોવાથી તેમાં કથેલો અનુભવ આવતો નથી અને જે સ્થળમાં આપણી સ્થિતિ છે તેમાં રહેવાતું નથી એટલે ઉભયભ્રષ્ટ થવાય છે માટે વિચારવાને એકદમ પાચમી, છઠ્ઠી કે સાતમી, ભૂમિકાનો દાવો ન બાંત્રતાં અગર પોતાને તેમાં ન માની લેતાં "**गुरवोविरलाः सन्ति शिष्यसंतापहारकाः**" શિષ્ય સંતાપને હરવાવાળા કોઇ વિરલા ગુરૂને શરણે જઇ પ્રથમ, બીજી, કે ત્રીજી ભૂમિકામાંથી પોતાની સ્થિતિ સમજી તે સ્થળનાં કર્તવ્ય, પ્રાપ્તવ્યને જ્ઞાતવ્ય સમજી ક્રમથી આગળ વધવું યાદ રાખજો કે "થોડે કોળીએ ઘણું જમાય છે. અને આખો લાડુ મુખમાં ઘાલવાથી જમાતુ પણ નથી ને તૃપ્તિ પણ અનુભવાતી નથી.

અગાધ શકિતમત સર્વજ્ઞેશ્વરની સૃષ્ટિમાં કોઇપણ બાબતનો તોટો નથી સર્વ પદાર્થો સમગ્ર સ્થળે અપાર ભરેલા છે. પરંતુ યોગ્ય અધિકાર વિના તે પ્રાપ્ત થતા નથી પદાર્થ પ્રાપ્તિ પરત્વે યોગ્ય અધિકારની અનિવાર્ય અને પૂર્ણ અપેક્ષા છે કારણ કે અધિકારી અનુસાર ફળોદય થાય છે. જળ સમૂળ વૃક્ષ સાથે મળી તેને સજીવ ને પુષ્ટ બનાવે છે અને નિર્મૂળ વૃક્ષને કોહરાવી નાશ કરે છે તેમજ શુદ્ધ જળ મીષ્ટ છતાં લીંબડામાં મળવાથી કટુ, લીંબુમાં મળવાથી ખાટું, મરચામાં મળવાથી તીખું, સમુદ્રમાં મળવાથી ખારૂં, શેરડીમાં મળવાથી ગળ્યું એમ અધિકારીની તાર તમ્યતાને લઇ અનેક સ્વરૂપે જળ ફલ રૂપે ભાસે છે. તેમ અધિકારીમાં પણ થાય છે. તેથી પોતાનો અધિકાર સમજીનેજ વસ્તુને સદ્‌ગુરૂ દ્વારા ગ્રહણ કરવી તેમ જો ન કરવામાં આવે ને કેવળ **અહંબ્રહ્માસ્મિ** બોલી બેશી રહેવામાં આવે તો કોઇ કાર્ય સિદ્ધ થતુંજ નથી શ્રી પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રીમદ જગદ્‌ગુરૂ શંકરાચાર્ય સ્વામી

પણ કહે છે કે "**नगच्छति विनापानं व्याधि रौषधशब्दत: । विनापरोक्षानुभवंब्रह्म शब्दैर्नमुच्यते**" જેમ ઔષધનું પાન કર્યા વિના કેવળ તેનું નામ લેવા વડે કરીને થએલો રોગ નિવૃત્ત થતો નથી તેમ અપરોક્ષ અનુભવ થયા વિના કેવળ બ્રહ્મ, બ્રહ્મ, એવા વૃથા શબ્દોચ્ચારથી મુક્તિ મળતી નથી માટે ઔષધ પીવારૂપ વિષય રાગનો પરિત્યાગ કરવાથીજ જ્ઞાનમાં આગળ વધાય છે ને તે કાર્ય ક્રમ પૂર્વક કરવાથીજ ઉત્તમો ઉત્તમ થાય છે કારણ વેદાન્ત સિદ્ધાંત બહુ બારીક છે માટે ઉતાવળ કામ આવે તેમ નથીજ નથી.

જે સુખ નિરતિશય છે, અચળ છે, તેને યથાર્થ સમજાવનાર વેદાન્ત છે. આજના સમયમાં જો કે વિશેષ એવું જણાય છે કે કાંતો વેદને નામે કહેવામાં આવે તો કેટલાએક તુર્ત માની લેછે અને કાંતો અમુક પ્રોફેસરનું કથન આવું છે તો તે સ્વિકારી લે છે. તો અનેક પ્રોફેસરો વેદાન્તને માનથી નમે છે એટલુંજ નહિ પણ પોતાના જીવનું આશ્વાસન ગણે છે એટલે તેઓનું અનુકરણ કરનારાઓને તો વેદાન્ત શબ્દ માન્ય હોવાજ જોઇએ તેમજ વેદને માનનારા છે તેને પણ એજ જવાબ છે કે વેદોરૂપ કલ્પ તરૂનું વેદાન્ત એ ફલ છે અથવા વેદરૂપ કામ ધેનુનું અલૌકિક દુધ છે કારણ શ્રી રામચંદ્રજી પોતાના પ્રિય ભક્ત હનુમાન પ્રતિ મુક્તિકોપનિષદમાં કહે છે. કે "**तिलेषु तैलवद्वेदे वेदान्तः सुप्रतिष्ठितः**" વેદોરૂપ તલમાં તેનાં સાર તેલ રૂપ વેદાન્ત રહેલું છે એટલે વેદાનુયાયિને પણ માન્યજ કરે છે. તો તેનો એજ સિધ્ધાંત છે કે કારણ સહિત જગત્નિ વૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિ તેજ સાચું સુખ છે તો યથાર્થ સુખેચ્છકે આ વેદાન્ત સારને વાંચવો જોઇએ પણ તે સ્થળમાં એક સુચના આપવાની છે કે " વાંચે પણ નહિ કરે વિચાર તે સમજે નહિ સઘળોસાર " માટે વિચારવો જોઇએ.

કેટલીએક વ્યક્તિઓની એવી ટેવ હોય છે કે પોતાની બુદ્ધિમાં ન ઉત્તરે તે અસત્ય એમ સમજી પછી જે ઉત્તમોતમ સાર તત્વ હોય તેનાથી પણ વિમુખ રહે છે પરંતુ જો તેઓ પોતાનું શ્રેય ઇચ્છતી હોય તો તેમણે પોતાનાથી ન સમજાય તેને અસત્ય ન માની લેતાં પોતાનાથી કોઇ અધિક બુધ્ધિ માનને પુછી તેની પાસેથી જાણી લેવું જોઇએ તેમાં વેદાન્ત વિષય તો અવશ્ય શ્રોત્રિય અને બ્રહ્મ નિષ્ઠ શ્રી સદ

ગુરૂદ્વારાજ વિચારવો જોઇએ. કારણ કે મહા સિદ્ધાંત અને વિચાર સામાન્ય બુદ્ધિમાં ઉતરી શકતા નથી અને વિપરીત દેખાય છે એટલુજ નહિ પણ સારા બુદ્ધિમાનને પણ લક્ષ પૂર્વક તેનું જ્ઞાન મેળવતાં સુધી તેમાં વિલક્ષણતા જણાય છે. અને તેથીજ શ્રી કૃષ્ણ પરમાત્માએ કહ્યું છે કે કોઇ તેને આશ્ચર્યરૂપ જાણે છે, કોઇ તેને આશ્ચર્ય રૂપે કથે છે ને કોઇ તેને આશ્ચર્યરૂપે બીજા પ્રતિ કહે છે તે તેની વિલક્ષણતા બતાવવા જ છે માટેજ શ્રી નિશ્ચળદાસ પણ વિચાર સાગરમાં કહે છે કે "ગુરૂ વિન વેદ ઉદધિ લહે લાગે લવણ સમાન માટે ગુરૂદ્વારાજ વિચાર કરવા.

શાસ્ત્ર અજ્ઞાત જ્ઞાપક ને અપૂર્વ બોધક હોય છે. જે વાત સામાન્ય બુદ્ધિ પણ જાણતી હોય તેજ વાત વેદ કહે તો પછી તેમાં વિશેષ શું? ? પરંતુ એમ નથી છતાં કેટલાએક આગ્રહી પુરૂષો ભેદ વાદિ શ્રુતિના મચરડીને કરેલા અર્થને વળગી એમજ માને છે કે જીવ તે બ્રહ્મ થતોજ નથી અને મુકત થયા પછી પુનઃ જન્મે છે એ વૃથા આગ્રહજ છે. જીવ બ્રહ્મથી પ્રથક્ છે તે સર્વ કોઇ જાણે છે તેમાં વેદની મહત્તા શી ? પણ તેમ નથી વેદ તો અભેદનેજ પ્રતિ પાદન કરે છે. ને એ અપૂર્વ બોધક પણાથીજ તેમની મહત્તા છે ને સર્વ કોઇ તેના તરફ માનની દ્રષ્ટિથી જુએ છે. કોઇ સામાન્ય બુદ્ધિવાળાને પુછીએ કે પ્રકાશનો વેગ કેટલો તો તે હસશે કેવળ પ્રકાશનું તે માપ હોય પણ હાલના શોધકોએ નિશ્ચય કર્યો છે કે પ્રકાશનો વેગ એક સેંકડમાં (૧૮૬૦૦૦) એક લાખને છીયાશી હજાર માઇલ છે. એ વાત સામાન્ય માણસ માનશે અથવા તેની બુદ્ધિમાં પણ ઉતરશે કે એ માપ શી રીતે કાઢયું ? તો શું તેથી તે જુઠું ઠરશે ? કદિ નહિ. તેમ વેદાન્તનો ગહન અભેદ સિદ્ધાંત કોઇની મતિમાં ન ઠરે તેથી શું તે મિથ્યા છે ? ? કદિ પણ નહિ. અનેક પ્રકારની આફતો રૂપ મહાન વાદળ તેના પરવરસી ગયાં પણ તેની એક કાંકરી ખસી નથી તેતો જેવોને તેવો સનાતનજ છે. માટે તેની અપૂર્વતા યથાર્થ સમજાય ત્યાં પર્યંત તેને ફરી ફરી વાંચવો એમ નહિ પણ વિચારવો.

સત્ય સુખને પ્રથમ સમજવા, ને પછી પ્રાપ્ત કરવા માટે યોગ્યતાની અનિવાર્ય અગત્ય છે. અને તે યોગ્યતા માટે અનેક કર્તવ્ય, અનેક જ્ઞાતવ્ય ને અનેક પ્રાપ્તવ્ય ની જરૂર છે. અને પુરૂષ પ્રયત્ન

નુસાર તેની સિદ્ધિ થાય છે તો સુખેપ્સિતે મુખ્યત્વે કરીને, પ્રભુપ્રસાદ નિષ્કામ સતધર્મ કર્મ, અધ્યાત્મ શાસ્ત્રનું શ્રવણ, મનનને નિદિધ્યાસના અને સત્સંગ અવશ્યકર્તવ્ય છે. જીવને ઇશ્વર, જગત્ ને માયા, તથા તત્ત્વને અતત્ત્વ તેમાં શું ગૃહણ કરવા યોગ્ય છે ? ને કયું ત્યાગ કરવાનું છે તેની યથાર્થ સમજણ માટે તે અવશ્ય જ્ઞાતવ્ય છે અંતરંગને બહિરંગ સર્વ સાધનોનું અંતિમ ફલ જે એક અખંડ અભેદ બ્રહ્મ તત્ત્વ તે અવશ્ય પ્રાપ્તવ્ય છે અને સર્વ પ્રકારની એષણાઓનો ત્યાગ તે એનું મૂલ્ય છે એ પ્રથમથી યથાર્થ આપનારને સાચું સુખ અવશ્ય મળેજ છે. અસ્તુ. ૐ ૐ ૐ ૐ ૐ

સર્વત્ર એક ઇશ્વરજ છે. "માણુસ માત્ર ભૂલને પાત્ર" એ કથનાનુસાર કદિ અનુવાદ કરવામાં કોઇ સ્થળે દ્રષ્ટિ દોષ, કોઇ સ્થળે હસ્તદોષ આદિ અનેક સ્થલમાં બનતાં સુધી યથાર્થ કાળજી રાખી છે છતાં થયાં હશે તો સજ્જન વૃંદો ગુણગ્રાહક દ્રષ્ટિથી તેને સુધારી વાંચી સાર ગ્રહણ કરશે એમ વિજ્ઞપ્તિ છે. કારણ સજ્જન એ મોટા કહેવાય છે અને તેમનો કુદરતિજ એ સ્વભાવ હોય છે કે તે પોતાના જેવાજ સર્વને કરવા ઇચ્છતા હોય છે તેથી દરેક આગળ વધવા પ્રયત્ન કરનારાને તેના પ્રયત્નમાં અધિક ઉત્સાહ વધે માટે અનેક પ્રકારની જોગવાઇ કરી આપે છે અને "असारात् सारमुद्धरेत्" અસારમાંથી પણ સાર ગ્રહણ કરવો એ તેમનો સિદ્ધાંત હોવાથી ને તેમનું હૃદય શુદ્ધ હોવાથી ગમે ત્યાંથી સાર શોધી તેને વખાણે છે તેથી અભ્યાસીના મનમાં આનંદ આવે છે ને પુનઃ બીજી વખત પોતાના કાર્યને ઉત્તમ કહેવરાવવા તે અધિક ઉમંગ ધરે છે અને વધારે સારૂં ખામી વગરનું ઉત્તમ કરે છે. એવા સજ્જનોનો આશય હોવાથી તેમને તો કેવળ વિજ્ઞપ્તિ કરીનેજ વીરમું છું.

પણ કેટલાએક હિતસ્વિયો—કે જેમનો ભૂલો શોધી કાઢીનેજ બતાવવાનો સ્વભાવ હોય છે તેઓ તરફથી યોગ્ય સૂચના મળતાં પુનરાવૃત્તિનો પ્રસંગ પ્રાપ્ત થતાં સુધારવાની કાળજી રાખીશ અને આ વખત તેમની દ્રષ્ટિમાં આવેલાં સ્ખલનો માટે તેમની માફી ચાહું છું. એમ સર્વને અભ્યર્થના કરી શ્રી પરમાત્મ ઇચ્છાથી નિમિત ભૂત થયેલો હું (અનુવાદક) આ પ્રસ્તાવનાનો અંત લાવતાં કર્તૃત્વનું અભિમાન ત્યાગી રાગ દ્વેષથી રહિત થઇ પરમાત્મ પ્રતિ આંતર વૃત્તિ પૂર્વક પ્રાર્થના કરૂં

છું કે "सर्वत्र सुखिनः सन्तु सर्वेसन्तुनिरामयाः सर्वेभद्राणि पश्यन्तु माकश्चिद् दुःखमाप्नुयात्" સર્વ જીવાત્માઓ અત્ર સુખી થાઓ અને પ્રાણી માત્ર નિરોગી બનો ને સર્વ પોતાના કલ્યાણને જુઓ કોઇને કંઇપણ દુઃખ પ્રાપ્ત ન થાઓ. અસ્તુ ૐ-शान्तिः शान्तिः शान्तिः

શ્રીશાણેશ્વર મહાદેવ શ્રી ચંદન
લક્ષ્મીપાડ શાળા સંવત ૧૯૬૭
વૈશાખમાસ श्रीशंकरजयंति.

અનુવાદક,
यति मुकुन्दाश्रम—

॥ तत्सत्परमात्मनेनमः ॥

॥ श्री वेदान्तसार ॥

"અનુવાદક કૃત"

મંગલાચરણ.

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्यपूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः

ભાવાર્થ—આ પૂર્ણ છે એટલે–આ **तत्** (ઈશ્વર) પદનો લક્ષ્યાર્થરૂપ જે અખિલોપાધિવિનિર્મુક્ત ચેતન તે પૂર્ણ નામ સર્વત્ર વ્યાપક છે ને આ એટલે **त्वं** (જીવ) પદનો લક્ષ્યાર્થ જે અવિદ્યારૂપ ઉપાધિથી રહિત ચેતન તે પણ **બ્રહ્મરૂપ** હોવાથી પૂર્ણ નામ નિરતિશય વ્યાપક છે અને પૂર્ણ એટલે **કારણબ્રહ્મ** (માયા વિશિષ્ટ ચેતન) થી પૂર્ણ નામ **કાર્યબ્રહ્મ** (સૂક્ષ્મ શરીરોની સમષ્ટિ વિશિષ્ટ ચેતન) ઉત્કૃષ્ટ અર્થાત વિશેષ સ્પષ્ટ થાય છે ને તેનાથી વિરાટ્ વધારે સ્પષ્ટ થાય છે વળી પૂર્ણ એટલે કાર્યબ્રહ્મના **अस्ति, भाति,** ને **प्रिय**રૂપ પૂર્ણ ભાવને લઈને આત્યંતિક પ્રલય–જ્ઞાન વડે થનારી કારણ સહિત કાર્યની આત્યંતિક નિવૃત્તિ–ના સમયમાં પૂર્ણ નામ સચ્ચિદાનંદજ અવશેષ રહે છે. ॐ શાન્તિ[1] થાઓ શાન્તિ થાઓ શાન્તિ થાઓ. અસ્તુ.

---

૧. શાન્તિ થાઓ એમ ત્રણ વખત કહેવામાં આ ગ્રંથનું અધ્યયન કરનારાઓના આધ્યાત્મિકાદિ ત્રય તાપોની નિવૃત્તિ કરવા માટે પરમ કૃપાળુ પરમાત્માની પ્રાર્થના રૂપજ મુખ્ય આશય છે.

સોરઠો.

શ્રી ગુરૂપાદદિનેશ, હરો ધ્વાંત[1] મમ હૃદયનું
શમન થવા સૌ ક્લેશ, વદું સાર વેદાન્તનો

અથ મૂલ ગ્રંથકારકૃત મંગલાચરણ તથા ગ્રંથારંભ—

॥ ॐ ॥

अखण्डं सच्चिदानन्द मवाङ्मनसगोचरम् ।
आत्मानमखिलाधार माश्रयेऽभीष्ट सिद्धये ॥ १ ॥

ભા૦—અખિલ ચરાચરાત્મક પ્રપંચના વિવર્ત્તાધિષ્ઠાન રૂપ અને વાણી તથા મનથી પર જે **પૂર્ણબ્રહ્મ સચ્ચિદાનંદ** છે તેનો મારા અભીષ્ટ કાર્યની સિદ્ધિ માટે આશ્રય કરૂં છું. (૧)

अर्थतोऽप्यद्वयानन्द मतीतद्वैतभानतः ।
गुरुनाराध्य वेदान्तसारं वक्ष्ये यथामति ॥ २ ॥

ભા૦—યદ્યપિ સદ્‌ગુરૂ **પરમાત્મા** અભિન્ન છે તેથી **પરમાત્માને** જે નમસ્કાર કર્યો તે **શ્રી સદ્‌ગુરૂનેજ** છે તથાપિ **यस्य देवे पराभक्ति र्यथा देवे तथा गुरौ । तस्यै ते कथिताह्यर्थाः प्रकाशंते महात्मनः ॥** અર્થ—જે પુરૂષની **દેવને** વિષે શ્રેષ્ટ ભક્તિ હોય અને જેવી **ઇશ્વરમાં** ભક્તિ તેવીજ પોતાના ઇષ્ટ **શ્રી સદ્‌ગુરૂને** વિષે પણ હોય તે મહાત્મા સજ્જનને કહેલો અર્થ પ્રકાશ થાય **છે–સ્પષ્ટ** સમજાય છે–એ શ્રુતિ પ્રતિપાદિત આધારથી, કર્તા પોતાના ઇષ્ટ ને પ્રથક્ નમસ્કાર કરતાં કહે છે કે જેને કદાપિ દ્વૈત ભાન થતું નથી એવા અદ્વૈત સ્વરૂપ **अद्वयानंद** નામવાળા **શ્રીગુરૂ** દેવને નમસ્કાર કરીને **વેદાન્તશાસ્ત્રના** સારભૂત **વેદાન્તસાર** નામે ગ્રંથને યથામતિ બનાવું છું. (૨)

वेदान्तो नाम उपनिषत्प्रमाणम् ।
तदुपकारीणि शारीरकसूत्रादीनिच ॥ ३ ॥

---

૧. અંધારૂ (અવિદ્યા)

ભા૦—સ્વત: સિદ્ધ પ્રમાણુ સ્વરૂપ ઉપનિષદોનું નામ **વેદાન્ત** છે અને ઉપનિષદ શબ્દનો અર્થ કરતાં એક આચાર્યક કહે છે કે-**उपनीये ममात्मानं ब्रह्मापास्तद्वयंततः । निहन्य विद्यां तज्जं च तस्मादुपानिषन्मता ॥** અર્થ--બ્રહ્મને વિષે માલૂમ પડતા દ્વૈતનો નાશ કરી આત્મા અને બ્રહ્મનું ઐક્ય કરાવનાર તથા અવિદ્યા-અજ્ઞાનનો-નાશ કરનાર ઉપનિષદ કહેવાય છે. તે પ્રમાણરૂપ ઉપનિષદોને અનુકૂલ મીમાંસા રૂપ શારીરક સૂત્ર તથા ભગવદ્ગીતાદિ અધ્યાત્મ શાસ્ત્ર છે તે પણ **વેદાન્ત** નામથીજ કહેવાય છે. (૩)

अस्य वेदान्त प्रकरणत्वा त्तदीयैरेवानुबन्धै ।
स्तद्वत्ता सिद्धेर्नते पृथगालोचनीयाः ॥ ४ ॥

ભા૦—આ ગ્રંથ વેદશાસ્ત્રાન્તર્ગત હોવાથી વેદાન્ત શાસ્ત્રના અન્ય ગ્રંથોનું અધ્યયન કરવાથી જે ફલ થાય છે તેજ ફલ-મોક્ષ-આ **શ્રી વેદાન્તસાર** ના અભ્યાસથી પણ મળે છે તેથી વેદાન્તના અન્ય ગ્રંથોમાંજે ચાર **અનુબંધ (अधिकारी, विषय, सम्बन्ध, प्रयोजन,)** કહેલ છે તે દ્વારાજ આ ગ્રંથના **અનુબંધ**ની કાર્ય સિદ્ધિ થઇ જાય છે તે કારણથી **અનુબંધ**ના વિશેષ વિચારનું આ સ્થળમાં કાંઇ પ્રયોજન નથી માટે તેનું સામાન્ય સ્વરૂપ આગળ કહેવામાં આવે છે. (૪)

तत्रानुबन्धो नाम अधिकारि विषय सम्बन्ध प्रयोजनानि ॥५॥

ભા૦—**અધિકારી, વિષય, સંબંધ,** ને **પ્રયોજન** એનેજ વેદાન્તમાં **અનુબન્ધચતુષ્ટય** કહે છે આ ચાર અનુબંધ દ્વારાજ વેદાન્ત શાસ્ત્ર પ્રવૃત્ત થાય છે (૫)

अधिकारीतु विधिवदधीत वेदवेदाङ्गत्वे ना पाततोऽधिगताखिलवेदार्थोऽस्मिन् जन्मनी जन्मान्तरेवा काम्य निषिद्ध वर्जन पुरःसरं नित्यनैमित्तिक प्रायाश्चित्तोपासनाऽनुष्ठानेन निर्गत निखिलकल्मषतया नितान्त निर्मलस्वान्तःसाधन चतुष्टय सम्पन्नः प्रमताधिकारी ॥ ६ ॥

ભા૦—**અનુબંધચતુષ્ટય**માંથી પ્રથમ **અધિકારી**નાં લક્ષણ કહે છે કે (**स्वाध्यायोऽध्येतव्य**:-સર્વદા સ્વાધ્યાયાચરણ કરવું જોઇએ)

એ પ્રમાણે વેદોક્ત વિધિ વાક્યાનુસાર જેને વેદ (ऋक्, यजुः, साम, अथर्व,) વેદાંગ (શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરૂક્ત, છંદ-પિંગળ,-જ્યોતિષ,) અધ્યયન થઇને સામાન્યતઃ સકલ વેદાર્થ પ્રાપ્ત થઇ ગયો છે તથા જેનું અંતઃકરણ આ જન્મમાં તથા જન્માંતરમાં કામ્ય અને નિષિદ્ધ કર્મના પરિત્યાગ પૂર્વક નિત્ય, નૈમિત્તિક, પ્રાયશ્ચિત્ત અને ઉપાસનાદિ કાર્યોના અનુષ્ઠાન કરવાથી સંપૂર્ણ પાપોનો નાશ થઇ અત્યંત નિર્મલ થઇ ગયું છે, તથા જે પુરૂષ[1] સાધન ચતુષ્ટય સંપન્ન છે તે ઇશ્વર તત્ત્વના વિચાર કરવામાં અર્થાત વેદાન્ત શાસ્ત્રમાં અધિકારી થાય છે. (૬)

काम्यानि स्वर्गादीष्ट साधनानि ज्योतिष्टोमादीनि ॥ निषिद्धानि नरकाद्यनिष्ट साधनानि ब्रह्महनना दीनि ॥ नित्यानि अकरणे प्रत्यवाय साधनानि सन्ध्या वन्दना दीनि ॥ नैमित्तिकानि पुत्र जन्माद्यनु बन्धीनि जातेष्ट्या दीनि ॥ प्रायश्चित्तानि पाप क्षय मात्र साधनानि चान्द्राय-णादीनि ॥ उपासनानि सगुणब्रह्म विषयक मानस व्यापार रूपाणि शाण्डिल्य विद्यादीनि ॥ एतेषां नित्यादीनां बुद्धि शुद्धिः परं प्रयोजनम् ॥ उपासनानान्तु चित्तैकाग्र्यम् ॥ "तमेतमात्मानं वेदानु वचनेन ब्राह्मणा विविदिषन्ति यज्ञेन" इत्यादिश्रुतेः "तपसा कल्मषं हन्ति" इत्यादि स्मृतेश्च । नित्य नैमित्तिक योरुपासनानाञ्च अवान्तर फलं पितृलोक सत्यलोक प्राप्तिः "कर्म्मणा पितृलोको विद्यया देवलोकः" इत्यादि श्रुतेः ॥ ७ ॥

ભાષા—સ્વર્ગાદિ સુખપ્રાપ્તિના કારણરૂપ—અગ્નિષ્ટોમાદિ યજ્ઞનું નામ કામ્યકર્મ છે, અને નરકાદિ દુઃખ ભોગના સાધનરૂપ—બ્રાહ્મણ

૧—પુરૂષ="પુર" નામ મનુષ્ય શરીર તેમાં 'ઉષતિ' નામ અહમ્-આકારે વસે છે એથી પુરૂષ. એ શબ્દમાં નરનારી આદિ સર્વ જીવ ગણાય છે. સાધન ચતુષ્ટય સંપન્ન પ્રમાતા (સાભાસ અંતઃકરણ વિશિષ્ટ ચેતન) વેદાન્તનાં અધિકારી છે. પછી તે ગમે તે હોય તોપણ તેને પુરૂષ કહે છે.

વધાદિ **નિષિદ્ધ કર્મ** કહેવાય છે. જેનાં નકરવા વડે કરીને અનેક પ્રકારનાં પાપો ઉત્પન્ન થાય એવાં સંધ્યાવંદનાદિ **નિત્યકર્મ** નામે બોલાય છે. પુત્રોત્પત્તિ આદિ કર્મના ઉદ્દેશથી કરવામાં આવે એવાં જાતેષ્ટિ આદિ કાર્યોને **નૈમિત્તિક કર્મ** વદાય છે.

જેના કરવાથી પાપોનો નાશ થાય એવાં ચાન્દ્રાયણાદિ વ્રત **પ્રાયશ્ચિત્ત કર્મ** નામે ઉચારાય છે.

સગુણ બ્રહ્મ વિષયક ચિત્તની એકાગ્રતારૂપ શાન્તિ આદિ વિદ્યા (શાંડિલ્ય વિદ્યા) ને **ઉપાસના** નામે કથન કરાય છે.

ઉપરોક્ત **નિત્ય, નૈમિત્તિક,** ને **પ્રાયશ્ચિત્ત** એ કર્મોનું કેવલ નિષ્કામતાએ ચિત્તશુદ્ધિમાંજ પ્રયોજન છે, અને ઉપાસનાનો મુખ્ય હેતુ ચિત્તની એકાગ્રતાના નિમિત્ત છે. તેથી જ્યારે અંતઃકરણની નિર્મળતા થઇ જાય છે ત્યાર પછી પ્રથમ કહેલાં **નિત્ય** આદિ કાર્યોનું કંઇ પ્રયોજન રહેતું નથી. એ વિષયમાં **શ્રુતિનું** મૂળમાં જે પ્રમાણ આપ્યું છે તેનો અર્થ એ છે જે—"વેદ ભણવા, યજ્ઞ કરવા, તપ કરવા, અને અનશન (ચાંદ્રાયણ) આદિવ્રત નિષ્કામ બુદ્ધિથી કર્યા પછી બ્રાહ્મણ ગણ પરમાત્માને જાણવાની ઇચ્છા કરે છે" તેમજ **સ્મૃતિનું** પણ પ્રમાણ છે કે—"તપ કરવા વડે અનેક પાપોનો નાશ થાય છે."

વળી **નિત્ય, નૈમિત્તિક,** ને **ઉપાસનાનું** સકામ બુદ્ધિએ કરવાથી અવાંતર ફલ પણ **શ્રુતિમાં** કહેવામાં આવ્યું છે કે—"**કર્મદ્વારા** પિતૃલોકની પ્રાપ્તિ થાય છે અને **તપસ્યા** તથા **ઉપાસના** દ્વારા દેવલોક મળે છે. (૭)

साधनानि नित्यानित्य वस्तु विवेकेहा मुत्रफल भोग विराग शमदमादि सम्पत्ति मुमुक्षुत्वानि ॥ ८ ॥

ભા૦—ઉપર કથન કર્યા પ્રમાણે નિષ્કામ બુદ્ધિએ **કર્મ** કરવાથી જેના અંતઃકરણનો **મળદોષ** અને ઉપાસના કરવાથી **વિક્ષેપ દોષ** નાશ પામી ગયો છે અને **અજ્ઞાન સહિત સાધન ચતુષ્ટય સમ્પન્ન** છે એવા અધિકારીને કથન કર્યા પછી **સાધન ચતુષ્ટયને** બતાવે છે કે—

નિત્ય અને અનિત્ય વસ્તુનો વિચાર તે વિવેક, આ લોકનાં અને પરલોકનાં ફલ ભોગવવાની ઇચ્છા ન કરવી એ વિરાગ શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, સમાધાન, શ્રદ્ધા, એ સાધન સમ્પત્તિ ને મુમુક્ષુત્વ (મોક્ષની ઇચ્છા થવી) એ સાધન ચતુષ્ટય કહેવાય છે. (૮)

नित्यानित्य वस्तु विवेकस्तावब्द्रह्मैव नित्यं वस्तु ततोऽन्य दखिल मनित्य मिति विवेचनम् ॥ ९ ॥

ભા૦—પૂર્વોકત સાધન ચતુષ્ટયમાંના પ્રથમ અંશ વિવેકનું વિવેચન કરતાં કહે છે કે—આ સંસારમાં કેવલ બ્રહ્મજ નિત્ય છે. અને તેનાથી ભિન્ન દ્રશ્ય તથા અદ્રશ્ય સમગ્ર વસ્તુઓ અનિત્ય છે એ પ્રકારના વિચારને "नित्यानित्य वस्तु विवेक" કહે છે. (૯)

ऐहिकानां स्त्रक्चन्दनादि विषय भोगानां कर्म्मजन्य तया अनित्यत्ववदामुष्मिकानामप्यमृतादि विषयभोगनामनित्यतयातेभ्योनितरां विरतिरिहामुत्र फलभोग विरागः ॥ १० ॥

ભા૦—જેવી રીતે કર્માનુસાર પ્રાપ્ત થવાવાલા આ સંસારના માલા, ચંદનાદિ ભોગ મિથ્યા છે તેજ પ્રકારે મળવાવાળા પરલોક (સ્વર્ગાદિ) ના અમૃતાદિક ભોગ પણ અનિત્ય છે એ પ્રકારે બન્ને લોકના ભોગની ઇચ્છાની નિવૃત્તિજ કલ્યાણ કરવા વાળી છે એવા પ્રકારની બુદ્ધિને "इहामुत्र फलभोग विराग" કહે છે (૧૦)

शमदमादयस्तु शमदमोपरति तितिक्षा समाधान श्रद्धाः ॥ ११ ॥

ભા૦—હવે શમદમાદિકનું નિરૂપણ કરે છે. શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, સમાધાન, અને શ્રધ્ધા એનો શમદમાદિ षट्ट सम्पत्ति નામથી વ્યવહાર કરે છે. (૧૧)

शमस्तावत श्रवणादिन्यतिरिक्त विषयेभ्योमनो निग्रहः ॥१२

ભા૦—પ્રથમ શમનું વિવેચન કરતાં કહે છે કે જેમ અત્યંત ક્ષુધાતુર માણસને ભોજન વિના બીજો વ્યાપાર મનથી રૂચતો નથી તેમ જ ભોજનનો વિલંબ પણ સહન કરી શકાતો નથી અને સ્રક (માળા) ચંદનાદિ વિષયમાં પણ ગોઠતું નથી ને તેનું મન ફરી ફરીને ભોજન-માંજ નિગ્રહિત થાય છે તેમ પૂર્વ વાસનાના બલથી અન્ય વિષયમાં દોડતા મનને અટકાવી તત્વજ્ઞાનનાં સાધન જે **શ્રવણ મનન નિદિ-ધ્યાસન** તેમાં રાખવું તેને **શમ** કહે છે. (૧૨)

दमः बाह्येन्द्रियाणां तद्व्यतिरिक्तविषयेभ्यो निवर्त्तनम् ॥ १३

ભા૦—શ્રોત્રાદિ બાહ્ય ઇંદ્રિયોને ઇશ્વર વિષયક શ્રવણાદિથી ભિન્ન વિષયોથી પાછી હઠાવવી તેને **દમ** કહે છે. (૧૩)

निवर्तितानामेतेषां तद्व्यतिरिक्त विषयेभ्य उप रमण मुपरतिः अथवा विहितानां कर्म्मणां विधिना परित्यागः॥१४

ભા૦—શ્રવણાદિ સાધન વ્યતિરિકત વિષયોથી પાછી વાળેલી બાહ્ય ઇંદ્રિયોનું દમન કરવું તે—અથવા વિધિ વાકયોથી વિહિત કર્મો-નો વિધિપૂર્વક ત્યાગ[1] કરવો તે **ઉપરતિ** કહેવાય છે. (૧૪)

तितिक्षा शीतोष्णादि सहिष्णुता ॥ १५ ॥

ભા૦—શીતોષ્ણાદિ જન્ય સુખ દુઃખાદિ ધર્મ શરીરના મિથ્યા ભાનથી પ્રતિત થાય છે ચિદ્રૂપ સ્વાત્મામાં તેનો અત્યંત અભાવ છે એમ વિવેક દીપથી શીતોષ્ણાદિ દ્વંદ્વને સહન કરવું તેને **તિતિક્ષા** કહે છે. (૧૫)

निग्रहीतस्यमनसः श्रवणादौ तदनुगुण विषये च समाधिः समाधानम् ॥ १६ ॥

ભા૦—શબ્દાદિ વિષયોથી નિગૃહ કરેલું અંતઃકરણ શ્રવણાદિનું અને તેના ઉપકારી ગુણ (અમાનિપણું) આદિનું ચિંતન કરતું રહે તે **સમાધાન** છે. (૧૬)

---

૧. સંન્યાસ.

गुरु वेदान्तवाक्येषु विश्वासः श्रद्धाः ॥ १७ ॥

ભા૦—શ્રી સદ્‌ગુરૂ પરમાત્માના વચનોમાં તથા **ઉપનિષ**-દાદિ વેદાન્ત શાસ્ત્રના વાક્યમાં વિશ્વાસ રાખવો તે **શ્રદ્ધા** **કહે**-વાય છે. (૧૭)

मुमुक्षुत्वं मोक्षेच्छा ॥ १८ ॥

ભા૦—મોક્ષ પ્રાપ્ત કરવાની જે ઇચ્છા થાય છે તેને **મુમુક્ષુત્વ** કહે છે. (૧૮)

एवम्भूतः प्रमाताऽधिकारी । " शान्तोदान्तः " इत्यादिश्रुतेः॥ तथाचोक्तम् " प्रशान्तचित्ताय जितेन्द्रियाय, प्रक्षीण दोषाय यथोक्तकारिणे ॥ गुणान्वितायानुगताय सर्वदा, प्रदयमेतत्सकलं मुमुक्षुवे ॥ इति ॥ १९ ॥

ભા૦—પૂર્વોક્ત સકલ વિશેષણ વિશિષ્ટ પ્રમાતાને વેદાન્ત શાસ્ત્રમાં **અધિકારી** કહે છે તેમાં **શ્રુતિ** ને **સ્મૃતિનું** પ્રમાણ બતાવે છે કે "જેનું ચિત્ત શાન્ત હોય અને ઇંદ્રિયોને જેણે જીતી લીધી હોય તથા ભ્રમ, વિપ્ર લિપ્સા (ગુણમાં દોષ બુદ્ધિ) દિદોષથી રહિત, આજ્ઞા-નુગામી, ગુણવાન, સર્વદા અનુગત, અને મોક્ષની ઇચ્છા કરવાવાળો હોય એવા શિષ્યને સર્વ વિષયનો ઉપદેશ કરવો જોઇએ. (૧૯)

विषयो जीव ब्रह्मैक्यं शुद्धचैतन्यं प्रमेयम् तत्रैव वेदान्तानां तात्पर्य्यात् ॥ २० ॥

ભા૦—અવિદ્યાધ્યારોપિત **સર્વજ્ઞત્વ**ને અલ્પજ્ઞત્વાદિ વિરૂદ્ધ ધર્મનો પરિત્યાગ કરતાં **શુદ્ધ ચૈતન્યજ** પ્રમેય (જ્ઞેય સ્વરૂપ) છે એજ વેદાન્ત શાસ્ત્રનો **વિષય** છે. (૨૦)

सम्बन्धस्तु तदैक्य प्रमेयस्य तत्प्रतिपादकोपनिषत्प्र-माणस्य च बोध्यबोधक भाव लक्षणः ॥ २१ ॥

ભા૦—ક્રમથી પ્રાપ્ત થતા સમ્બંધનું સ્વરૂપ કહે છે-જીવ બ્રહ્મની ઐક્યતા રૂપ પ્રમેય, અને તેનું પ્રતિપાદન કરનાર ઉપનિષદાદિ પ્રમાણુનો **બોધ્ય બોધક** નામ **સમ્બંધ** છે. બોધ કરનાર તે **બોધક** ને બોધ (જાણવું) થવાને યોગ્ય તે બોધ કહેવાય છે. ઇતર **સંબંધો** વિચારવાને યોજી લેવા. ગ્રંથ વિસ્તારના ભયથી અત્ર લખવામાં આવ્યા નથી. (૨૧)

प्रयोजनस्तु तदैक्य प्रमेय गताज्ञान निवृत्तिः । तत्स्वरुपानन्दा वाप्तिश्च ॥ २२ ॥

ભા૦—હવે ગ્રંથનું પ્રયોજન કહે છે-જીવ બ્રહ્મની ઐક્યતાના ચિન્માત્ર રૂપમાં અજ્ઞાન અને તત્કાર્ય સકલ પ્રપંચનો અત્યંત અભાવ અર્થાત્ આત્યાંતિક નિવૃત્તિ અને સ્વસ્વરૂપ અખંડાનંદની પ્રાપ્તિ. એ **વેદાન્ત** શાસ્ત્રનું **પરમ પ્રયોજન** છે. અત્ર એક **શંકા** થાય છે કે-લોકોમાં અપ્રાપ્ત જે સ્વર્ગાદિક તે તો પુરૂષાર્થ (યજ્ઞાદિક પુણ્યપ્રદ ક્રિયા) થી ફલરૂપે પ્રાપ્ત થાય છે અને નહિ મળેલી વસ્તુ માટેજ સર્વ કોઇ વ્યવહારમાં પુરૂષાર્થ કરે છે પ્રાપ્ત હોય તે ચીજને સારૂ કોઇની પ્રવૃત્તિ બનતી નથી. હવે સિદ્ધાંતમાં **પરમાત્મા** સર્વત્ર વ્યાપક હોવાથી ત્યાં પુરૂષાર્થનોજ અભાવ છે તો પછી **પ્રયોજન** નહિ જેવુંજ ઠરે છે. એમ કદિ કોઇ કહે તો તેનું **સમાધાન** એમ છે કે-અપ્રાપ્ત વસ્તુ માટેજ સર્વ પુરૂષાર્થ કરે છે એવો કાંઇ નિયમ નથી. પણ **કંઠमणि न्याये** પ્રાપ્ત છતાં પણ પુરૂષાર્થ બને છે જેમ કોઇ માણસના કંઠમાં મણિ હોય અને તે કોઇ કારણથી પાછળના ભાગમાં સરી જાય પછી પહેલા પુરૂષની વિસ્મૃતિ થાય ને ત્યાર બાદ યાદ આવતાં વિક્ષિપ્ત ચિત્તે પોતાની છાતીપર જોતાંજ મણિ માલુમ ના પડે તેથી તે ગૂમ થયો સમજી તેનો શોક કરે છે ને શોધે છે પછી કોઇ પુરૂષ તેના કંઠમાના દોરાને ખેંચે એટલે મણિને જુએ ને કહે કે આ રહ્યો તે વખત તેને પોતાના શોધ રૂપ પુરૂષાર્થથી આનંદ થાય છે તેમ અજ્ઞાને કરી વિસ્મૃત થયેલા સ્વ-સ્વરૂપની **શ્રી સદ્દગુરૂ** દ્વારા માહાવાકયથી યાદિ મળતાં પોતાના નિત્ય પ્રાપ્ત સ્વરૂપનું ભાન થાય છે એજ ગ્રંથનું પ્રયોજન છે. (૨૨)

“ तरति शोकमात्मवित् ” इत्यादि श्रुतेः :
“ ब्रह्मवेद ब्रह्मैवभवति ” इत्यादि श्रुतेश्च ॥ २३ ॥

ભા૦—ઉપરોક્ત વિષયમાં શ્રુતિનું પ્રમાણ બતાવે છે કે "આત્મજ્ઞાની શોકથી વિમુક્ત થઇ જાય છે" "જે બ્રહ્મવેત્તા થાય છે તે બ્રહ્મરૂપ થઇ જાય છે. (૨૩)

अयमधिकारी जनन मरणादि संसारानल सन्तप्तो दीप्त शिरा जलराशिमिवोपहार पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठं गुरु मुपसृत्यत मनुसरति " तद्विज्ञानार्थंस गुरुमेवाभिगच्छेत्समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् " इत्यादि श्रुतेः । सगुरुपरमकृपया अध्यारोपापवादन्यायेनैन । मुपदिशति । " तस्मै विद्वानुपसन्नायसम्यक् प्रशान्त चित्तायशमन्विताय येनाक्षरं पुरुषं वेद सत्यं प्रोवाचता तत्वतो ब्रह्मविद्याम् " इत्यादिश्रुतेः ॥ २४ ॥

ભા૦—પૂર્વોક્ત અધિકારી સંસારાગ્નિથી સંતપ્ત થઇને સમિધાદિ ઉપહાર-ભેટ-હાથમાં લઇને જેમ કોઇ અર્ધશિર બળેલો પુરૂષ જળાશયમાં જાય તેમ વેદાન્તના પારદર્શી બ્રહ્મવેત્તા શ્રીસદ્દગુરૂની સમીપ જઇને મન, વાણી, અને કાયાથી તેમને સંસાર નિવર્તક સમજી સેવા કરે કારણ કે શ્રુતિભગવતી પણ આજ્ઞા કરે છે કે "તે પરમાત્માના જ્ઞાન માટે સમિત્પાણી થઇને શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરૂની સન્મુખ જાય" પરમ કૃપાળુ શ્રી સદ્દગુરૂ પણ પોતાને શરણે આવેલા શિષ્યને [1] अध्यारोपापवादन्यायद्वारा અર્થાત—અખંડ બ્રહ્મસ્વરૂપનો ઉપદેશ વિધિ વાક્યદ્વારા થઇ શકે નહિ તેથી (नेहनानास्तिकिञ्चन આ પ્રથક સ્વરૂપે જણાતું દ્રશ્ય જગત્ બ્રહ્મમાં છેજ નહિ) ઇત્યાદિ શ્રુતિયોનું અનુસરણ કરીને અવિદ્યાથી દેખાતા મિથ્યા પદાર્થોના નિષેધદ્વારા અને (सत्यं ज्ञान मनंतं ब्रह्म—બ્રહ્મસત્ય, જ્ઞાન, અને અનંતરૂપ છે) ઇત્યાદિ શ્રુતિયોનો આશ્રય લઇને લક્ષણાથી વિધિવાક્યવડે ઉપદેશ કરે. કેમકે વેદ પણ વદે છે કે "જે વિદ્યાદ્વારા સચ્ચિદાનંદ માત્ર પૂર્ણબ્રહ્મનું પરિજ્ઞાન થાય તેજ બ્રહ્મવિદ્યાવડે બ્રહ્મવેત્તા સદ્દગુરૂ પોતાના શિષ્યને ઉપદેશ કરે. (૨૪)

---

૧ જે વસ્તુ જેમાં ન હોય તેનું તેમાં છે અગર તેમાંથી ઉત્પન્ન થયું એમ કથન કરવું તે અધ્યારોપ અને ત્યારબાદ તેનો (વસ્તુ) નિષેધ કરવો તે અપવાદ એ બને મળીને કહેવાય છે તે અધ્યારોપાપવાદ.

असर्पभूतेरज्जौ सर्पारोपवद्वस्तुन्यवस्त्वारोपः । वस्तु सच्चिदानन्दमद्वयंब्रह्म । अज्ञानादि सकल जड समुहः अवस्तु । अज्ञानंतु सदसद्भ्यामनिर्वचनीयं त्रिगुणात्मकं ज्ञान विरोधि भावरूपं यत्किञ्चिदादितिवदंति । अहमज्ञ इत्याद्यनुभवात् । " देवात्मशक्तिं स्वगुणैर्निगूढाम् इत्यादिश्रुतेश्च ॥ २५ ॥

ભા૦—ઉપરોક્ત ન્યાયના વિષયમાં લૌકિક દૃષ્ટાંત આપે છે. કે રજ્જુ કોઇપણ **સમયમાં** વસ્તુતઃ સર્પ થતી નથી. પરંતુ જે કાળમાં પ્રકાશ આદિની ન્યુનતાને લઇને રજ્જુના વિશેષ રૂપનું ભાન થતું નથી તે સમયે રજ્જુ ચેતનમાં રહેલી [1]તુલા અવિદ્યાનો પરિણામ સર્પાકાર થઇ ભ્રમ ઉત્પન્ન કરે છે એજ **અવસ્તુમાં** વસ્તુના ભ્રમને **અજ્ઞાન—અધ્યાસ**--કહે છે અને તેજ પૂર્વોક્ત **અધ્યારોપ** કહેવાય છે. હવે તેને સિદ્ધાંતમાં યોજે છે કે **વસ્તુ** એટલે ત્રયકાલ અનપાયિ **સચ્ચિદાનંદ** પૂર્ણબ્રહ્મ છે અને તેમાં [2]મૂલા અવિદ્યાના પરિણામરૂપે ને ચેતનના વિવર્તરૂપે જણાતાં સકલ અજ્ઞાનાદિ જડ પદાર્થના **સમુહ** **અવસ્તુ** છે તેનેજ **અજ્ઞાન** કહે છે તે, (અજ્ઞાન) સત્‌ને અસતથી વિલક્ષણ અનિર્વચનીય (બાધ્ય યોગ્ય સ્વરૂપવાન) છે તે સત્વગુણ, રજોગુણ, ને તમોગુણરૂપ જ્ઞાનનું પ્રતિબંધક ને ભાવરૂપ છે. તેનેજ **માયા** કહેવામાં આવે છે એ જ્યારે નિવર્ત થાય છે ત્યારે આત્મ સાક્ષાત્કાર થાય છે. પણ તેનો ભંગ તો પરમાત્મ કૃપાથીજ થાય છે ને તેટલાજ માટે શ્રીકૃષ્ણ પરમાત્મા અર્જુન પ્રતિ કહે છે કે **दैवीह्येषागुणमयीमम मायादुरत्यया । मामेव ये प्रपद्यंते माया मेतां तरंति ते**—**અર્થ** મ્હારી આ ત્રણ ગુણોવાળી દૈવી માયાને તરી જવી કઠણ છે ને તેથી જેઓ મારે શરણે આવે છે તેઓ આ માયાને તરી શકે છે તેથીજ તેને **અઘટિત ઘટના પટિયસિ** કહેવામાં આવે છે. તે અજ્ઞાન—માયા—છે. એવો સર્વને અનુભવ છે કે હું અજ્ઞછું, ને હું મને જાણતો નથી એજ અજ્ઞાનનું સ્વરૂપ છે. તેને પુષ્ટિ કરતા **વેદ પણ** વદે છે કે "દીપ્તિમાન આત્માની શકિત નિજ સત્વાદિદ્વારા વેષ્ટિત થઇ નિગુઢ ભાવમાં રહે છે." (૨૫)

---

1. જે જડ વસ્તુઓને આચ્છાદન કરે તે તુલા.
2. જે મૂળ ચેતનને ઢાંકે તે મુલા.

इदमज्ञानं समष्टिव्यष्ट्यभिप्रायेणैक मनेकमितिच व्यवह्रियते। तथाहि यथावृक्षाणां समष्ट्यभिप्रायेणवनमित्येकत्वव्यपदेशः॥ यथावाजलानां समष्ट्यभि प्रायेण जलाशय इति तथा नानात्वेन प्रतिभासमान जीवगता ज्ञानानां समष्ट्यभिप्रायेण तदेकत्वव्यपदेशः। "अजामेकाम" इत्यादिश्रुतेः। इयं समष्टिरुत्कृष्टोपाधितया विशुद्ध सत्व प्रधाना। एतदुपहितं चैतन्यं सर्वज्ञत्व सर्वेश्वरत्व सर्व नियंतृत्वादि गुणकं सद सदव्यक्त मन्तर्यामि जगत्कारणमीश्वर इतिच व्यपदिश्यते। सकल ज्ञानावभासकत्वादस्य सवज्ञत्वम्। "यः सर्वः स सर्ववित्" इतिश्रुतेः॥ २६॥

ભા૦—એ અજ્ઞાનને સમષ્ટિરૂપ (એક) અને **વ્યષ્ટિરૂપ** (અનેક) બોલીને વ્યવહાર કરવામાં આવે છે. જેમ વૃક્ષોના સમૂહને **સમષ્ટિરૂપ (એક)** વન એમ બોલે છે તથા જલના સમૂહને **સમષ્ટિરૂપ (એક)** તળાવ બોલે છે તેમ અંતઃકરણોપાધિના ભેદથી વિભકત અનેક જીવોના અજ્ઞાનના સમુહને **સમષ્ટિરૂપ (એક)** એક અજ્ઞાન શબ્દ કહે છે તેમાં **શ્રુતિ** પણ પ્રમાણ આપે છે કે, **अजामेकां लोहित शुक्लकृष्णां बह्वीं प्रजां जनयंतीं सरूपाम्** ॥ અર્થ—એકજ અજ્ઞાન જન્મ રહિત છે ને તે સત્વ, રજ, ને તમ, ત્રયરૂપ પ્રકૃતિ પોતાના બહુ રૂપવાળી પ્રજાને ઉત્પન્ન કરે છે. એજ અજ્ઞાન **સમષ્ટિરૂપ** ઉત્કૃષ્ટ ઉપાધિ વિશિષ્ટ છે તેજ કારણથી તેમાં વિશુધ્ધ સત્વગુણ પ્રધાન છે. એજ ઉપહિત (ઉપાધિવાળું) ચેતનનો **સર્વજ્ઞ,**[1] **સર્વેશ્વર,**[2] **સર્વ નિયન્તા,**[3] **અવ્યકત,**[4] **અન્તર્યામી,**[5] **જગત્કારણ,**[6] અને ઈશ્વર એ શબ્દોથી વ્યવહાર કરાય છે ને સંપૂર્ણ અજ્ઞાન પ્રકાશનો જે હેતુ છે તેજ શ્રુતિ પણ કહે છે કે—"જે જગતના સામાન્યને વિશેષ રૂપને જાણનાર

---

૧. સર્વ ચરાચરાત્મક પ્રપંચના સાક્ષી તે સર્વજ્ઞ

૨. સર્વ જીવાત્માના કર્માનુસાર ફળદાતા તે સર્વેશ્વર.

૩. સર્વને નિયમમાં ચલાવનાર હોવાથી સર્વનિયંતા.

૪. સર્વ પ્રમાણથી અગોચર તે અવ્યકત

૫. સર્વ જીવના હૃદયમાં સ્થિર રહિ સર્વની બુધ્ધિના નિયામક તે અંતર્યામી.

૬. સર્વ સ્થાવર જંગમ પ્રપંચનુ વિવર્ત અધિષ્ઠાન તે જગત્કારણ.

રૂપને જાણેછે તે સર્વજ્ઞ " છે. (૨૬)

ईश्वरस्येयंसमष्टिरखिलकारणात्वात्–कारणशरीरमानन्दप्रचुरत्वात् कोशवदाच्छादकत्वाच्चानन्दमयकोशःसर्वोपरमत्वात् सुषुप्तिः। अतएवस्थूल सूक्ष्मप्रपञ्चलयस्थानमितिचोच्यते, यथा वनस्य व्यष्ट्यभिप्रायेण वृक्षाइत्यनेकत्वव्यपदेशः, यथावा जलाशयस्य व्यष्ट्यभिप्रायेण जलानीति, तथाऽज्ञानस्य व्यष्ट्यभिप्रायेण तदनेकत्वव्यपदेशः। " इन्द्रो मायाभिः पुरुरूपइयते " इत्यादिश्रुते :। अत्रसमस्त व्यापित्वेन समष्टिव्यष्टिव्यपदेशः ॥ २७ ॥

ભા૦—ઇશ્વરની ઉપાધિરૂપ એ અજ્ઞાન સમષ્ટિ પ્રપંચ બ્રહ્માંડનું કારણ છે તેથીજ તેને કારણ શરીર પણ કહેવામાં આવે છે ને આનંદનું આધિક્ય હોવાથી તથા કોશ (મ્યાન) ની પેઠે આચ્છાદક (ઢાંકનાર) હોવાથી આનંદમય કોશ પણ કહેવાય છે અને તે (કારણ) શરીર સર્વ ઇન્દ્રિયોના ઉપરામનુ સ્થાન હોવાથી સુષુપ્તિ પણ બોલાયછે અને તેજ કારણથી તેને સૂક્ષ્મને સ્થૂળ પ્રપંચનું લય સ્થાન પણ કહે છે જેમ વનનાં સર્વ વૃક્ષને અલગ અલગ ગૃહણ કરવાથી તેનો અનેક વૃક્ષોદ્વારા વ્યવહાર થાય છે તેમજ કૂવા, વાવ, તળાવ, આદિ જળાશયના વ્યષ્ટિ ભાવથી અનેક જળ પ્રતીતી થાય છે. તેમ નાનાં પ્રકારનાં અંત;કરણની ઉપાધિથી વિરાજમાન અનેક જીવ સમૂહના અજ્ઞાનથી વ્યષ્ટિરૂપે અનેક વ્યવહાર થાય છે શ્રુતિ પણ કહે છે કે " ઇશ્વર અનેક પ્રકારની માયા દ્વારા બહુ રૂપને ધારણ કરે છે " અત્ર પ્રત્યેક જીવ વ્યાપિ હોવાથી ઇશ્વરને વ્યષ્ટિ અને સમસ્ત જીવ વ્યાપિ હોવાથી સમષ્ટિરૂપ સમજવું. (૨૭)

इयं व्यष्टिर्निकृष्टोपाधितया मलिनसत्व प्रधाना एतदुपहित चैतन्यमल्पज्ञत्वानीश्वरात्वादि गुणकं प्राज्ञइत्युच्यते एकाज्ञानावभासकत्वादस्यप्राज्ञत्वं अस्पष्टोपाधितयाऽनतिप्रकाशकत्वम् ॥ २८ ॥

ભા૦—ઉક્ત અજ્ઞાનની વ્યષ્ટિ અપકૃષ્ટ ઉપાધિ છે તેથી અજ્ઞાન વ્યષ્ટિ તમો ગુણ મિશ્રિત સત્વગુણ પ્રધાન છે અર્થાત્ મલિન સત્વગુણ પ્રધાન છે. એ વ્યષ્ટિભૂત અજ્ઞાન ઉપહિત ચૈતન્ય પ્રાજ્ઞ શબ્દથી કથન કરાય છે ને તેમાંજ અલ્પજ્ઞત્વ, અને અનીશ્વરાદિ ગુણ રહે છે. તે કારણથી વ્યષ્ટિભૂત અજ્ઞાનોપહિત ચૈતન્ય પ્રથક્ પ્રથક્ એક એક અજ્ઞાનનું પ્રકાશક છે તેથીજ તેને પ્રાજ્ઞ અને મલિન સત્વપ્રધાન અસ્પષ્ટ ઉપાધિથી ઉપહિત હોવાથી અનતિ પ્રકાશક (અલ્પ પ્રકાશ કરનાર) કહેવાય છે (૨૮)

अस्यापीय महङ्कारादि कारणत्वात्कारण शरीरम् । आनन्द पचुरत्वात्कोशवदाच्छादकत्वाच्च आनंन्दमयःकोशः। सर्वोपरमत्वात्सुषुप्तिः । अतएवस्थूल सूक्ष्म शरीरलयस्थान मितिचोच्यते ॥ २९ ॥

ભા૦—એ વ્યષ્ટિભૂત અજ્ઞાનજ અહંકારાદિકનું કારણ છે તેથીજ તેને કારણ શરીર કહે છે આનંદનું આધિક્ય હોવાથી તથા કોશની પેઠે આચ્છાદન કરનાર હોવાથી આનંદમય કોશ, અને ઇન્દ્રિયોનું ઉપરામસ્થાન હોવાથી સુષુપ્તિ કહેવાય છે તેજ કારણથી એ અજ્ઞાનને સ્થૂલ સૂક્ષ્મ પ્રપંચનું લય સ્થાન પણ કહે છે. (૨૯)

तदानी मेतावीश्वर प्राज्ञौ चैतन्य प्रदीप्ताभिरतिसूक्ष्मा भिरज्ञानवृत्तिभिरानन्द मनु भवतः । “ आनन्द भुक्चेतोमुखः प्राज्ञः ” इतिश्रुतेः । ‘ सुखमहमस्वाप्सं नकिञ्चिदवेदिषम् ’ । इत्युत्थितस्यपरामर्शा पत्तेश्च ॥ ३० ॥

ભા૦—ઈશ્વર અને પ્રાજ્ઞ બન્ને સુષુપ્તિ કાળમાં ચૈતન્ય દ્વારા પ્રકાશિત થઇને અતિ સૂક્ષ્મ અજ્ઞાન વૃત્તિથી આનંદ ભોગવે છે એ વિષયમાં શ્રુતિ પ્રમાણ છે કે “ પ્રાજ્ઞ ચૈતન્યના પ્રકાશ વડે સુખ ભોગવે છે ” તેમજ સ્મરણ પ્રમાણથીપણ જણાય છે કે—જ્યારે શયન કરીને ઉઠે છે ત્યારે એમ કહુ છે કે ' હુ આજ જે વખત સુખ નિદ્રામાં સુઇ રહ્યો હતો ત્યારે મને કશી ખબર ન હતી' (૩૦)

अनयोर्व्यष्टिसमष्ट्योर्वनवृक्षयोरिव जलाशय जलयोरिवचा भेदः ॥ ३१ ॥

ભા૦—જેમ વૃક્ષની સમષ્ટિ સહિત વનનો અને વનની વ્યષ્ટિ સહિત વૃક્ષનો કંઇ ભેદ નથી; તથા જળની સમષ્ટિ સહિત જળાશયનોને જળાશયની વ્યષ્ટિ સહિત જળનો કંઇપણ ભેદ નથી તેમ અજ્ઞાન સમષ્ટિ સહિત અજ્ઞાન વ્યષ્ટિનો પણ કંઇ ભેદ નથી (૩૧)

एतदुपहित योरीश्वर प्राज्ञयोरपिवनवृक्षावच्छिन्नाकाशयोरिव जलाशय जलगतप्रति बिम्बाकाशयो रिवचा भेदः । " एष सर्वेश्वर एष सर्वज्ञ एषोन्तर्याम्येष योनिः सर्वस्य प्रभावाप्ययौहि भूतानाम् " इत्यादि श्रुतेः ॥ ३२ ॥

ભા૦—જેમ વૃક્ષોના સમષ્ટિરૂપ વનાવચ્છિન આકાશ સહિત વનનો અને વ્યષ્ટિરૂપ પ્રત્યેક વૃક્ષામાં અવસ્થિત આકાશમાં કંઇ ભેદ પ્રતીત થતો નથી તથા જળના સમષ્ટિરૂપ જળાશયમાં પ્રતિ બિંબિત આકાશ સહિત જળાશયમાં અને વ્યષ્ટિરૂપ જળમાં પ્રતિ બિંબિત આકાશનો કાંઇ ભેદ માલૂમ પડતો નથી તેમ સમષ્ટિરૂપ અજ્ઞાન ઉપાધિ વિશિષ્ટ ચૈતન્યરૂપ ઇશ્વરનો અને વ્યષ્ટિરૂપ અજ્ઞાનથી ઉપહિત ચૈતન્ય સ્વરૂપ પ્રાજ્ઞનો કાંઇ ભેદ નથી. એ વિષયમાં વેદ વદે છે કે----' એજ સંપુર્ણના ઇશ્વર, એજ સર્વજ્ઞ, એજ અન્તર્યામી, એજ સંપૂર્ણનું કારણ, અને એજ જગતની ઉત્પત્તિ અને પ્રલયનો હેતુ છે '' એજ વાત. **શ્રીઆચાર્ય** ભગવાન પણ કથન કરે છે કે कार्योपाधिरयंजीवः कारणोपाधिरीश्वरः । कार्यं कारणतांहित्वा पूर्ण बोधोऽवशिष्यते—इति. **અર્થ**- કાર્યની ઉપાધિથી જીવ કહેવાય છે અને કારણોપાધિથી ઇશ્વર કહેવાય છે એ કાર્યને કારણની ઉપાધિજતાં પૂર્ણ બોધરૂપ પરમાત્માજ રહે છે. (૩૨)

वनवृक्ष तद वच्छिन्नाकाशयोर्जल जलाशय तद्ग त प्रति बिम्बाकाशयोर्वा आधार भूतानुपहिताकाश वदनयोरज्ञान तदुपहित चैतन्य योराधार भूतं यदनुपहितं चैतन्यं

तत्तुरीय मित्युच्यते । " शान्तं शिव मद्वैतं चतुर्थं मन्यन्तेस आत्मा- सविज्ञेयः " इत्यादि श्रुतेः ॥ ३३ ॥

ભા૦—જેમ વન અને વનસ્થિત આકાશ, તથા વૃક્ષ અને વૃક્ષસ્થિત આકાશ, અગર જળાશયને જળાશય પ્રતિ બિંબિત આકાશ અને જળ તથા જળ પ્રતિબિંબિત આકાશ આશ્રય જે અપરિચ્છિન્ન આકાશ છે તેને મહાકાશ કહે છે તેમ સમષ્ટિ અને વ્યષ્ટિભૂત અજ્ઞાન તથા અજ્ઞાન વિશિષ્ઠ ચૈતન્યના આધારભૂત જે અવિચ્છિન્ન ચૈતન્ય છે તેનેજ તૂરીય બ્રહ્મચૈતન્ય કહે છે તેમાં વેદ પ્રમાણુછે કે " મંગળમય અદ્વિતીય ચૈતન્યને ચતુર્થ (તુરીય) કહે છે તેનેજ આત્મા અને વિજ્ઞેયપણુ કહે છે. " (૩૩)

इदमेव तुरीयं शुद्ध चैतन्य मज्ञानादि तदुपहित चैतन्याभ्यां तप्तायः पिण्डवद विविक्तं सन्महा वाक्यस्य वाच्यं विविक्तं सल्लक्ष्य मित्युच्यते ॥ ३४ ॥

ભા૦—જેમ અગ્નિથી તપાવેલું લોઢું તે સહિત અભિન્ન રૂપ હોવાથી " લોઢું બાળે છે " એ પ્રકારે વાકયનો પ્રયોગ થાય છે. પણ તે અગ્નિ અભિન્ન રૂપેં ઉકત વાકયનો વાચ્ય અને લોઢાથી ભિન્ન રૂપે તેજ વાકયનો લક્ષ્ય થાય છે તેમ તે તુરીય બ્રહ્મ ચૈતન્ય સમષ્ટિ વ્યષ્ટિ અજ્ઞાન અને અજ્ઞાનોપહિતચૈતન્ય સહિત અભિન્ન રૂપ હોવાથી (तत्त्वमसि) એમહાવાકયનો વાચ્ય અને ભિન્ન રૂપેં તેનો લક્ષ્ય થાય છે (૩૪)

अस्या ज्ञानस्यावरण विक्षेप नामकं शक्तिद्वयमस्ति। आवरण शक्तिस्तावत्—अल्पोऽपि मेघोऽनेकयोजनायतमादित्य मण्डल मलोकयितृ नयन पथापिधायक तयायथाच्छादयतीव तथाऽज्ञानं परिच्छिन्न मप्यात्मान मपरिच्छिन्नं संसारिणमवलोकयितृबुद्धि पिधायकतयाच्छादयतीव तादृश सामर्थ्यम् । तदुक्तम्—"घनच्छन्न दृष्टिर्घनच्छन्नमर्कं यथा निष्प्रभं मन्यतेचातिमूढः । तथा बद्ध वद्भातियो मूढ दृष्टेः सनित्योपलब्धि स्वरूपोहमात्मा " ॥ ३५ ॥

ભા૦—પૂર્વોક્ત અજ્ઞાનની બે શક્તિ છે એક આવરણ ને બીજી વિક્ષેપ તેમાં પ્રથમ આવરણ શક્તિ બતાવે છે. જેમ આકાશના અલ્પ ભાગમાં રહેનાર વાદળું મનુષ્યનાં નેત્રને આવરણ કરતું હોવાથી હજારો યોજન વિસ્તીર્ણ સૂર્યનું આચ્છાદક (ઢાંકનાર) કહેવાય છે તેમ મનુષ્યના જ્ઞાનનું આવરણ કરનાર તથા સર્વ વ્યાપી પરબ્રહ્મના આચ્છાદક અજ્ઞાનની શક્તિને આવરણ શક્તિ કહે છે. હસ્તામલકમાંપણ લખ્યુ છે કે. " જેમ અજ્ઞાની પુરૂષની આંખ વાદળથી આચ્છાદિત થઈ જાય છે ત્યારે કહે છે કે સૂર્ય મંડળને અભ્રે આચ્છાદિત કર્યું તેમ મૂઢદૃષ્ટિ પુરૂષ જેને બધ્ધ કહે છે હું તે નિત્ય જ્ઞાનસ્વરૂપ આત્મા છું " (૩૫)

अनया वृतस्यात्मनः कर्तृत्व भोक्तृत्व सुखित्व दुखित्वादि संसारसम्भावनापिभवति यथा स्वज्ञानेनावृतायां रज्ज्वां सर्पत्व सम्भावना ॥ ३६ ॥

ભા૦— જેમ ભ્રમથી રજ્જુમાં રજ્જુનું જ્ઞાન ન થતાં સર્પ ઉત્પન્ન થઇ જાય છે તેમ અજ્ઞાનની આવરણ શક્તિથી પ્રચ્છન્ન (ગુપ્ત) આત્મસ્વરૂપનું જ્ઞાન થતું નથી અને હું કર્તા છું ભોકતા છું સુખી છું દુઃખી છું ઇત્યાદિ મોહજાળથી વ્યાપ્ત સંસારનું ભાન થાય છે (૩૬)

विक्षेप शक्तिस्तु यथा रज्ज्वज्ञानं स्वावृत रज्जो स्वशक्त्या सर्पादिक मुद्भावयति, एवमज्ञानमपिस्वावृतात्मनि स्वशक्त्या आकाशादि प्रपञ्च मुद्भावयति तादृशं सामर्थ्यम् । तदुक्तम्–" विक्षेपशक्ति लिङ्गादि ब्रह्माण्डान्तं जगत्सृजेत् " इति ॥ ३७ ॥

ભા૦—હવે વિક્ષેપ શક્તિ બતાવે છે જેમ રજ્જુ વિષયક અજ્ઞાન પોતાની શક્તિદ્વારા રજ્જુમાંજ સર્પનું સ્વરૂપ બતાવે છે તેમ આ શક્તિ અજ્ઞાનાવૃત આત્મામાં આકાશાદિ પંચભૂતનો ભ્રમ પ્રદર્શન કરે છે તેનેજ વિક્ષેપ શક્તિ કહે છે ગ્રંથાન્તરમાં પણ કહે છે કે " અજ્ઞાનની વિક્ષેપ શક્તિ બ્રહ્માથી સ્તમ્બ પર્યંત જગતને ઉત્પન્ન કરે છે "(૩૭)

शक्तिद्वयवदज्ञानोपहितं चैतन्यं स्वप्रधानतया निमित्तं स्वोपाधि प्रधानतया उपादानञ्च भवति । यथा लूतातन्तु कार्यम्प्रति स्वप्रधानतया निमित्तं स्वशरीर प्रधानतयो पादानंच भवति ॥ ३८ ॥

ભા૦— જેમ લૂતાતંતુ--ઉર્ણુનાભી—(કરોળિયો) પોતાના પ્રધાન રૂપથી તો જાળાનું નિમિત્ત કારણ છે અને શરીર પ્રધાન રૂપ થી તે તંતુનું ઉપાદાન કારણ છે. તેમ આવરણ અને વિક્ષેપ શકિત વિશિષ્ટ અજ્ઞાનાવૃત ચૈતન્ય સ્વયંપ્રધાન રૂપથી પ્રપંચ વિશ્વનું નિમિત્તકારણ થાય છે અને ઉપાધિરૂપ અજ્ઞાન રૂપથી ઉપાદાન કારણ બને છે. યદ્યપિ ચૈતન્યને વેદ અકર્તા કહે છે ને એ છે પણ તેમજ તથાપિ આ સ્થળમાં નિમિત્ત રૂપે જે કર્તા કહેવામાં આવે છે તે. જેમ ચુંબક સાનિધ્ય રહેલું લોઢું આપોઆપ હાલી ઉઠે છે તેમ અજ્ઞાન પણ ચૈતન્ય સાનિધ્ય હાલી ઉઠે છે. છતાં વાંચકવૃંદને શંકા થશે કે જ્ઞાન રૂપમાં અજ્ઞાન કયાંથી? તો તેનું સમાધાન એજ છે કે જેમ રજ્જુમાં સર્પ નથી છતાં વિવર્ત રૂપે તેમાંજ દેખાય છે. તેમ અજ્ઞાન પણ જ્ઞાનમાં વિવર્તરૂપે નથી છતાં જણાય છે તેથીજ તે પરમાત્માને અભિન્ન નિમિત્તોપાદાન કારણ કહેવામાં આવે છે ને શ્રુતિ પણ કહે છે કે तत्सृष्ट्वा तदेवानु प्राविशत् ॥ અર્થ “ તેણે સર્વ બનાવીને તેમાં પોતેજ પ્રવેશ કર્યો. ” તેથીપણ પરમાત્માજ કારણ ઠરે છે (૩૮)

तमः प्रधानविक्षेप शक्तिमदज्ञानोपहित चैतन्यादाकाश आकाशाद्वायुर्वायोरग्निरग्नेरापः अद्भ्यः पृथिवीचोत्पद्यते । “ तस्माद्वा एतस्मादात्मन आकाशः सम्भूतः ” इत्यादि श्रुतेः ॥ ३९ ॥

ભા૦—તમો ગુણ પ્રધાન વિક્ષેપ શકિત યુકત અજ્ઞાનાવચ્છિન્ન ચૈતન્યથી આકાશ ઉત્પન્ન થયું આકાશથી વાયુ વાયુથી અગ્નિ અગ્નિથી જળ જળથી પૃથિવી ઉત્પન્ન થઇ શ્રુતિમાં પણ એમજ લખેલું છે. તેથી પણ અજ્ઞાનોપહીત પરમાત્માજ જગત્ પ્રપંચનું કારણ છે અને શ્રુતિ તથા સ્મૃતિ પણ એજ વાતને પુષ્ટિ કરે છે કે

"सदेव सोम्येदमग्र आसीत् ॥" અર્થ—હે સોમ્ય આ જગતની ઉત્પત્તિ પહેલાં સત્ જ હતું. વળી "एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च ॥" તે સત્માંથીજ પ્રાણ, મન, અને સર્વ ઇંદ્રિયા ઉત્પન્ન થાય છે. તેમજ "अहं सर्वस्य प्रभवो मत: सर्वं प्रवर्त्तते" ॥ હું સર્વને ઉત્પન્ન કરૂં છું ને મારામાંથી સર્વ નીકળે છે. તથા—"बीजं मां सर्व भूतानाम्" સર્વ ભૂતાનું કારણ પણ હુંજ છું. એ રીતે જગત્નું કારણ પરમાત્માજ છે (૩૯)

तेषु जाड्याधिक दर्शनात्तमः प्राधान्यं तत्कारणस्य तदानीं सत्वरजस्तमांसि कारण गुण प्रक्रमेणतेष्वाकाशादि षूत्पद्यन्ते । इमान्येव सूक्ष्म भूतानि तन्मात्राण्य पंचिकृतानि-चोच्यन्ते। एतेभ्यः सूक्ष्म शरीराणि स्थूल भूतानिचोत्पद्यन्ते ॥ ४० ॥

ભા૦—એ ઉત્પન્ન થયેલાં આકાશાદિકમાં જડતાનો અંશ અધિક હોવાથી તેનું કારણ તમો ગુણ પ્રધાન માલુમ પડે છે એ આકાશાદિકની ઉત્પત્તિ પછી તેના કારણ, ગુણોની તારતમ્યતાનુસાર સત્વગુણ રજો-ગુણ અને તમોગુણની ઉત્પત્તિ થાય છે. એ પ્રમાણે પૂર્વોકત અવસ્થાને પ્રાપ્ત થયેલ આકાશાદિક સૂક્ષ્મભૂત, મહાભૂત, પંચતન્માત્રા એ અપંચીકૃત કહેવાય છે તેજ સૂક્ષ્મ ભૂતથી સૂક્ષ્મ શરીર અને સ્થૂલ-શરીર ઉત્પન્ન થાય છે (૪૦)

सूक्ष्म शरीराणि सप्तदशावयवानि लींग शरीराणि । अवयवास्तु ज्ञानेन्द्रिय पंचकं बुद्धि मनसी कर्मेन्द्रिय पंचकं वायु पंचकं चेति । ज्ञानेद्रियाणि श्रोत्रत्वक् चक्षुर्जिव्हा घ्राणाख्यानि । एतान्याकाशादीनां सात्विकांशेभ्यो व्यस्तेभ्यः पृथक् क्रमेणोत्पद्यन्ते । बुद्धिर्नाम निश्चयात्मि-कान्तः करण वृत्तिः ।मनोनाम संकल्प विकल्पात्मिकान्तः करणवृत्तिः ॥ ४१ ॥

ભા૦—હવે સૂક્ષ્મ શરીરના અવયવોનું કથન કરે છે. સતર (૧૭) અવયવયુક્ત લિંગ શરીરને સૂક્ષ્મ શરીર કહે છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ પ્રાણ, મન, અને બુદ્ધિ એ સતર અવયવ કહેવાય છે. તેમાં પ્રથમ પાંચ જ્ઞાનેન્દ્રિયો ને તેની ઉત્પત્તિ કહે છે. (૧) આકાશના સાત્વિક અંશથી કર્ણ, (કાન) (૨) વાયુના સાત્વિક અંશથી ત્વચા, (ચામડી) (૩) તેજના સાત્વિક અંશથી નેત્ર, (આંખો) (૪) જળના સાત્વિક અંશથી જીવ્હા, (જીભ) અને (૫) પૃથ્વીના સાત્વિક અંશથી નાસિકા, (નાક) ઉત્પન્ન થાય છે. નિશ્ચયાત્મક અંતઃકરણની વૃત્તિનું નામ બુદ્ધિ છે ને સંકલ્પાત્મક અંતઃકરણની વૃત્તિનું નામ મન છે. (૪૧)

अनयोरेवचित्ताहंकारयो रन्तर्भावः । अनुसन्धानात्मिकान्तः करण वृत्तिश्चित्तम् । अभिमानात्मिकान्तःकरणवृत्तिरहंकारः । एते पुनराकाशादिगत सात्विकांशेभ्यो मिलितेभ्य उत्पद्यते । एतषां प्रकाशात्मकत्वात्सात्विकांश कार्य्यत्वम् ॥ ४२ ॥

ભા૦—ચિત્ત અને અહંકાર એ બન્ને બુદ્ધિ અને મનની અન્તર્ગત બે પ્રકારની વૃત્તિઓ છે. અનુસન્ધાનાત્મક અંતઃકરણની વૃત્તિનું નામ ચિત્ત છે, ને અભિમાનસહિત જે ચિત્તની વૃત્તિ છે તેને અહંકાર કહે છે, બુદ્ધિ અને મન બન્ને મળી આકાશાદિ પાંચ ભૂતોના સાત્વિક અંશમાંથી ઉત્પન્ન થાય છે. પાંચ જ્ઞાનેન્દ્રિય, બુદ્ધિ અને મન તે સ્વપ્રકાશક સ્વભાવવાળાં છે. તેજ કારણથી તેની પાંચ ભૂતના સાત્વિક અંશથી ઉત્પત્તિ હોવાનું અનુમાન કરવામાં આવે છે. (૪૨)

इयं बुद्धिर्ज्ञानेन्द्रियैः सहितासती विज्ञानमय कोशो भवति । अयं कर्तृत्व भोक्तृत्वाभिमानित्वेन इहलोक परलोकगामी व्यावहारिको जीव इत्युच्यते ॥ ४३ ॥

ભા૦—સમગ્ર જ્ઞાનેન્દ્રિયો સહિત બુદ્ધિ મળીને વિજ્ઞાનમયકોશ કહેવાય છે. તે વિજ્ઞાનમય કોશમાં વિશુદ્ધ બુદ્ધિ પ્રતિબિંબિત ચિદા-

સ્મને જીવ કહે છે કારણ તેજ હું કર્તા છું, ભોક્તા છું, હું સુખી છું, દુ:ખી છું, ઇત્યાદિ અભિમાન યુક્ત આલોકમાં રહેનાર અને સ્વર્ગાદિ પરલોકમાં જનાર છે માટે જ તે જીવ છે. (૪૩)

मनस्तु कर्म्मेन्द्रियैः सहितं सन्मनोमय कोशो भवति । कर्म्मेन्द्रियाणि वाक्पाणि पाद पायू पस्थानि । एतानि पुनराकाशादिनां रजोंशेभ्योव्यस्तेभ्यः पृथक् क्रमेणोत्पद्यन्ते ॥ ४४ ॥

ભા૦—પાંચ કર્મેંદ્રિયો સહિત મન મળીને મનોમય કોશ કહેવાય છે. તેમાં કથન કરેલી કર્મેંદ્રિયોને તેની ઉત્પત્તિ કહેવાય છે. (૧) આકાશના રાજસ્ ભાગમાંથી વાક્, (વાણી) (૨) વાયુના રાજસ્ ભાગમાંથી પાણી, (હાથ) (૩) અગ્નિના રાજસ્ ભાગમાંથી પાદ, (પગ) (૪) જળના રાજસ્ ભાગમાંથી ઉપસ્થ, (ગુહ્યેન્દ્રિ) અને (૫) પૃથ્વીના રાજસ્ ભાગમાંથી પાયુ (ગુદા) ઉત્પન્ન થાય છે. (૪૪)

वायवः प्राणापान व्यानोदान समानाः । प्राणोनाम प्राग्गमनवान् नासाग्रस्थानवर्ती । अपानोनाम अवाग्गमनवान् पाय्वादि स्थान वर्ती व्यानो नाम विष्व ग्गमनवान खिल शरीर वर्त्ती । उदानः कण्ठस्थानीयः ऊर्द्ध्वगमन वानुत्क्रमण वायुः । समान शरीर मध्यगताशित पीतान्नादि समीकरण करः । समी करणन्तु—परिपाक करणं—रस रुधिर शुक्र पुरीषादि करणम् ॥ ४५ ॥

ભા૦—પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, અને સમાન એ પાંચ વાયુ (પ્રાણ) કહેવાય છે. હવે તેનાં સ્થાન ને ક્રિયાનું કથન કરે છે. (૧) ઉપર ચાલનાર અને નાસિકાના (નાક) અગ્ર ભાગમાં રહેનાર વાયુને પ્રાણ, (૨) નીચે ચાલનાર ને ગુદા સ્થાનમાં રહેનાર વાયુને અપાન, (૩) સર્વ નાડિયોમાં ચાલનાર ને સર્વ શરીરમાં રહેનાર વાયુને વ્યાન, (૪) ઉપર ચાલનાર ને કંઠમાં રહેનાર વાયુને ઉદાન, અને (૫) ભોજન કરેલું અન્ન અને પીધેલા પાણીનું સમીકરણ કરનાર તથા નાભિ સ્થાનમાં

રહેનાર વાયુને સમાન, કહે છે. ભોજન કરેલી વસ્તુના પરિપાકદ્વારા રૂધિર વીર્ય, અને પુરીષાદિ (વિષ્ટા) કરવાં તેનું નામ સમીકરણ છે. (૪૫)

केचित्तु नागकूर्म्मकृकलदेवदत्त धनञ्जयाख्याः पचान्ये वायवः सन्तीत्याहुः । तत्रनागः उद्गिरणकरः । कूर्म्मः निमीलनादिकरः । कृकलः क्षुथाकरः । देवदत्तः जृम्भणकरः । धनञ्जयःपोषणकरः । एतेषां प्राणादिष्वन्तर्भावात्प्राणादयःपंचैवेतिकेचित् । इदं प्राणादि पंचकं आकाशादिगतरजोंशेभ्यो मिलितेभ्य उत्पद्यते ॥ ४६ ॥

ભા૦—સાંખ્યમતાવલંબી તો એવું કહે છે કે નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત, ધનંજય એ પાંચ બીજા વાયુ અર્થાત ઉપપ્રાણ છે તેમાં (૧) ઓડકાર આણનાર વાયુને નાગ, કહે છે, (૨) આંખોની પલક પાડનાર વાયુને કૂર્મ, (૩) ક્ષુધા (ભૂખ) લગાડનાર વાયુને કૃકલ, (૪) બગાસાં આણનાર વાયુને દેવદત્ત, (૫) પુષ્ટિ કરનાર વાયુને ધનંજય, કહે છે પરંતુ વેદાન્ત મતના આચાર્ય કેવળ પ્રાણાદિ પાંચ વાયુજ માને છે એ પ્રાણાદિ પાંચ વાયુ અંતર્ગતજ નાગાદિ પાંચ છે અને તેથી પ્રાણાદિ પાંચ વાયુ સાથે આકાશાદિ પાંચ ભૂતના રાજસ અંશમાંથી ઉત્પન્ન થાય છે. (૪૬)

इदं प्राणादिपचकं कर्म्मेन्द्रियसहितं सत्प्राणमय कोशोभवति । अस्यक्रियात्मकत्वेनरजोंश कार्य्यत्वम् । एतपु कोशेपुमध्ये विज्ञानमयो ज्ञानशक्तिमान् कर्तृरूपः । मनोमयः-इच्छशक्तिमान् करणरूपः । प्राणमयःक्रियाशक्तिमान् कार्य्यरूपः । योगत्वा देवमेतेषां विभागः-इतिवर्णयान्ति । एतत्कोशत्रयं मिलितं सत् सूक्ष्मशरीर मित्युच्यते ॥ ४७ ॥

ભા૦—પૂર્વે કહેલ પ્રાણાદિ પાંચ વાયુ અને કર્મેન્દ્રિયો મળી પ્રાણમયકોશ થાય છે. ગમન (જવું) આગમનાદિ (આવવું) ક્રિયા પ્રાણાદિ

પાંચ વાયુનો સ્વભાવ છે તે કારણથી તે (પ્રાણાદિવાયુ) સંપૂર્ણ રાજસ અંશનું કાર્ય માલૂમ પડે છે. પૂર્વોક્ત કોશોમાં જ્ઞાન શક્તિયુક્ત વિજ્ઞાનમયકોશ કર્તા, ઇચ્છા શક્તિયુક્ત મનોમય કોશ કરણ, (સાધન) અને ક્રિયા શક્તિયુક્ત પ્રાણમય કોશ કાર્ય છે. એ પ્રમાણે ત્રણે કોશ (સમષ્ટિ) મલીને **સૂક્ષ્મ શરીર** કહેવાય છે. (૪૭)

अत्राप्यखिल सूक्ष्मशरीरमेकबुद्धि विषयतयावनवज्जलाशयवद्वा समष्टिः । अनेकबुद्धिविषयतया वृक्षवज्जलवद्वाव्यष्टिश्चभवति । एतत्समष्ट्युपहितं चैतन्यं सूत्रात्मा हिरण्यगर्भः प्राण—इतिचोच्यते सर्वानुस्यूतत्वात् ज्ञानेच्छाक्रियाशक्तिमदपंचीकृत पंचमहाभूताभिमानित्वाच्च ॥ ४८ ॥

ભા૦—જેમ વન એ વૃક્ષની, અને જળાશય એ તળાવઆદિની, સમષ્ટિ છે, તેમ સમસ્ત સૂક્ષ્મશરીર એક રૂપથી **સમષ્ટિ સૂક્ષ્મશરીર** (એક) કહેવાય છે અને જેમ પ્રત્યેક વૃક્ષ એ વનની, તથા તળાવાદિ જળાશયની, વ્યષ્ટિ છે તેમ અનેક રૂપદ્વારા સૂક્ષ્મશરીર પણ વ્યષ્ટિસૂક્ષ્મ શરીર (અનેક) કહેવાય છે એ સમષ્ટિ સૂક્ષ્મશરીર ઉપાધિ (ઉપહિત) વાનચૈતન્ય ને સૂત્રાત્મા–હિરણ્યગર્ભ–અને પ્રાણ–કહે છે તેથી તે ચૈતન્ય વસ્ત્રમાં સૂત્રનીપેઠે સર્વમાં પરિવ્યાપ્ત તથા જ્ઞાન, ઇચ્છા, અને ક્રિયા શક્તિ વિશિષ્ટ અપંચીકૃત પંચભૂતનું **અભિમાની** કહેવાયછે. (૪૮)

अस्यैपासमष्टिःस्थूलप्रपंचापेक्षया सूक्ष्मत्वात् सूक्ष्मशरीरं विज्ञानमयादिकोशत्रयं जाग्रद्वासनामयत्वात् स्वप्नः । अतएवस्थूल प्रपंचलयस्थान मितिचोच्यते । एतद्व्यष्ट्युपहितं चैतन्यंतैजसोभवतितेजो मयान्तःकरणोपहितत्वात् ॥ ४९ ॥

ભા૦—હિરણ્યગર્ભની ઉપાધિરૂપ સૂક્ષ્મ શરીર, સમષ્ટિ સ્થૂળ શરીરના સ્થૂળ પ્રપંચથી સૂક્ષ્મ હોય છે તે કારણથીજ તેને **સૂક્ષ્મ શરીર** અને કોશત્રય કહે છે. ને તે જાગ્રત અવસ્થાનો વાસનાત્મક હેતુ તથા સ્વપ્ન અને સ્થૂલ પ્રપંચનું લયસ્થાન કહેવાય છે એ સ્થૂળ શરીરના

વ્યષ્ટિરૂપ ઉપહિત ચૈતન્યને તૈજસ કહે છે તેથી તેજોમય અંતઃકરણ તેની ઉપાધિ છે. (૪૯)

अस्यापीयंव्यष्टिःस्थूलशरीरापेक्षया सूक्ष्मत्वात् सूक्ष्मशरीरं विज्ञानमयादि कोशत्रयं जाग्रद्वासनामयत्वात्स्वप्नः । अत एव स्थूलशरीरलयस्थान मितिचोच्यते । एतौ सूत्रात्मतैज सौतदानीं सूक्ष्माभिर्मनोवृत्तिभिःसूक्ष्म विषयाननुभवतः । " प्रविविक्तभुक्तैजसः " इत्यादिश्रुतेः ॥ ५० ॥

ભા૦—પૂર્વોક્ત તૈજસ ઉપાધિરૂપ તે વ્યષ્ટિભૂત સૂક્ષ્મ શરીર, સ્થૂલ શરીર કરતાં અત્યંત સૂક્ષ્મ છે તેથી તેને સૂક્ષ્મ શરીર અથવા કોશત્રય કહે છે. એ સૂક્ષ્મ શરીર વાસનામય છે તેને સ્વપ્ન અને સ્થૂળ શરીરનું લયસ્થાન કહે છે. સુષુપ્તિ અવસ્થામાં હિરણ્યગર્ભ ને તૈજસ બન્ને સૂક્ષ્મ મનની વૃત્તિદ્વારા સૂક્ષ્મ વિષયનો અનુભવ કરે છે. એ વિષયમાં શ્રુતિ પ્રમાણ છે કે "તૈજસજ સૂક્ષ્મ વસ્તુનો ઉપભોગ કરેછે." (૫૦)

अत्रापि समष्टिव्यष्ट्योस्तदुपहित सूत्रात्मतैजसयोश्च वनवृक्षवत्तदवच्छिन्नाकाशवच्च जलाशय जलवत्तद्गत प्रतिबिम्बिताकाशवच्चा भेदः । एव सूक्ष्म शरीरोत्पत्तिः ॥५१॥

ભા૦—જેમ વન અને વૃક્ષ પરસ્પર જુદાં નથી તથા વનાવચ્છિન્ન આકાશ અને વૃક્ષાવચ્છિન્ન આકાશમાં ભિન્નતા નથી અને વળી તળાવ તથા જળાશય તેમાં નથી ને તળાવગત પ્રતિબિંબિત આકાશ ને જળાશયગત પ્રતિબિંબિત આકાશ પૃથક્ નથી. તેમ સૂક્ષ્મશરીરની સમષ્ટિ અને વ્યષ્ટિ તથા તદુપહિત હિરણ્યગર્ભ ને તૈજસ તેમાં પણ કોઇ પ્રકારનો ભેદ નથી. એ પ્રકારે સૂક્ષ્મ શરીરની ઉત્પત્તિ છે. (૫૧)

स्थूल भूतानितु पंची कृतानि । पंचीकरणंतु आकाशादि पंचस्वेकैकं द्विधासमं विभज्यतेषु दशसु भागेषु प्राथमिकान् पंच भागान् प्रत्येकं चतुर्धासमं विभज्यतेषां चतुर्णां भागानां स्वस्वाद्वितीयार्द्धभागं परित्यज्य भागान्तेषु संयोजनम्

तदुक्तम् " द्विधाविधायचैकैकं चतुर्धा प्रथमं पुनः । स्वेस्वेतराद्वितीयांशैर्योजनात्पंचपंचते " इति ॥ ५२ ॥

ભા૦—હવે પંચીકૃત ભાવને પામેલાં આકાશાદિ પંચભૂતથી ઉત્પન્ન થનાર સ્થૂળભૂતની હકીકત કહે છે. તેમાં પ્રથમ ભૂતોના પંચીકરણની રીત બતાવે છે. પંચભૂતોમાંથી પ્રત્યેક ભૂતના સરખા બે બે ભાગ કરવાથી કૂલ દશ (૧૦) ભાગ થાય છે ત્યારબાદ તે દશે ભાગમાંથી દરેક ભૂતનો એક એક ભાગ લઇ તે એકેક ભાગના (પાંચભૂતોના) સરખા ચાર ચાર ભાગ કરીને પહેલા બાકી રહેલા દરેક ભૂતોના પાંચ ભાગોમાંના એક એક ભાગ સાથે આ ચાર ભાગ મેળવી દેતાં દરેક ભૂતના પાંચ પાંચ ભાગ મળી કૂલ પચીશ (૨૫) ભાગ થાય છે તેને પંચીકરણ કહે છે. એ પ્રમાણે અન્યશાસ્ત્રકાર પણ કહે છે કે " પંચભૂતના પ્રત્યેકના સમાન બે ભાગ કરવા પછી એ ભાગ કરેલાં પંચભૂતમાંના એક ભાગના પુનઃ ચાર ચાર ભાગ કરવા ને પછી બાકી રહેલા પ્રથમના પાંચભાગમાંના એક એક ભાગમાં ચાર ચાર ભાગને મેળવતાં પંચીકરણ[1] થાય છે. (૫૨)

---

૧ પંચીકરણને વધારે સ્પષ્ટ સમજવા માટે એક દાખલો આપીએ કે પાંચભૂતોને ઠેકાણે એક શેર (ચાળીશસારનો) બાજરી, એક શેર ચોખા, એક શેર મગ, એક શેર ઘઉં, ને એક શેર દાળ, એમ પાંચ અનાજ લઇએ. પછી દરેકના અરધા અરધા શેરના એટલે બે અરધા શેરના બાજરીના ઢગલા, બે અરધા શેરના ચોખાના ઢગલા, બે અરધા શેરના મગના ઢગલા, બે અરધા શેરના ઘઉંના ઢગલા ને બે અરધા શેરના દાળના ઢગલા, એમ દરેક અનાજના અરધા અરધા બબે ઢગલા કરયા બાદ બાજરીના બે ઢગલામાંથી અરધા શેરનો એક ઢગલો રહેવા દઇએ અને બીજો જે અરધા શેરનો ઢગલો છે તે લઇ તેના ચાર ભાગ કરીએ એટલે નવટાંક નવટાંકનો (પાંચ રૂપિયાભાર) એક એક ભાગ થયો. એ પ્રમાણે ચોખાના બે ભાગમાના એક ભાગને લઇને તેના ચાર ભાગ કરીએ, તેમજ મગ, ઘઉં, ને દાળમાના પણ એકેક ભાગને બાકી રાખી એકેક ભાગને લઇ દરેકના ચાર ભાગ કરીએ એટલે કૂલ અરધા શેર બાજરીનો એક ને અરધા શેર બાજરીના ચાર એમ મળી દરેક પ્રકારના અનાજના પચીશ ભાગ થયા. હવે ચોખાના ચાર ભાગને લઇને, જે બાજરી, મગ, ઘઉં ને દાળના અરધા અરધા શેરના ભાગ પડેલા છે તે દરેકમાં એક એક ચોખાનો ભાગ નાખીએ. એ પ્રમાણે દરેક અનાજ નવટાંક નવટાંક

अस्या प्रामाण्यं नाशङ्कनीयंत्रिवृत्करण श्रुतेः । पंचीकरणस्याप्युपलक्षणत्वात् । पंचानां पंचात्मकत्वे समानेऽपि "तेषुच वैशिष्ट्यात्तुतद्वादस्तद्वादः" इतिन्यायेन आकाशादिव्यपदेशःसंभवति ॥ ५३ ॥

ભા૦—ઉપર પ્રતિપાદન કરેલા પંચીકરણના વિષય માટે પ્રમાણ નથી એવી શંકા કરવી નહિ. કેમકે ત્રિવૃત્કરણ ની શ્રુતિ થી પંચીકરણનો પણ ઉલ્લેખ થાય છે. પંચભૂતના પંચાત્મક રૂપમાં સમાન-અર્થાત મળેલ છતાં પ્રત્યેક પંચભૂતનો ભિન્ન ભિન્ન વ્યવહાર થાય છે એ બાબતમાં ન્યાય પ્રમાણ છે કે "આકાશાદિ પાંચ ભૂતોમાં પોતપોતાનો અંશ અધિક હોવાથી સર્વ ભૂતોનાં આકાશાદિ નામ કહેવાય છે" તેથી આકાશાદિ પંચભૂતોનો ઉપદેશ થઇ શકે છે. (૫૩)

तदानी माकाशेशब्दोऽभिव्यज्यते, वायौशब्द स्पर्शौ, अग्नौ शब्दस्पर्शरुपाणि, अप्सुशब्दस्पर्शरुपरसाः, पृथिव्यां शब्दस्पर्शरुपरसगन्धाश्च ॥ ५४ ॥

ભા૦—પંચભૂતના પંચીકરણ સમયે આકાશમાં શબ્દગુણ; વાયુમાં શબ્દગુણ, તથા સ્પર્શગુણ; અગ્નિમાં શબ્દ, સ્પર્શ, અને રૂપગુણ; જલમાં શબ્દ, સ્પર્શ, રૂપ, અને રસ; પૃથ્વીમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, તથા ગંધગુણ પ્રકાશિત થાય છે (૫૪)

एतेभ्यः पञ्चीकृतेभ्यो भूतेभ्यो भूर्भुवःस्वर्महर्जनस्तपः सत्यमित्येतन्नामकानामुपर्युपरि विद्यमानानामतल

ભાગ દરેક અનાજમાં મળી ખીચડી જેવું થાય તેનું નામ પંચીકરણ. તે ભાગ આ પ્રમાણે મળે છે (ચોખાના નવટાંક નવટાંકના ચાર ભાગ તે બાજરીના અરધા શેરમાં એક મગના અરધા શેરમાં એક ઘઉંના અરધા શેરમાં એક ને દાળના અરધા શેરમાં એક એમ દરેકે મળી પુનઃ એક શેર શેર થાય તે પંચીકરણ) આંકડાથી લખીએ તો (૨૦-ભાર ચોખા×૫-ભાર બાજરી-૫-ભાર મગ-૫-ભાર ઘઉં-૫-ભાર દાળ=) એક શેર એમ દરેકને સમજવું તે પંચીકરણ.

वितल सुतल रसातल तलातल महातल पाताल नामकाना-मधोऽधो विद्यमानानां लोकानां ब्रह्माण्डस्य तदन्तर्गत चतुर्विधस्थूल शरीराणामन्नपानादीनाञ्चोत्पत्तिर्भवति ॥ ५५ ॥

ભા૦—એ પંચીકૃત પામેલાં આકાશાદિ ભૂતોમાંથી ઉપર વિદ્યમાન **ભૂર્લોક, ભૂવર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક, તપલોક,** અને **સત્યલોક,** ઉત્પન્ન થાયછે. તેમજ તેજ પંચીકૃત ભૂતોથી નીચે નીચે હોનાર **અતલ, વિતલ, સુતલ, રસાતલ, તલાતલ, મહાતલ,** તથા **પાતાલ,** એ સંપૂર્ણ લોક ઉત્પન્ન થાય છે. એ પ્રકારે એ પંચભૂતોથી **બ્રહ્માંડ,** અને ચાર પ્રકારનાં **સ્થૂલ શરીર** તથા સ્થૂલ શરીરના ભોજ્ય **અન્નપાનાદિ** ઉત્પન્ન થાય છે (૫૫)

चतुर्विधस्थूलशरीराणि जरायुजाण्डजस्वेदजोद्भिज्जाख्यानि । जरायुजानि जरायुभ्योजातानि मनुष्यपश्वादीनि । अण्डजानि अण्डेभ्योजातानि पक्षिपन्नगादीनि । स्वेदजानि स्वेदेभ्योजातानि यूकमशकादीनि । उद्भिज्जानि भूमिमुद्भिद्यजातानि लतावृक्षादीनि ॥ ५६ ॥

ભા૦—સ્થૂલ શરીરના ચાર ભેદ છે (૧) જરાયુજ, (૨) અંડજ, (૩) સ્વેદજ, (૪) ઊદ્ભિજ્જ, તેમાં જરાયુથી ઊત્પન્ન થનાર મનુષ્ય, ને પશુ આદિને **જરાયુજ** કહે છે. ઇંડાથી ઊત્પન્ન થનાર પક્ષી તથા સરપાદિકને **અંડજ** કહે છે. સ્વેદથી (પરસેવો) ઊત્પન્ન થનાર જૂ, માકડ આદિને **સ્વેદજ** કહે છે પૃથ્વીને ફાડીને ઉત્પન્ન થનાર વેલ, તથા વૃક્ષ આદિને **ઊદ્ભિજ્જ** કહે છે (૫૬)

अत्रापिचतुर्विध स्थूल शरीरम् ॥ एकानेकबुद्धि विषयतया वनवज्जलाशयवद्वा समष्टिः, वृक्षवज्जलवद्वा व्यष्टिरपिभवति । एतत्समष्ट्युपहितं चैतन्यं वैश्वानरो विराडितिचोच्यते । सर्वनराभिमानित्वाद्विविधं राजमानत्वाच्चअस्यैषा समष्टिः स्थूल शरीरं अन्नविकारत्वादन्नमयकोशः । स्थूल भोगायतनत्वाज्जाग्रदितिचोच्यते ॥ ५७ ॥

ભા૦—જેમ વન વૃક્ષ સમુહની સમષ્ટિ છે અને સઘળાં વૃક્ષ વનની વ્યષ્ટિ છે તથા તળાવ જળની સમષ્ટિ છે ને જળ તળાવની વ્યષ્ટિ છે તેમ ચાર પ્રકારનાં શરીર એક સ્થળ એકઠાં થતાં સમષ્ટિ કહેવાય છે અને પૃથક્ પૃથક્ વ્યષ્ઠિ કહેવાય છે તે સ્થૂલ શરીરની સમષ્ટિ ઉપહિત ચૈતન્ય સર્વ દેહનો અભિમાની અનેક પ્રકારથી બિરાજમાન વૈશ્વાનર અગર વિરાટ કહેવાયછે તે સમષ્ટિ સ્થૂળ શરીર અન્નનો વિકાર હોવાથી **અન્નમયકોશ** કહેવાય છે ને તે સમષ્ટિ સ્થૂળ ભોગનું સ્થાન છે તેથી તે જાગ્રત્ પણ કહેવાય છે (૫૭)

एतद्व्यष्ट्युपहितं चैतन्यं विश्वइत्युच्यते। सूक्ष्मशरीराभिमानमपरित्यज्य स्थूल शरीरादि प्रवेष्टृत्वात्। अस्याप्येषाव्यष्टिः स्थूल शरीरं अन्नविकारत्वात् अन्नमयकोशः। स्थूल भोगायतनत्वात् जाग्रदितिचोच्यते ॥ ५८ ॥

ભા૦—વ્યષ્ટિરૂપ સ્થૂળ શરીર ઉપહિત જે ચૈતન્ય છે તેને વિશ્વ કહે છે તેજ કારણથી તે ચૈતન્ય સૂક્ષ્મશરીરના અભિમાનનો ત્યાગ કર્યા વિનાજ સ્થૂળ શરીરમાં પ્રવેશ કરે છે અને પ્રથમ કહેલ વ્યષ્ટિ સ્થૂળ શરીર અન્નનો વિકાર હોવાથી તેને **અન્નમયકોશ** પણ કહે છે ને તેજ વ્યષ્ટિ સ્થૂલ ભોગનું સ્થાન છે તેથી તેને **જાગ્રત્** પણ કહે છે (૫૮)

तदानीमेतौ विश्ववैश्वानरौ दिग्वातार्कप्रचेतोऽश्विभिः क्रमान्नियन्त्रितेन श्रोत्रादीन्द्रिय पञ्चकेन क्रमाच्छब्द स्पर्शरूपरसगंधान् अग्नीन्द्रोपेन्द्रयम प्रजापतिभिः क्रमान्नियन्त्रितेन वागादीन्द्रियपञ्चकेन क्रमाद्वचना दानगमन विसर्गानन्दान् चन्द्रचतुर्मुखशङ्कराच्युतैः क्रमान्नियन्त्रितेन मनोबुद्ध्यहङ्कारचित्ताख्येनान्तरिन्द्रियचतुष्केन क्रमात्संशयनिश्चयाहङ्कार्यचैतांश्चसर्वानेतान् स्थूल विषयाननुभवतः। " जागरितस्थानोबहिः प्रज्ञः " इत्यादिश्रुतेः ॥ ५९ ॥

ભા૦—જાગ્રત્ કાળમાં વિશ્વ અને વૈશ્વાનર એ બન્ને દિશા, વાયુ, સૂર્ય, વરૂણ, અને અશ્વિની કુમાર, એ પાંચેની પ્રેરણાથી

કર્ણ, (કાન) ત્વચા, (ચામડી) ચક્ષુ, (આંખ) જીવ્હા, (જીભ) ઘ્રાણ, (નાક) એ પાંચ જ્ઞાનેંદ્રિયો વડે અનુક્રમ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પાંચ વિષયનો અનુભવ કરે છે. એજ પ્રકારે અગ્નિ, ઇન્દ્ર, વિષ્ણુ, યમ, અને બ્રહ્માની પ્રેરણાથી વાણી, પાણી, (હાથ) પાદ (પગ) પાયુ, (ગુદા) અને ઉપસ્થ, એ પાંચ કર્મેન્દ્રિયોથી ક્રમે કરી વાક્ય, ગ્રહણ, ચાલવું, ત્યાગ અને આનંદ એ પાંચ બાહ્ય વિષયોનો અનુભવ કરે છે. અને ચન્દ્રમા, બ્રહ્મા, શિવ, તથા વિષ્ણુ, એ ચાર દેવતાઓની પ્રેરણાદ્વારા મન, બુદ્ધિ, અહંકાર, અને ચિત્ત, એ ન.થી ક્રમે સંશય, નિશ્ચય, અહંકાર, અને ચિંત્તન, એ ચાર સ્થૂલ વિષયનો અનુભવ કરે છે. તેમાં શ્રુતિ પણ પ્રમાણ છે કે "જાગ્રત અવસ્થામાં વિશ્વ અને વૈશ્વાનર બાહ્ય સ્થૂલ વિષયનો અનુભવ કરે છે. (૫૯)

अत्राप्यनयोः स्थूलव्यष्टि समष्ट्योस्तदुपहितयोर्विश्व-वैश्वानरयोश्च वनवृक्षवत्तदवच्छिन्नाकाशवच्च जलाशय जल-वत्तद्गत प्रतिबिम्बाकाश वच्चवापूर्ववद् भेदः । एवं पञ्चीकृत पञ्चभूतेभ्यः स्थूल प्रपञ्चोत्पत्तिः ॥ ६० ॥

ભા૦—જેમ વન અને વૃક્ષમાં, વનાવચ્છિન્ન આકાશ, અને વૃક્ષાવચ્છિન્ન આકાશ; તથા જળાશય અને જળમાં, તળાવ પ્રતિ બિંબિત આકાશ, ને જલ પ્રતિબિંબિત આકાશમાં કંઇ ભેદનથી તેમ સ્થૂલ શરીરની સમષ્ટિ, અને વ્યષ્ટિ, તથા સમષ્ટિ સ્થૂલ શરીર ઉપહિત ચૈતન્ય વૈશ્વાનર, ને સ્થૂલ વ્યષ્ટિ શરીર ઉપહિત ચૈતન્ય વિશ્વ; તેનો પણ કંઇ ભેદ નથી. ઉક્ત પ્રકારે પંચીકૃત પંચ ભૂતોથી સ્થૂલ શરીરોની ઉત્પત્તિ થાય છે (૬૦)

एतेषां स्थूल सूक्ष्म कारण शरीर प्रपञ्चानां समष्टि-रेको महाप्रपञ्चोभवति । यथा अवान्तरवनानां समष्टिरेकं महद्वनम् । यथावा अवान्तर जलाशयानां समष्टिरेको महा-जलाशयः । तदुपहित विश्ववैश्वानरादीश्वरपर्यन्तं चैतन्यम-

पिअवान्तर वनावच्छिन्नाकाशवद्वान्तर जलाशयगत प्रति-
बिम्बिताकाशवच्च एकमेव ॥ ६१ ॥

ભા૦—જેમ જુદાં જુદાં વનની સમષ્ટિ એક મહાવન કહેવાય છે, અને પ્રથક્ પ્રથક્ તળાવોની સમષ્ટિ એક મોટું તળાવ થઇ જાય છે. તેમ સ્થૂલ, સૂક્ષ્મ, ને કારણ શરીરના પ્રપંચની સમષ્ટિ એક મહા પ્રપંચ કહેવાય છે. વળી જેમ સંપૂર્ણ વનાવચ્છિન્ન આકાશ, અને યાવત જળાશય ગત પ્રતિબિંબિત આકાશ, એકજ આકાશ છે. તેમ સમગ્ર પ્રપંચાવચ્છિન્ન વૈશ્વાનર ને વિશ્વ હિરણ્યગર્ભ ને તૈજસ અને ઈશ્વર તથા પ્રાજ્ઞ એ સર્વ એકજ ચૈતન્ય છે (૬૧)

आभ्यां महाप्रपञ्च तदुपाहित चैतान्याभ्यां तप्तायः पिण्डवद् विविक्तंसत् अनुपहितं चैतन्यं " सर्वं खल्विदं ब्रह्मैव " इतिमाहावाक्यवाच्यं भवति विविक्तं सल्लक्ष्यमपि भवति ॥ ६२ ॥

ભા૦—જેમ તપેલા લોઢાથી અભિન્ન અગ્નિ " अयोदहति " આબાળે છે આ વાક્યનો વાચ્ય થાય છે, અને પ્રથક્ રૂપે એજ વાક્યનો લક્ષ્ય થાય છે તેમ મહાપ્રપંચાવચ્છિન્ન ચૈતન્ય આ મહાપ્રપંચથી અભિન્ન થઇને (सर्वं खल्विदंब्रह्म આ સર્વ નિશ્ચય બ્રહ્મ છે) એ વાક્યનો વાચ્ય થાય છે; અને પ્રથક્ રૂપે એ મહાવાક્યનો લક્ષ્ય બને છે. (૬૨)

एवं वस्तुन्यवस्त्वारोपोऽध्यारोपः सामान्येन प्रदर्शितः । इदानीं प्रत्यगात्मनि इदमिदमय मारोपयतीति विशेष उच्यते । तथाच अति प्राकृतस्तु " आत्मा वैजायते पुत्रः " इत्यादिश्रुतेः । स्वास्मिन्निवस्व पुत्रेऽपि प्रेमदर्शनात् पुत्रे पुष्टे-नष्टेऽहमेव पुष्टोनष्टश्चेत्याद्यनुभवाच्च पुत्र आत्मेति वदति । चार्वाकस्तु " सवाएष पुरुषोऽन्नमयः " इत्यादिश्रुतेः प्रदीप्त गृहात्स्वपुत्रं परित्यज्यापिस्वस्य निर्गमदर्शनात्

स्थूलोऽहं कृशोऽहमित्याद्यनुभवाच्च स्थूलशरीरात्मेति वदति । अपरश्चार्वाकः " तेहप्राणाः प्रजापतिं समेत्य क्रयुः " इत्यादिश्रुतेः इन्द्रियाणामभावे शरीर चलनाभावात्का- णोहं बधिरोहं इत्याद्यनु भवाश्च इन्द्रियाण्यात्मेति वदति॥६३॥

ભા૦—પૂર્વોક્તિ પ્રમાણે સંક્ષેપથી વસ્તુરૂપ બ્રહ્મચૈતન્યમાં અવસ્તુનો અધ્યારોપ બતાવ્યો હવે વિશેષ રૂપથી જીવચૈતન્યમાં અધ્યારોપ અર્થાત્ કયા કયા મતાવલંબી કે કે વસ્તુને જીવાત્મા કહે છે તે દેખાડે છે. અજ્ઞાની પુરૂષ પુત્રને આત્મા કહે છે અને " આત્માજ પુત્ર રૂપ થઇને જન્મ લે છે " આ શ્રુતિનું પ્રમાણ આપે છે અને યુક્તિ પ્રમાણ પણ આપે છે કે " જેવો આપણામાં પ્રેમ છે તેવોજ પુત્રમાં પણ પ્રેમથાય છે એ કારણથી પુત્રજ આત્મા છે અને તેમાં અનુભવ પણ છે કે, જેમ પુત્રના પુષ્ટ થવાથી હું પુષ્ટ થઇ ગયો અને પુત્રના નષ્ટ થવાથી હું નષ્ટ થઇ ગયો એ પ્રકારનું જ્ઞાન થાય છે તેથી પુત્રજ આત્મા છે " અને ચાર્વાકમતાવલંબી તો સ્થૂલશરીરને આત્મા કહે છે અને શ્રુતિ પ્રમાણ આપે છે કે " અન્નમય રસના વિકાર યુક્ત આ પુરૂષજ આત્મા છે " અને યુક્તિ બતાવે છે કે " સર્વ પુરૂષ પુત્રનો પણ પરિત્યાગ કરીને બળતા ઘરમાંથી પોતાનો બચાવ કરવાનો ઉપાય કરે છે " અને એ વિષયમાં અનુભવ પણ એવો કહે છે કે " હું પુષ્ટ છું, હું દુર્બલ છું." એવું જ્ઞાન સર્વ સાધારણને થાય છે. તેથી સ્થૂલશરીરજઆત્મા છે. બીજા ચાર્વાકમતાવલંબી તો ઇંદ્રિયોના સમુહને આત્મા કહે છે અને વેદ નું પ્રમાણ આપે છે કે " ઇન્દ્રિયોનો સમુહ બ્રહ્માની પાસે જાય છે ત્યારે ઇંદ્રિયોના ન હોવાથી શરીર કાંઇ વ્યાપાર કરી શકતું નથી " તેથી ઇન્દ્રિય સમુહજ આત્મા છે. અને યુક્તિ પણ આપે છે કે " હું આંધળો છું, હું બહેરો છું. એ પ્રકારે સર્વને જ્ઞાન થાય છે તે ઇંદ્રિય ગણ આત્મા છે. (૬૩)

अपरश्चार्वाकः " अन्योऽन्तरआत्मा प्राणमयः " इत्यादिश्रुतेः प्राणाभावेइन्द्रिय चलना योगात् अहमशनाया वानहंपिपासावान् इत्याद्यनुभवाच्चप्राणआत्मेतिवदति ।

अन्यस्तुचार्वाकः " अन्योऽन्तर आत्मा मनोमय : " इत्यादिश्रुतेः मनसिसुप्ते प्राणादेरभावात् अहंसङ्कल्पवानहं विकल्पवानित्याद्यनुभवाच्चमन आत्मेति वदति ॥ ६४ ॥

ભા૦—કોઇ કોઇ ચાર્વાકમતાવલંબી પ્રાણને આત્મા કહે છે. અને શ્રુતિ નું પ્રમાણ આપે છે કે " પ્રાણમય અન્તરાત્મા શરીરાદિથી ભિન્ન છે અને પોતાનો મત સ્થાપન કરવા યુક્તિ પણ કહે છે કે " જ્યારે કોઇ સમયે આશરીરમાં પ્રાણ હોતો નથી ત્યારે ઇંદ્રિયોનો સમુહ કાંઇ ક્રિયા કરી શકતો નથી. તેથી પ્રાણજ આત્મા છે અને અનુભવ પણ થાય છે કે. " હું ભૂખ્યો છું, હું તરસ્યો છું." એ પ્રમાણે પંડિતથી પામર પર્યંત સર્વ ને ભાન થાય છે તે કારણથી પ્રાણજ આત્મા છે. વળી કોઇ ચાર્વાક તો મનને આત્મા કહે છે અને શ્રુતિ પ્રમાણ આપે છે કે " મનોમય અંતરાત્મા શરીર, ઇંદ્રિય, અને પ્રાણથી ભિન્ન છે અને પોતાના મતની પ્રાધાન્યતાને માટે યુક્તિ કહે છે કે " જે વખત મન સ્વપ્નાવસ્થામાં હોય છે ત્યારે પ્રાણાદિનો અભાવ હોય છે મને અમુક સંકલ્પ અગર વિકલ્પ છે એવો અનુભવ સર્વને થાય છે તેથી મનજ આત્મા છે (૬૪)

बौद्धस्तु " अन्योऽन्तर आत्मा विज्ञानमयः " इत्यादिश्रुतेः कर्तुरभावे करणस्य शक्त्यभावात् ' अहंकर्ता अहंभोक्ता ' इत्याद्यनुभवाच्च बुद्धिरात्मेति वदति ॥ ६५ ॥

ભા૦—બૌધમતાવલંબી બુદ્ધિને આત્મા કહે છે અને શ્રુતિ નું પ્રમાણ આપે છે કે " વિજ્ઞાનમય અંતર આત્મા શરીર, પ્રાણ, અને મનથી ભિન્નછે અને યુક્તિ બતાવેછે કે ' જે વખત કર્તાનો અભાવ હોય છે તે વખત કરણ શક્તિનો પણ અભાવ હોય છે ' એવી પ્રતીતિ છે અને બુદ્ધિના અભાવે ઇંદ્રિયોની શક્તિનો અભાવ જોવામાં આવે છે અને હું કર્તા છું, હું ભોક્તા છું. એવો અનુભવ પણ સર્વ ને થાય છે તેથી બુદ્ધિજ આત્મા છે. (૬૫)

प्राभाकरतार्किकौतु "अन्योऽन्तर आत्मा आनन्दमयः" इत्यादिश्रुतेः सुषुप्तौबुद्ध्यादीनामज्ञानेलयदर्शनात 'अहमज्ञ' इत्याद्यनुभवाच्च अज्ञानमात्मेति वदतः ॥ ६६ ॥

ભા૦—પ્રાભાકર (મીમાંસક) અને તાર્કિક (નૈયાયિક) બન્ને તો અજ્ઞાનનેજ આત્મા કહે છે. અને શ્રુતિનુ પ્રમાણુ આપે છે કે "અન્તરાત્મા શરીરાદિથી જુદો અને આનંદ મય છે" અને યુકિત થી પણુ સિદ્ધ કરે છે કે. "સુષુપ્તિ અવસ્થામાં બુદ્ધિ આદિકનો અજ્ઞાન માં લય થાય છે." 'અને હું મૂર્ખ હું અજ્ઞાની' એ પ્રકારનો અનુભવ સર્વને થાય છે તેથી અજ્ઞાનજ આત્મા છે. (૬૬)

भट्टस्तु "प्रज्ञानघन एवानन्दमय आत्मा" इत्यादिश्रुतेः सुषुप्तौ प्रकाशा प्रकाश सद्भावात् मामहं जानामीत्याद्यनुभवाच्च अज्ञानोपहितं चैतन्यमात्मेति वदति ॥६७॥

ભા૦—ભટ્ટમતાવલંબી કોઇ મીમાંસક અજ્ઞાન સમષ્ટિ દ્વારા ઉપહિત ચૈતન્ય અર્થાત્ ઇશ્વર ચૈતન્ય ને આત્મા કહે છે અને શ્રુતિ પ્રમાણુ આપે છે કે "આત્માજ પ્રજ્ઞાન ઘન તથા આનંદ મય છે" એ યુકિત કથન કરે છે કે 'સુષુપ્તિમાં સર્વ લય પામ્યા છતાં અજ્ઞાનોપહિત ચૈતન્ય નો પ્રકાશ રહે છે અને હું મને પોતાને નથી જાણુતો એવો અનુભવ પણુ થાય છે તે કારણુથી અજ્ઞાનોપહિતચૈતન્યજ આત્મા છે. (૬૭)

अपरोबौद्धः "असदेवेदमग्र आसीदित्यादिश्रुतेः" सुषुप्तौ सर्वाभावादहं सुप्तः सुषुप्तौनासमित्युत्थितस्य स्वभाव परावर्श विषयानुभवाच्च शून्यमात्मेति वदति ॥ ६८ ॥

ભા૦— કોઇ બૌદ્ધમતાવલંબી શૂન્યનેજ આત્મા કહે છે અને શ્રુતિ પ્રમાણુ બતાવે છે કે "જગત પ્રથમ અસત હતું" અને યુકિત કહે છે કે 'સુષુપ્તિ કાલમા બુદ્ધિ આદિ સર્વનો અભાવ છે સુષુપ્તિમાંથી ઉઠેલો પુરૂષને એવું જ્ઞાન થાય છે કે સુષુપ્તિમાં મારો અભાવ થઇ ગયો હતો એ અનુભવથી શૂન્યજ આત્મા છે. (૬૮)

एतेषां पुत्रादीनां शून्यपर्य्यन्तानामनात्मत्वमुच्यते । एतैरति प्राकृतादिवादिभिरुक्तेषुश्रुतियुक्त्यनुभवाभासेषु पूर्व पूर्वोक्त श्रुतियुक्त्यनुभवाभासानामुत्तरोत्तरश्रुतियुक्त्यनुभवाभासैरात्मबाधदर्शनात्पुत्रादीनामनात्मत्वं स्पष्टमेवेति ॥ ६९ ॥

ભા૦—પુત્રને આદિ માંડીને શૂન્ય પર્યન્ત કોઇને આત્મા કહી શકાતો નથી કેમકે પુત્રાદિનું અનાત્મત્વ સ્પષ્ટ માલૂમ પડેછે તેથી જે પુત્રાદિકને આત્મા કહે છે તે મહા મૂઢ છે અને તેનાં પ્રથમ બતાવેલાં શ્રુતિ, યુકિત, અને અનુભવ પ્રમાણો અન્ય બતાવેલાં ઊત્તરોત્તર પ્રમાણોથી ખંડન થઇ જાય છે તેથી પૂર્વોકત મતાવલંબિયોએ જે પુત્રાદિકને આત્મા કહેલ છે તે બરાબર નથી. (૬૯)

" किञ्च प्रत्यगस्थूलो अचक्षुरप्राणोअमनाअकर्ता चैतन्यं चिन्मात्रंसत् " इत्यादि प्रबलश्रुतिविरोधात्अस्य पुत्रादि शून्य पर्य्यन्तस्य जडस्य चैतन्य भास्यत्वेन घटादिवदनित्यवात् अहंब्रह्मेति विद्वदनुभव प्राबल्याच्च तत्तच्छ्रुतियुक्त्यनुभवाभासानां बाधितत्वादपि पुत्रादि शून्य पर्य्यन्तमखिलमनात्मैव ॥ ७० ॥

ભા૦—યદિ પુત્રાદિકને આત્મા કહીશું તો શ્રુતિ આદિથી અત્યંત વિરોધ પડશે કારણકે "આત્મા સ્થૂલનથી, આત્મા ઇન્દ્રિયગણ નથી, પ્રાણ નથી, મન નથી, અને કર્ત્તા પણ નથી. પરંતુ કેવલ ચૈતન્ય મય સત્યસ્વરૂપ છે " ઇત્યાદિ પ્રબલ શ્રુતિ દ્વારા સિદ્ધ થાય છે કે પુત્રા દિથી શૂન્ય પર્યંત જડ ચૈતન્યના ભાસક હોવાથી ઘટાદિની પેઠે અનિત્ય છે અર્થાત્ હેત્વા ભાસ છે. ત્યારે અત્ર એક શંકા થાય છે કે પુત્રાદિકને આત્મા માનનારાઓએ પણ શ્રુતિ પ્રમાણથી સિદ્ધ કર્યું છે તો આ સ્થાનમાં શ્રુતિઓનો પરસ્પર વિરોધ દેખાય છે ગ્રંથકાર તેનું સમાધાન આપે છે કે શ્રુતિ સાક્ષાત ઇશ્વર વચન હોવાથી

તેમાં કોઇ પ્રકારનો ભેદ છે નહિ પરંતુ પુત્રાદિકને આત્મ કહી શ્રુતિનો આશય બીજાને ભ્રમ કરવાનો નથી કિંતુ ૧ स्थूलारूंधतीन्यावे સૂક્ષ્મ આત્મતત્વનો ઉપદેશ કરવાનો છે. શ્રુતિઓનો પરસ્પર વિરોધ છેજ નહિ વળી જ્ઞાનીઓને હું બ્રહ્મજ છું એવો દૃઢ અનુભવ થાય છે તે કારણથી પુત્રાદિથી શૂન્ય પર્યન્ત કોઈ પદાર્થને આત્મા કહી શકાતો નથી છતાં પુત્રાદિકને આત્મા કહેવામાં પુર્વોકત શ્રુતિ, યુક્તિ, અને અનુભવ પ્રમાણનો વિરોધ આવે છે તેથી પુત્રાદિકનું અનાત્મપણું સ્પષ્ટ સિદ્ધ થાય છે. (૭૦)

अतस्तत्तद्भासकं नित्य शुद्ध बुद्ध मुक्त सत्य स्वभावं प्रत्यक् चैतन्यमेवात्मतत्त्वमितिवेदान्तविदनुभवः । एव मध्यारोपः ॥ ७१ ॥

ભા૦—ત્યારે અન્તમાં એજ સિદ્ધ થાય છે કે પુત્રાદિથી શૂન્ય પર્યન્તનો જે પ્રકાશક છે અને જે નિત્ય, શુદ્ધ, સર્વજ્ઞ, મુકત, સત્ય સ્વરૂપ, પ્રત્યક્ ચૈતન્ય છે તેજ આત્મા છે એવો વેદાન્તશાસ્ત્રના જ્ઞાતાઓનો અનુભવ છે એ પ્રકારે વસ્તુમાં અવસ્તુનો અધ્યારોપ ન્યાય વિશેષ રૂપથી બતાવ્યો. (૭૧)

---

૧. આકાશમાં અરૂંધતીનો તારો અત્યંત સૂક્ષ્મ છે તેથી એકદમ દ્રષ્ટિએ આવતો નથી અને વિધિના બલથી વર વધુને તે બતાવવો પડે છે તેથી વિચિક્ષણ પુરૂષો કહે છે કે આકાશમાં જણાતું ચંદ્રમંડળ તે અરૂંધતી છે પછી કહે છે ચંદ્રથી જુદા તારા તે અરૂંધતી છે પછી પુનઃ કહે છે કે તારાથી ભિન્ન સપ્તતારા અરૂંધતી છે પછી તે સાત તારામાંના નીચેના ત્રણ તારા તે અરૂંધતી છે ત્યાર બાદ બોલે છે તે ત્રણ તારામાંનો વચ્ચેનો તારો અરૂંધતી છે અંતમા કહે છે કે તે તારાની પાસે છેક નજીકનો ઝીણો તારો તે અરૂંધતી છે આમાં તાત્પર્ય માત્ર અરૂંધતી બતાવવાનુંજ છે ચંદ્રાદિને અરૂંધતી બનાવવાનું નથી તેને અરૂંધતી ન્યાય કહે છે તેમ સિદ્ધાંતમાં પણ અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાન (બુદ્ધિ) મય, ને આનંદમય કોશને આત્મા કહેવાનું શ્રુતિનું તાત્પર્ય નથી પરંતુ આત્માની સૂક્ષ્મતાપર લક્ષ જવા સારૂ ઉકત ન્યાયાનુસાર શ્રુતિ વદે છે તેથી વિરોધ કોઇ રીતથી આવતો નથી.

ॐ

अपवादोनामरज्जुविवर्त्तस्य सर्पस्य रज्जुमात्रत्ववत् वस्तु विवर्त्तस्या वस्तुनोऽज्ञानादेः प्रपञ्चस्य वस्तुमात्रत्वम् । तदुक्तम् सतत्वतोऽन्यथा प्रथाविकार इत्युदीरितः । अतत्वतोऽन्यथा प्रथाविवर्त्त इत्युदाहृतः " ॥ ७२ ॥

ભા૦—હુવે અપવાદ ન્યાય બતાવે છે. રજ્જુમાં સર્પનો ભ્રમ થઇને જે વખતે તે નાશ પામી જાય છે તે વખત જેમ સર્પજ્ઞાન પણ નાશ પામી જાય છે તે વખત કેવળ રજ્જુનું જ્ઞાન રહી જાય છે તેમ સચ્ચિદાનંદ બ્રહ્મમાં અવસ્તુરૂપ અજ્ઞાનાદિ જડ પદાર્થનો ભ્રમથઇ જે વખત તે નાશ પામી જાય છે ત્યારે કેવળ બ્રહ્મ માત્ર અવસ્થિત રહે છે કેમકે આરૂપ જ્ઞાનનો વિવર્ત્ત છે જેમ અન્ય ગ્રંથોમાં પણ કહેવામાં આવ્યું છે કે જે સ્વરૂપને વિકૃત કરીને કાર્યને ઉત્પન્ન કરે તે વિકારી અથવા પરિણામી ઉપાદાન કારણ છે જેમ દૂધ દહિનું પરિણામી ઉપાદાન કારણ છે અને જે કારણ સ્વરૂપનો વિકાર કર્યા વિનાજ કાર્યને ઉત્પન્ન કરે છે તે તેનું વિવર્ત્તકારણ કહેવાય છે જેમ રજ્જુ સર્પના જ્ઞાનમાં વિવર્ત્ત કારણ છે. (૭૨)

तथाहि खलूच्यते यथा एतद्भोगायतनं चतुर्विधं स्थूलशरीरजातं एतद्भोग्यरूपान्नपानादिकं एतदाश्रय भूतभूरादिचतुर्दशभुवनानि एतदाश्रयभूतं ब्रह्माण्डञ्चैतत् सर्वं एतेषां कारणरूप पञ्चीकृतभूतमात्रं भवति । एतानि शब्दादिविषयसहितानि पञ्चीकृत भूतजातानि सूक्ष्म शरीर जातञ्चैतत् सर्वमेतेषां कारणरूपम पञ्चीकृत भूतमात्रं भवति एतदज्ञानं अज्ञानोपहितं चैतन्यं चेश्वरादिकं एतदाधार भूतानुपहित चैतन्य रूपं तुरियब्रह्ममात्रं भवति आभ्यामध्यारोपापवादाभ्यां तत्त्वं पदार्थ शोधनमपि सिद्धं भवति । तथाहि । अज्ञानादि समष्टिः एतदुपहितं सर्वज्ञत्वादि विशिष्टं चैतन्यं एतदनुपहितं चैतन्यञ्चैतत्त्रयं तप्तायः

पिण्डवदेकत्वेनावभासमानंतत्पदवाच्यार्थोभवति एतदुपाध्युपहिताधारभूतमनुपहितं चैतन्यं तत्पदलक्ष्यार्थो भवति॥७३॥

ભા૦—ભ્રમ નષ્ટ થયા પછી જે પ્રકારે આ સંપૂર્ણ પ્રપંચ પોત પોતાના કારણમાં લીનથઇ બ્રહ્મરૂપમાં અવસ્થિત થાય છે તે બતાવે છે—સ્થૂલ ભોગના સ્થાન સ્વરૂપ ચાર પ્રકારના સ્થૂલ શરીર અને ભોગ્ય અન્નપાનાદિ, એ સર્વના આધારરૂપ ભૂલોકને આદિ લઇને ચૌદ લોક અને તેના વર્તમાન સ્થાન રૂપ બ્રહ્માંડ, એ સર્વ **પંચીકૃત પંચમહાભૂતમાત્ર છે.** શબ્દ સ્પર્શાદિ વિષયો સહિત સર્વ પંચીકૃત પંચભૂત અને સૂક્ષ્મ શરીર એ સર્વ પોતપોતાના કારણરૂપ **અપંચીકૃત પંચમહાભૂતમાત્ર** છે. સત્વ આદિ ગુણયુકત એ સંપૂર્ણ અપંચીકૃત પંચમહાભૂતની ઉત્પત્તિના ઉલટા ક્રમથી અર્થાત્ પૃથ્વી જલથી, જલ અગ્નિથી, અગ્નિ વાયુથી, વાયુ આકાશથી, અને આકાશ અજ્ઞાનથી એ પ્રકારે કારણરૂપ **અજ્ઞાનોપહિતચૈતન્યમાત્ર** છે એ અજ્ઞાનોપહિત ચૈતન્યરૂપ ઇશ્વરને આદિ લઇ સર્વ તેના આધાર ભૂત અનુપહિત ચૈતન્યરૂપ **તુરીય** બ્રહ્મ છે. પૂર્વોકત **અધ્યારોપ** અને **અપવાદ** રૂપ કહેલી રીતિથી "**तत्**" અને "**त्वम्**" એ બન્ને પદાર્થની સંગતિ (શોધન) ઠીક થાય છે. અજ્ઞાનાદિની સમષ્ટિ અર્થાત્ અજ્ઞાન, સૂક્ષ્મશરીર, અને સ્થૂલ શરીરની સમષ્ટિ; તદુપહિતચૈતન્ય અર્થાત (૧) ઇશ્વર (૨) હિરણ્યગર્ભ, અને (૩) વિરાટ તથા અનુપહિત ચૈતન્ય (૪) **તુરીયબ્રહ્મ** તેમાંથી પ્રથમના ત્રણ તપાવેલા લોઢાની પેઠે અતિરિકતરૂપ "**तत्**" એ પદના વાચ્ય થાય છે અને ઉકત ત્રણેના આધાર ભૂત તુરીય બ્રહ્મ "**तत्**" પદનું લક્ષ્યાર્થ થાય છે. (૭૩)

अज्ञानादिव्यष्टिः तदुपहितालपज्ञत्वादिविशिष्ट चैतन्यं एतदनुपहितंचैतन्यञ्चैतत्त्रयंतप्तायःपिण्डवदेकत्वेन भासमानं त्वंपदवाच्योभवति । एतदुपाध्युपहिताधारभूत मनुपहितं प्रत्यगानन्दं तुरीयंचैतन्यं त्वंपदलक्ष्यार्थो भवति ॥ ७४ ॥

ભા૦—અજ્ઞાનાદિની વ્યષ્ટિ અર્થાત્ અજ્ઞાન, સૂક્ષ્મશરીર અને સ્થૂલશરીર, તદુપહિત ચૈતન્ય અર્થાત્ (૧) પ્રાજ્ઞ (૨) તૈજસ (૩) અને વિશ્વ તથા અનુપહિત ચૈતન્ય (૪) તુરીયબ્રહ્મ તેમાં ત્રણુ તપેલા લોઢાની પેઠે અભિન્નરૂપે "त्वम्" પદના વાચ્યથાય છે અને અજ્ઞાનાદિની વ્યષ્ટિ તથા પ્રાજ્ઞઆદિના આધારભૂત અનુપહિત આનંદ રૂપ તુરીયબ્રહ્મ "त्वम्" પદનું લક્ષ્યાર્થ થાય છે. (૭૪)

अथमहावाक्यार्थोवर्ण्यते । इदंतत्वमसिवाक्यंसम्बन्ध त्रयेणअखण्डार्थबोधकंभवति । सम्बन्धत्रयंनामपदयोः सामानाधिकरण्यं पदार्थयोर्विशेषण विशेष्यभावः प्रत्यगात्मपदार्थयो लक्ष्यलक्षण भावश्चेति । यदुक्तम्—"सामानाधिकरण्यंच विशेषणविशेष्यता । लक्ष्यलक्षणसम्बन्धः पदार्थ प्रत्यगात्मनाम्" ॥ ७५ ॥

ભા૦—હવે મહાવાકયના અર્થનો વિચાર કહે છે-"तत्त्वमसि" એ મહાવાકય ત્રણુ પ્રકારના સંબંધ દ્વારા અખંડ બ્રહ્મ ચૈતન્યનું બોધક થાય છે. તે ત્રણુ સંબંધમાં (૧) સામાનાધિકરણ્ય (૨) વિશેષ્ય વિશેષણુ ભાવને (૩) લક્ષ્યલક્ષણભાવ "तत्" અને "त्वम्" એ બન્ને પદોની એક અધિકરણુમાં સ્થિતિ હોવાથી સામાનાધિકરણ્ય સંબંધ થાય છે તે બન્ને પદના પરસ્પર વિશેષ્ય વિશેષરૂપ સંબંધને વિશેષ્ય વિશેષણુભાવ કહે છે. અને પ્રત્યગાત્મા લક્ષ્ય તથા બન્ને પદ લક્ષણુ એ પ્રકારના સંબંધને લક્ષ્યલક્ષણુ ભાવ કહે છે. અન્ય ગ્રંથમાં પણુ કહેલ છે કે-" સામાનાધિ કરણ્ય, વિશેપ વિશેષણુભાવ, અને લક્ષ્ય લક્ષણુભાવ, એ ત્રણ પ્રકારના સંબંધ છે. (૭૫)

सामानाधिकरण्यसम्बन्धस्तावत् यथासोऽयंदेवदत्त इति वाक्येतत्काल विशिष्टदेवदत्तवाचक शब्दस्यएतत्काल विशिष्टवाचकायं शब्दस्यचएकस्मिन्देवदत्तपिण्डेतात्पर्य्य सम्बन्धः । तथाच "तत्त्वमसि" वाक्येऽपिपरोक्षत्वादि विशिष्टचैतन्य वाचकतच्छब्दस्या—परोक्षत्वादिविशिष्ट—

चैतन्यवाचक–त्वंपदस्य चैकस्मिन् चैतन्येतात्पर्य्य सम्बन्धः ॥ ७६ ॥

ભા૦—હવે સામા[1]નાધિકરણ્યસંબંધ કહે છે. જેમ "**सोऽयंदेवदत्तः**" (તે આદેવદત્ત છે.) એ વાકયમાં "**सः**" (તે) શબ્દથી પ્રથમ કોઇ કાળમાં દેખેલ દેવદત્તનો બોધ થાય છે અને "**अयम्**" (આ) શબ્દથી વર્તમાન દ્રષ્ટ દેવદત્તનું ભાન થાય છે. અને " તેથી બન્ને શબ્દનો એક દેવદત્ત વ્યકિતમાં બોધ થાય છે તેમ "**तत्त्वमसि**" એ વાકયમાં પણ અપ્રત્યક્ષ ચેતન્ય બોધક "**तत्**" શબ્દ છે અને પ્રત્યક્ષ ચૈતન્યજ્ઞાપક "**त्वम्**" શબ્દ છે એમ બન્ને શબ્દાર્થનું એક ચૈતન્યમય બ્રહ્મમાં તાત્પર્ય છે એજ સામાનાધિકરણ્ય સંબંધ છે (૭૬)

विशेषणविशेष्यभाव सम्बन्धस्तु यथातत्रैववाक्येस शब्दार्थ तत्काल विशिष्टदेवदत्तस्यायं–शब्दार्थै तत्काल विशिष्टदेवदत्तस्य चान्योन्यभेदव्यावर्तकतया विशेषण विशेष्यभावः । तथात्रापिवाक्ये तत्पदार्थ परोक्षत्वादि विशिष्ट चैतन्यस्यत्वं पदार्थो परोक्षत्वादि विशिष्टचैतन्यस्य चान्योन्य भेदव्यावर्त्तकतया विशेषणविशेष्यभावः ॥ ७७ ॥

ભા૦—હવે વિશેષ્ય[2]વિશેષણભાવસંબંધ બતાવેછે–જેમ પ્રથમ કહેલા "**सोऽयंदेवदत्तः**" એ વાકયમાં "**सः**" પદનો અર્થ પ્રથમ જોયેલી વ્યકિતનો બોધક થાય છે અને "**अयम्**" પદનો અર્થ વર્ત્તમાન કાળમાં દ્રષ્ટિ ગોચર વસ્તુનો બોધક થાય છે અને બન્ને પદના અર્થનું એકજ વ્યકિતમાં તાત્પર્ય હોવાથી તેનો પરસ્પર વિશેષ્ય

---

[1]–વિભકિતના બળે કરી સમાન નામ એક છે અધિકરણ નામ અર્થ રૂપ આશ્રય જેનો એવાજે બે શબ્દ તે સમાનાધિકરણ કહેવાય છે અને તે બે શબ્દનો જે પરસ્પર સંબંધ તે સામાનાધિકરણ્ય કહેવાય છે.

[2]–વ્યાવર્તક (બીજાનાથી જુદું પાડનાર) વિશેષણ, અને વ્યાવર્ત્ય વિશેષ્ય.

વિશેષણરૂપ સંબંધ છે તેમ "तत्त्वमसि" એ વાક્યમાં પણ "तत्" પદનો અર્થ અપ્રત્યક્ષ ચૈતન્ય, અને "त्वम्" પદનો અર્થ પ્રત્યક્ષ ચૈતન્ય છે. તેથી બન્ને પદના અર્થનું એક વસ્તુમાં અભિન્નરૂપથી તાત્પર્ય માલુમ પડે છે માટે ઉક્ત બન્ને પદના અર્થનો પરસ્પર વિશેષ્ય વિશેષણભાવ સંબંધ છે. (૭૭)

लक्ष्यलक्षणभाव सम्बन्धस्तु यथा तत्रैवसशब्दायं शब्दयोस्तदर्थयोर्वाविरुद्ध तत्कालैतत्काल विशिष्टत्वपरित्यागेन अविरुद्धदेवदत्तेनसहलक्ष्यलक्षणभावः । तथात्रापि वाक्येतत्त्वं पदयोस्तदर्थयोर्वा विरुद्धपरोक्षत्वा परोक्षत्वादि विशिष्टत्वपरित्यागेना विरुद्धचैतन्येनसह लक्ष्यलक्षणभावः । इदमेवभागलक्षणेत्युच्यते ॥ ७८ ॥

ભા૦—હવે લક્ષ્ય[1] લક્ષણભાવસંબંધ દેખાડેછે. જેમ પ્રથમ કહેલ "सोऽयंदेवदत्तः" એ વાક્યમાં "सः" પદનો અર્થ પૂર્વકાળમાં દેવદત્ત છે અને "अयम्" પદનો અર્થ વર્તમાનકાળમાં દેવદત્ત છે એમાં પરસ્પર વિરૂદ્ધ (પૂર્વને વર્તમાન) કાળ તથા અન્યવિરૂદ્ધ અર્થ નો ત્યાગ કરીને કેવળ એક દેવદત્ત વ્યક્તિજ લક્ષ્ય થાય છે અને "सःअयम्" એ બન્ને પદ લક્ષણ થાય છે તેથી તેનો લક્ષ્ય લક્ષણભાવ સંબંધ છે તેમ "तत्त्वमसि" એવાક્યમાંપણ "तत्" પદનો અર્થ અપ્રત્યક્ષત્વ અને "त्वम्" પદનો અર્થ પ્રત્યક્ષત્વ છે એ પરસ્પર વિરૂદ્ધ અર્થનો ત્યાગ કરીને કેવળ એક અવિરૂદ્ધ ચૈતન્ય લક્ષ્ય થાય છે અને "तत्-त्वम्" પદ લક્ષણ થાય છે એનેજ શાસ્ત્રકાર ભાગલક્ષણા સંબંધ કહે છે. (૭૮)

अस्मिनवाक्ये नीलमुत्पल मितिवाक्यवद्वाक्यार्थोन सङ्गच्छते । तत्रनीलपदार्थनीलगुणस्यउत्पल पदार्थोत्पल द्रव्यस्य चशुक्लपदादिव्यावर्त्तकतयाऽन्योन्यविशेष्य विशेष-

1-અસાધારણ ધર્મને પ્રતિપાદન કરનાર વાક્ય તે લક્ષણ વાક્યને પ્રતિપાદનથી અવશિષ્ટ રહેલી વસ્તુ તે લક્ષ્ય તેનો પરસ્પર સંબંધ તે લક્ષ્ય લક્ષણ સંબંધ.

णरुपसंसर्गस्यान्यतर विशिष्टस्यान्यतरस्यवातदैक्यस्य वाक्यार्थत्वाङ्गीकरणे प्रमाणान्तर विरोधाभावाद्वाक्यार्थः सङ्गच्छते । अत्रतुतत्पदार्थ परोक्षत्वादि विशिष्टचैतन्यस्य त्वम्पदार्था परोक्षत्वादि विशिष्टचैतन्यस्य चान्योन्यभेदव्या वर्त्तकतयाविशेषणविशेष्यभाव संसर्गस्य अन्यतरविशिष्ट स्यान्यतरस्यवातदैक्यस्यवाक्यार्थ त्वाङ्गीकारे प्रत्यक्षादि प्रमाण विरोधाद्वाक्यार्थोन सङ्गच्छते ॥ ७९ ॥

ભા૦—"नीलमुत्पलम्" એ વાકયથી જેવા વાકયાર્થ થાય છે તે પ્રકારે "तत्त्वमसि" એ વાકયની વાકયાર્થ સંગતિ થતી નથી કેમકે "नीलमुत्पलम्" એવાકયમાં नील પદનો અર્થ નીલગુણ છે અને ઉત્પલ પદનો અર્થ પથ્થર દ્રવ્ય છે એબંને શુકલત્વાદિગુણ અને ઘટ પટાદિ દ્રવ્યના વ્યાવર્ત્તક (જુદાપાડનાર) છે તેથી પરસ્પર વિશેષ્ય વિશેષણ ભાવ સંબંધ અથવા એકની બીજા સાથે વાકયાર્થ સંગતિ થાય છે તે પ્રકારે "तत्त्वमसि" એ વાકયમાં સર્વજ્ઞત્વ અને કિંચિત્ જ્ઞત્વમાં પ્રત્યક્ષાદિ પ્રમાણનો વિરોધ હોવાથી 'नीलमुत्पलम्" એ વાકયાર્થની પેઠે "तत्त्वमसि" એ વાકયાર્થ સંગતિ થતી નથી (૭૯).

अत्रतुगङ्गायांघोषः प्रतिवसतीतिवज्जहल्लक्षणान-सङ्गच्छते । तत्रतुगङ्गाघोषयोराधाराधेयभाव लक्षणस्य वाक्यार्थ स्याशेषतो विरुद्धत्वाद्वाच्यार्थ मशेषतः परित्यज्यत त्सम्बन्धितीर लक्षणाया युक्तत्वाज्जहल्लक्षणा सङ्गच्छते । अत्रतुपरोक्षत्वापरोक्षत्वादि विशिष्टचैतन्यैकत्वरुपस्य वाक्या-र्थस्य भागमात्रे विरोधाद्भागान्तरम परित्यज्यान्य लक्षणाया अयुक्तत्वाज्जहल्लक्षणानसङ्गच्छते ॥ ८० ॥

ભા૦—જેમ "गङ्गायांघोषःप्रतिवसति" એ વાકયમાં જહ-ત્સ્વાર્થ લક્ષણા વૃત્તિથી વાકયાર્થ સંગતિ થાય છે તેમ "तत्त्वमसि" એ વાકયની જહત્સ્વાર્થલક્ષણાદ્વારા વાકયાર્થસંગતિ થતી નથી કેમકે

"गङ्गायांघोषःप्रतिवसति" એવાક્યમાં જલ પ્રવાહરૂપ ગંગા અને ઘોષ (નેહ) નો આધારાધેય ભાવ અસંભવ હોવાથી વાક્યાર્થ બાધિત થાય છે તેથી વિરોધ દૂરકરવાને માટે તાત્પર્યની અનુપપત્તિ હોવાથી ગંગાપદનો [1]શક્યાર્થ જે જલપ્રવાહ તેનો પરિત્યાગ કરીને લક્ષણા દ્વારા ગંગાસમિપવર્તિ ગંગાતીરમાં ગંગાપદનો અર્થ યુક્તિદ્વારા કલ્પનાથી કરવામાં આવે છે એ પ્રકારે શબ્દના મુખ્ય અર્થનો પરિત્યાગ કરીને અન્ય અર્થનો સ્વિકાર કરવો. તે જહત્સ્વાર્થલક્ષણા થાય છે. તેમ "तत्वमसि" એવાક્યમાં પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ એ બન્નેને ઐક્યસ્વરૂપ વાક્યાર્થમાં કંઇ વિરોધ નથી કેવળ પ્રત્યક્ષ અપ્રત્યક્ષનો પ્રતિપાદક અંશ વિરોધી છે તે શક્યાર્થનો પરિત્યાગકરીને લક્ષ્યાર્થનો સ્વિકાર થઇ શકતો નથી તેથી "तत्त्वमसि" એવાક્યમાં જહત્સ્વાર્થ લક્ષણા સંગતિ થઇ શકતી નથી. (૮૦)

नचगङ्गापदंस्वार्थ परित्यागेन तीर्थपदार्थंयथा लक्षयतितथातत्पदं त्वंपदंवाच्यार्थ परित्यागेन त्वंपदार्थंतत्पदार्थंवाबोधयतुतत् कुतोऽजहल्लक्षणान सङ्गच्छते इतिवाच्यम् । तत्रतीरपदाश्रवणेन तदर्थाप्रतितौ लक्षणयातत्प्रतीत्यपेक्षा यामपितत्त्वंपदयोः श्रुयमाणत्वेनतदर्थ प्रतीतौलक्षणयापुनः अन्यतरपदेनान्यतर पदार्थ प्रतीत्यपेक्षाभावात् । श्रुतवाक्यस्य मुख्यार्थविरोधे मुख्यार्थ सम्बन्धिन्य श्रुतपदार्थे लक्षणेतिसर्वजन प्रसिद्धम् ॥ ८१ ॥

ભા૦—જેમ ગંગાપદનો વાચ્યાર્થ ત્યાગ કરીને લક્ષણા દ્વારા તીર અર્થ ગ્રહણ કરવામાં આવે છે તેમ લક્ષણાદ્વારા તત્પદના વાચ્યાર્થનો પરિત્યાગ કરીત્વંપદના અર્થમાં અથવા ત્વં પદનો શક્યાર્થ છોડી તત્પદાર્થમાં લક્ષિત થઇજાય ત્યારે તો "तत्त्वमसि" વાક્યમાં પણ જહત્સ્વાર્થલક્ષણા થાય પણ તેમનથી કારણકે "गङ्गायांघोषः"

૧–જે પદમાં જે અર્થની શક્તિહોય તે પદનો તે અર્થ શક્ય કહેવાય છે અને શક્ય અર્થનેજ વાચ્ય અર્થ પણ કહે છે અને મુખ્ય અર્થ પણ તેજ છે.

એવાક્યમાં તીર શબ્દનું ઉચ્ચારણ કરવામાં આવ્યું નથી તેથી અર્થની અપેક્ષાએ જહત્સ્વાર્થ લક્ષણા થઇ શકે છે. પરંતુ "तत्वमसि" એ વાક્યમાં "तत्" અને "त्वम्" એ બન્ને પદાર્થ બરાબર છે અને બન્નેના અર્થપણ પ્રસિદ્ધ છે તેથી અહીં લક્ષણાદ્વારા અન્ય પદના અન્ય અર્થની આવશ્યકતાનથી તેથી "तत्वमसि" વાક્યમા જહત્સ્વાર્થલક્ષણા થઇ શકતી નથી કારણકે જે કોઇ વાક્ય સાંભળવામાં આવે છે તે વાક્યનો મુખ્ય અર્થ સમજવામાં વિરોધ આવેતો ત્યાં મુખ્ય અર્થ સાથે સંબંધવાળા નહિ સાંભળેલા પદાર્થમાં તે મુખ્ય અર્થની લક્ષણા કરવી એ વાતતો સર્વ લોકમાં પણ પ્રસિદ્ધ છે. (૮૧)

अत्रशोणोधावतीतिवाक्यवदजहल्लक्षणापिनसङ्गच्छते। तत्रशोणगुणगमन लक्षणस्यवाक्यार्थस्य विरुद्धत्वात्तद परित्यागेन तदाश्रयाश्वादि लक्षणायांतद्विरोधपरिहार सम्भवादजहल्लक्षणासम्भवति अत्रतुपरोक्षत्वापरोक्षत्वादि विशिष्टचैतन्यैकत्वस्यवाक्यार्थस्य विरुद्धत्वात्तद परित्यागेन तत्सम्बन्धिनोयस्य कस्य चिदर्थस्य लक्षितत्वेऽपितद्विरोधाऽपरित्यागादजहल्लक्षणापिनसम्भवत्येव ॥ ८२ ॥

ભા૦—અને "शोणोधावति" એ વાક્યમાં જેમ અજહત્સ્વાર્થ લક્ષણા થાય છે. તેમ "तत्वमसि" વાક્યમાં અજહતસ્વાર્થ લક્ષણા પણ થતીનથી કેમકે "शोणोधावति" એ વાક્યમાં शोण (લાલ-રંગ) ગુણની ગમન ક્રિયા બાધિત છે તેથી શોણપદ શક્યાર્થ પરિત્યાગ કર્યા વિનાજ અર્થાત્ લાલ અર્થ સહિત લક્ષણાદ્વારા શોણગુણ વિશિષ્ટ અશ્વાદિકમાં લક્ષિતથાય છે ત્યારે ગમન ક્રિયાનો વિરોધ આવતો નથી તે કારણથી "शोणोधावति" એ વાક્યમાં અજહત્સ્વાર્થલક્ષણા થાય છે. પણ "तत्वमसि" એ વાક્યમાં પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ ચૈતન્યના પ્રત્યક્ષરૂપ વાક્યાર્થમાં પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષના પ્રતિપાદક અંશનો વિરોધનું કારણ વિરોધી અંશવિના પરિત્યાગકરે લક્ષણાદ્વારા તેના સંબંધ વ. કોઇકોઇ અર્થ લક્ષિત થઇ વિરોધદૂર થતોનથી તે કારણથી અજહત્સ્વાર્થલક્ષણા અસંગત છે. (૮૨)

नचतत्पदंत्वम्पदं वा स्वार्थविरुद्धांशपरित्यागेनान्तरशाहितं तत्पदार्थंत्वम्पदार्थंवा लक्षयतु । अतःकथं प्रकारान्तरेण भागलक्षणाङ्गी करणमितिवाच्यम् । एकेन पदेन स्वार्थांशपदार्थान्तरोभयलक्षणाया असम्भवात् पदान्तरेण तदर्थप्रतीतौ लक्षणयापुनरन्यतर पदार्थ प्रतीत्यपेक्षाभावाच्च ॥ ८३ ॥

ભા૦—અને એમ પણ કહી શકાતું નથી કે "तत्" અગર "त्वम्" પદાર્થનો સ્વસ્વ વિરૂદ્ધ અર્થાંશ પરિત્યાગકરીને અવિરૂદ્ધ અર્થ સહિત "तत्" વા "त्वम्" પદનો અર્થ લક્ષિત થય ભાગ લક્ષણાનો સ્વીકાર કર્તા પણ નીષ્ફળ છે. કેમકે એક પદમાં પોતાના અવિરૂદ્ધ અંશનો પરિત્યાગ અને અન્ય પદાર્થ એ બન્ને અર્થનું લક્ષણાથી હોવું અસંભવ છે તથા અન્યપદ દ્વારા જે અર્થ લક્ષણાથી પ્રતિત થાય છે તેથી બીજા પદાર્થનો બોધ થય શકતો નથી. (૮૩)

तस्माद्यथासोऽयंदेवदत्त इतिवाक्यंतदर्थोवा तत्कालैतत्काल विशिष्टदेवदत्त लक्षणस्यवाच्यार्थस्यांश विरोधात् । विरुद्धतत्कालै तत्काल विशिष्टत्वांशं परित्यज्या विरुद्धं देवदत्तांशमात्रं लक्षयति । तथातत्त्वमसीति वाक्यंतदर्थोवा परोक्षत्वापरोक्षत्वादि विशिष्टचैतन्यैकत्वलक्षणस्यवाच्यार्थस्यांशविरोधा द्विरुद्धपरोक्षत्वा परोक्षत्वाविशिष्टांदिशं परित्यज्या विरुद्धमखण्डचैतन्य मात्रंलक्षयति ॥ ८४ ॥

ભા૦—જેમ "सोऽयंदेवदत्तः" એવાક્યમાં પૂર્વકાળમાં જો એલ અને વર્તમાનકાળમાં દેખાતો જે દેવદતરૂપ વાચ્યાર્થ તેના એક અંશમાં વિરોધહોવાથી વિરૂધઅંશ જે પૂર્વકાળ છે તેમાં અને વર્તમાન કાળમાં છે તેનો ત્યાગ કરીને દેવદત્તરૂપ અંશ લક્ષ્યાર્થ થાય છે તેમ "तत्त्वमसि" એ વાક્યમાં પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ ચૈતન્યનું એક સ્વરૂપ જે વાચ્યાર્થ છે તેના એક અંશમાં વિરોધ હોવાથી વિરૂદ્ધ અંશ પ્રત્યક્ષત્વ અને અપ્રત્યક્ષત્વ તેનો પરિત્યાગકરી અવિરૂદ્ધ અખંડ ચૈતન્યાંશમાં લક્ષ્યાર્થ થાય છે. (૮૪)

अथाधुनाअहंब्रह्मास्मीत्यनुभव वाक्यार्थोवर्ण्यते । एवमाचार्य्येणाध्यारोपापवादपुरःसरंतत्त्वम्पदार्थो शोधयित्वावाक्येनाखण्डार्थोऽवबोधितेऽधिकारिणोऽहंनित्य–शुद्ध–बुध–मुक्त–सत्य–स्वभाव परमानन्दानन्ताद्वयं ब्रह्मास्मीत्यखण्डाकारा कारिताचित्तवृत्तिरुदेति । सातुचित् प्रतिबिम्बसहितासतीप्रत्यगभिन्नमज्ञातंपरंब्रह्मविषयी कृत्यतद्गताज्ञानमेव बाधतेतदा पटकारण तन्तुदाहे पटदाहवदखिल कार्य्य कारणेऽज्ञाने बाधितेसतितत्कार्य्यस्याखिलस्यबाधित्वात् तदन्तर्भूताखण्डाकारा कारिता चित्तवृत्तिरपि बाधिता भवति ॥ ८५ ॥

ભા૦—હવે 'अहंब्रह्मास्मि'' એ અનુભવ વાક્યનો અર્થ લખે છે. આચાર્યે પ્રથમ કહેલા અધ્યારોપ અને અપવાદ ન્યાયવડે 'तत्'' અને ''त्वम्'' એ બન્ને પદના અર્થનું શોધન કરીને જે સમય ''तत्वमसि'' એ વાક્યદ્વારા અખંડ ચૈતન્યનો બોધ થઇ જાય છે તે વખત નિત્ય,[1] શુદ્ધ,[2] બુદ્ધ,[3] મુકત,[4] સત્યસ્વરૂપ,[5] પરમાનંદ,[6] અનંત,[7] અદ્વિતીય,[8] બ્રહ્મછું એવી અખંડ અંતઃકરણ વૃત્તિ થાય છે અને જ્યારે તે અંતઃકરણ વૃત્તિ ચૈતન્ય પ્રતિબિંબિત થાય છે ત્યારે તે ચિત્ત વૃત્તિ ચૈતન્ય દ્વારા પ્રકાશિત થઇને પ્રત્યગાત્મા (જીવ બ્રહ્મનું અભેદ જ્ઞાન) અને અભિન્ન પરબ્રહ્મ વિષયક અજ્ઞાનનો નાશ કરે છે અને જેમ વસ્ત્રના તંતુનો નાશ થવાથી વસ્ત્ર પણ નાશપામી જાય છે તેમ સર્વ સંસારનું કારણ અજ્ઞાન, તેનો નાશ થવાથી અખંડાકાર અંતઃકરણની વૃત્તિ પણ નાશ પામી જાય છે (૮૫)

---

(૧) અનિત્યત્વ શંકાનું નિવારણ કરવામાટે એ પદ છે (૨) અવિદ્યાદિદોષ રહિત બતાવનારૂં એ પદ છે (૩) સ્વપ્રકાશ રૂપ બતાવનાર એ પદ છે. (૪) સર્વ ઉપાધિથી રહિત બતાવનાર એ પદ છે (૫) અવિનાશીત્વ બતાવનાર છે (૬) મનુષ્યના આનંદથી માંડીને બ્રહ્માના લોક પર્યંત કર્મ જન્ય આનંદ સાતિશય હોવાથી ક્ષય પામવા વાળા છે તેનાથી વિલક્ષણ નિરતિસયા નંદ બતાવનાર એ પદ છે. (૭) ઘટાદિની પેઠે દેશકાળ વસ્તુ પરિચ્છેદ રહિત સુચવનાર એ પદ છે (૮) અનેકપણાનો નિષેધ કરી એકત્વ બતાવનાર એ પદ છે.

तत्रवृत्तौ प्रतिबिम्बितंचैतन्यमपियथाप्रदीपप्रभा आदित्यप्रभावभासनसमर्थासतीतयाभिभूताभवति तथा स्वयंप्रकाशमान प्रत्यगभिन्न परब्रह्मावभासनानर्हतया तेनाभिभूतंसत्स्वोपाधिभूताखण्डवृत्तेर्बोधितत्वाद्दर्पणाभावे मुखप्रतिबिम्बस्य मुखत्वमात्रवत्प्रत्यगभिन्नपरब्रह्ममात्रंभवति ॥८६॥

ભા૦—જેમ દીપકની પ્રભા સૂર્યની પ્રભાને ને પ્રકાશતાં આપે આપ નિષ્પ્રભ થઇ જાય છે તેમ અંતઃકરણ વૃત્તિમાં પ્રતિબિંબિત ચૈતન્ય સ્વપ્રકાશ સ્વરૂપ બ્રહ્મ ચૈતન્યને પ્રકાશ કરી શકતું નથી અને સ્વપ્રકાશ બ્રહ્મ ચૈતન્યથી સ્વયંઅભિભૂત થઇ જાય છે અને જેમ દર્પણ ન હોવાથી મુખ પ્રતિબિંબ મુખજ રહી જાય છે તેમ ઉપાધિરૂપ અન્તઃકરણની વૃત્તિ ન રહેતાં સ્વપ્રકાશ પરબ્રહ્મ માત્રજ રહી જાય છે એજ વેદાન્ત સિદ્ધાન્તનું પરમ રહસ્ય છે એ પ્રકારે જ્ઞાનિયોને "હું બ્રહ્મ છું" એ પ્રકારનો અનુભવ થાય છે. (૮૬)

एवञ्चसति "मनसैवानुद्रष्टव्यं । यन्मनसानमनुते" इत्यनयोःश्रुत्योरविरोधः । वृत्तिव्याप्यत्वाङ्गीकारेण फलव्याप्यत्वप्रतिषेध प्रतिपादनात् । उक्तञ्च "फलव्याप्यत्वमेवास्य शास्त्रकृद्भिर्निराकृतं । ब्रह्मण्यज्ञान नाशायवृत्तिव्याप्तिरपेक्षिता" । इति । स्वयंप्रकाशमानत्वान्नाभासउपयुज्यत इति ॥ ८७ ॥

ભા૦—પૂર્વોક્ત અનુભવ સિદ્ધથતાં "બ્રહ્મમનવડે કરી ધારણ કરાય છે. અને બ્રહ્મમનથી ધારણ કરી શકાતું નથી" એ પરસ્પર વિરૂદ્ધ બન્ને શ્રુતિઓનો વિરોધપણ દૂર થઇ જાય છે કેમકે વૃત્તિવ્યાપ્તિથી (મનોવૃત્તિ દ્વારા બ્રહ્મવિષયક) અજ્ઞાનનનાશ થાય છે પણ ફલવ્યાપ્તિ (અંતઃકરણ વૃત્તિમાં પ્રતિબિંબિત ચૈતન્ય પરબ્રહ્મને પ્રકાશ કરીશકતું) નથી તેમાં અન્યશાસ્ત્રકારોએ પણ અંતઃકરણ પ્રતિબિંબિત ચૈતન્ય દ્વારા પરબ્રહ્મ ચૈતન્યના પ્રકાશના નિષેધ પૂર્વક અંતઃકરણની વૃત્તિથી તદ્વિષયક અજ્ઞાનનો નાશજ સ્વીકાર

કર્યો છે કેમકે પરબ્રહ્મ સ્વપ્રકાશ સ્વરૂપ છે. તેથીજ તેનો પ્રકાશ બીજાથી થઇ શકતો નથી (૮૭)

जडपदार्थाकारा कारितचित्तवृत्ते र्विशेषोऽस्ति । तथा हिअयंघट इतिघटाकाराकारित चित्तवृत्तिरज्ञातं घटंबिषयी कृत्यतद्गताज्ञात निरसनपुरःसरंस्वगतचिदाभासेन जलमपि-घटं भासयति । तदुक्तम्—"बुद्धितत्स्थचिदाभासौ द्वावपि-व्याप्नुतोघटं तत्राज्ञानंधियानश्येदाभासेनघटंस्फुरेत्" इति । यथाप्रदीप प्रभामण्डलमन्धकारगतंघटादिकं विषयीकृत्य तद्गतान्धकार निरसन पुरःसरंस्वप्रभयातदवभासय-तीति ॥ ८८ ॥

ભા૦—અખંડાકાર અંતઃકરણની વૃત્તિથી ઘટાદિજડ પદાર્થા કાર અન્તઃકરણની વૃત્તિમાં કંઇક વિશેષ છે. ઘટ પ્રત્યક્ષથવાના સમયે ઘટાકાર ચિત્તવૃત્તિ અજ્ઞાત ઘટને વિષય કરીને તેના અજ્ઞાનનો નાશ કરે છે અને તે વૃત્તિગત ચિદાભાસ દ્વારા ઘટનો પ્રકાશ કરે છે એ વિષયમાં પ્રમાણપણ છે કે "અંતઃકરણની વૃત્તિ અને તદ્દગત પ્રતિબિં-બિત ચૈતન્ય એ બન્ને ઘટને પ્રાપ્ત થાય છે પરંતુ અંતઃકરણની વૃત્તિ થી ઘટના અજ્ઞાનનો વિનાશ થાય છે અને પ્રતિબિંબિત ચૈતન્યવડે ઘટ પ્રકાશિત થાયછે જેમ દીપકની પ્રભા અંધકારમાં રાખેલ ઘટપટાદિ પદાર્થને પ્રાપ્ત થઇ ઘટપટાદિગત અંધકારનો વિનાશ કરી તેનો પ્રકાશ કરે છે તેમ અંતઃકરણની વૃત્તિથી ઘટાદિનું અજ્ઞાન નાશ થાય છે અને અંતઃકરણ પ્રતિબિંબિત ચૈતન્યવડે ઘટાદિનો પ્રકાશ થાય છે. (૮૮)

एवंभूतस्वस्वरुप चैतन्यसाक्षात्कार पर्य्यन्तं श्रवण मनन निदिध्यासन समाध्यनुष्ठानस्याप्यपेक्षितत्वात्तेऽपिप्र-दर्श्यन्ते । श्रवणंनामषड्विध लिङ्गैरशेषवेदान्तानाम द्वितीय वस्तुनीतात्पर्य्यावधारणम् । लिङ्गानितु उपक्रमोप संहाराभ्या

सापूर्वता फलार्थवादोपपत्त्याख्यानि। तदुक्तम्—"उपक्रमोपसंहारावभ्यासोऽपूर्वताफलम्। अर्थवादोप पत्तिचलिङ्गंतात्पर्य्यनिर्णये ॥ ८९ ॥

ભા૦—પૂર્વોક્ત પ્રકારે પરમાત્માનો સાક્ષાત્કારથાય ત્યાં સુધી શ્રવણ, મનન, નિદિધ્યાસન, સમાધિ, અને અનુષ્ઠાનની જરૂરછે તેથી હવે શ્રવણાદિકના લક્ષણ કથન કરે છે છ પ્રકારનાં લિંગ વડે અદ્વિતીયબ્રહ્મમાં સંપૂર્ણ વેદાન્તનું તાત્પર્ય અવધારણ કરવું તે શ્રવણ કહેવાય છે છ પ્રકારના લિંગ તે આ છે.(૧)ઉપક્રમોપસંહાર (૨) અભ્યાસ (૩) અપૂર્વતા (૪) ફલ (૫) અર્થવાદ (૬) ઉપપત્તિ છે અન્ય ગ્રંથમાં પણ લખે છે કે " પૂર્વોક્ત છ પ્રકારનાં લિંગ તાત્પર્યાર્થના નિશ્ચાયક થાય છે. (૮૯)

तत्रप्रकरण प्रतिपाद्यस्यार्थस्य तदाद्यंतयो रुपादानं उपक्रमोपसंहारौ । यथाछान्दोग्येषष्ठेप्रपाठकेप्रकरणप्रति पाद्यस्याद्वितीयवस्तुनः " एकमेवाद्वितीयम् " इत्यादौ " ऐतदात्म्यमिदं सर्वम् " इत्यन्तेच प्रतिपादनम्। प्रकरण प्रतिपाद्यस्य वस्तुनः तन्मध्येपौनः पुन्येन प्रतिपादनमभ्यासः। यथा तत्रैवा द्वितीय वस्तुनोमध्ये " तत्त्वमसीति " नवकृत्वःप्रतिपादनम्। प्रकरण प्रतिपाद्यस्य वस्तुनः प्रमाणान्तरेणा विषयीकरणम पूर्वत्वम्। यथा तत्रैवा द्वितीय वस्तुनो मानान्तरा विषयी करणम्। फलंतु प्रकरणप्रति पाद्यस्यात्म ज्ञानस्य तदनुष्ठानस्य वा तत्रतत्रश्रुयमाणं प्रयोजनम्। यथा तत्रैव " आचार्य्यवान पुरुषोवेद, तस्यताव देव चिरंयावन्न विमोक्षे, अथसम्पत्स्ये " इत्य द्वितीयवस्तु ज्ञानस्य तत्प्राप्ति प्रयोजनम् श्रूयते। प्रकरणप्रति पाद्यस्य तत्रतत्र प्रशंसनमर्थवादः। यथातत्रैव उततमादेशमप्राक्षोयेना श्रुतं श्रुतं भवत्यमतं मतमविज्ञातं विज्ञातमित्य द्वितीं-

यवस्तु प्रशंसनम् । प्रकरणप्रतिपाद्यार्थ साधने तत्रतत्रश्रूयमाणायुक्तिः उपपत्तिः । यथातत्रैव " यथा सौम्यैकेनमृत्पिण्डेन सर्वं मृन्मयं विज्ञातंस्यात् वाचारम्भणं विकारोनामधेयं मृत्तिकेत्येव सत्यम् " इत्यादावद्वितीयवस्तुसाधने विकारस्य वाचारम्भण मात्रत्वे युक्तिः श्रूयते ॥१०॥

ભા૦—જે પ્રકરણુમાં જે વસ્તુ પ્રતિપાદન કરવાની હોય તે પ્રકરણુમાં આદિથી અંત પર્યંત એજ વસ્તુનું પ્રતિપાદન કરવું તે **ઉપક્રમોપસંહાર** કહેવાય છે. જેમ છાન્દોગ્ય ઉપનિષદના છઠ્ઠા અધ્યાયમાં આદિમાં લખ્યું છે કે " **एकमेवाद्वितीयंब्रह्म** " અદ્વિતીય બ્રહ્મજ એક છે અને અંતમાં પણુ " આ આત્માજ જગત્‌મય છે " એ પ્રમાણે પ્રકરણુપ્રતિપાદ્ય વસ્તુ અદ્વિતીયબ્રહ્મનુંજ પ્રતિપાદન કર્યું છે. એ પ્રકારે જે પ્રકરણુમાં જે વસ્તુ પ્રતિપાદન કરવાયોગ્ય હોય તેનું બારંવાર પ્રતિપાદન કરવું એ **અભ્યાસ** કહેવાય છે જેમ ઉક્ત ઉપનિષદના છઠ્ઠા અધ્યાયમાં જેવી રીતે " **तत्त्वमसि** " એ વાક્યવડે અદ્વિતીય બ્રહ્મને નવ (૯) વાર પ્રતિપાદન કર્યું છે. જે પ્રકરણુમાં જે વસ્તુ પ્રતિપાદન કરવા યોગ્ય છે તે વસ્તુના પ્રમાણુથી અતિરિક્ત પ્રમાણુ વિષયને છોડીને તેજ વસ્તુ પ્રતિપાદન કરવી તેને **અપુર્વતા** કહે છે જેમ તેજ છઠા અધ્યાયમાં કેવલ ઉપનિષદોના પ્રમાણુથીજ જે પ્રકારે અદ્વીતીય બ્રહ્મનું પ્રતિપાદન કર્યું છે ને તે વિષયમાં અન્ય પ્રમાણનું નામ પણુ લીધું નથી. જે પ્રકરણુમાં જે વસ્તુ પ્રતિપાદન કરવાને યોગ્ય હોય તે પ્રકરણુમાં તેજ વસ્તુ અથવા તેનાજ અનુષ્ઠાનનું શ્રવણુ તે **ફલ** કહેવાય છે જેમ તેજ અધ્યાયમાં લખ્યું છે કે " આચાર્યવાન્ પુરૂષ બ્રહ્મને જાણુવામાં સમર્થ થાય છે તે જ્ઞાની પુરૂષ વિમુક્ત પર્યંત પ્રતિક્ષા કરે છે અને વિમુક્ત થયા પછી પરબ્રહ્મમાં લીન થઇ જાય છે." એ પ્રકારે અદ્વિતીય બ્રહ્મ જ્ઞાનનું બ્રહ્મ પ્રાપ્તિમાં પ્રયોજન છે એમ **શ્રુતિમાં** કહેલું છે. જે પ્રકરણુમાં જે વસ્તુ પ્રતિપાદન કરવા યોગ્ય હોય તે વસ્તુની પ્રશંસાનું નામ **અર્થવાદ** છે જેમકે તેજ છઠ્ઠા અધ્યાયમાં કહેલું છે કે—ગુરૂ શિષ્યને કહે છે કે હે શિષ્ય તેં મને જેનો પ્રશ્ન પુછ્યો છે તેને સાંભળ, નહિ સાંભળેલા પદાર્થનું શ્રવણુ કરવું, ભૂલેલા પદાર્થનું સ્મરણુ કરવું, નહિ જાણેલા પદાર્થને જાણુવું, આ

પ્રકારે તે અદ્વિતીય બ્રહ્મ વસ્તુનીજ પ્રશંસા કહી છે. જે પ્રકરણમાં જે વસ્તુ પ્રતિપાદન કરવા યોગ્ય હોય તે પ્રકરણમાં તેજ વસ્તુનું પ્રતિપાદન કરવાની યુક્તિનું નામજ ઉપપત્તિ છે જેમકે પૂર્વોક્ત અધ્યાયમાંજ કહ્યું છે કે હે સૌમ્ય!! જે પ્રકારે એક મૃત્તિકાના પિંડનું જ્ઞાન થવાથી સંપૂર્ણ મૃત્તિકાના પાત્રોનું જ્ઞાન થઇ જાય છે ને મૃત્તિકાની કંબુગ્રીવાદિ વિકૃતિ અને નામ કહેવા માત્ર છે યથાર્થ મૃત્તિકાજ છે એજ પ્રકારે અદ્વિતીય વસ્તુ બ્રહ્મને પ્રતિપાદન કરવામાં વિકારની કથન માત્ર યુક્તિ જોવામાં આવે છે વાસ્તવિક નથી. (૫૦).

मननंतुश्रुतस्याद्वितीयवस्तुनो वेदान्तार्थानु गुण युक्तिभिरनवरत मनुचिन्तनम् । विजातीयदेहादि प्रत्ययरहिताद्वितीयवस्तुसजातीय प्रवाहः निदिध्यासनम् । समाधिश्चद्विविधः । सविकल्पको निर्विकल्पकश्चेति तत्र सविल्प कोनामज्ञातृज्ञानादि विकल्पलयानपेक्षया द्वितीयवस्तुनितदा काराकारितायाश्चित्तवृत्तेरवस्थानम् । तदामृन्मयगजा दिभा नेऽपिमृद्भानवत् द्वैतभानेऽप्यद्वैतंवस्तु भासते । तदुक्तमभि युक्तैः— "दृशिस्वरुपंगगनोपमंपरं सकृद्विभातंन्त्वजमेकम व्ययम् । तदेवचाहंसततं विमुक्तम् । दशिस्तु शुद्धोऽहम विक्रियात्मको नमेऽसिवद्धोनचमेविमोक्षः" इत्यादिः ॥९१॥

ભા૦—હવે મનનનું લક્ષણ કહે છે કે વેદાન્તાનુકૂલ યુક્તિદ્વારા ચિરકાલથી શ્રવણ કરેલ અદ્વિતીય બ્રહ્મ વસ્તુનું ચિન્તન તેનું નામ **મનન** છે તત્વજ્ઞાનના વિરોધી દેહાદિ જડ પદાર્થના જ્ઞાનનો ત્યાગ કરી અદ્વિતીય બ્રહ્મ વસ્તુને અનુકૂલ જ્ઞાનના પ્રવાહને **નિદિધ્યાસન** કહે છે. સમાધિના બે પ્રકાર છે (૧) **સવિકલ્પક** (૨) **નિર્વિકલ્પક.** જ્ઞાતા, જ્ઞાન, અને જ્ઞેય એ ત્રણ પદાર્થોનું પ્રથક્ પ્રથક્ જ્ઞાન છતાં અદ્વિતીય બ્રહ્મ વસ્તુમાં અખંડાકાર ચિત્ત વૃત્તિ તે **સવિકલ્પક સમાધિ** કહેવાય છે જેમ મૃત્તિકાના હાથીથી હાથીના જ્ઞાન ઉપરાંત મૃત્તિકાજ છે એવું જ્ઞાન થાય છે તે પ્રકારે દ્વૈત જ્ઞાન છતાં અદ્વૈત જ્ઞાન થાય છે. એ વિષયમાં પ્રમાણ પણ છે કે "સર્વ સાક્ષી, સર્વ વ્યાપી,

સર્વોત્કૃષ્ટ, સ્વપ્રકાશ સ્વરૂપ, જન્મ મૃત્યુ રહિત, નિર્વિમ, અને સર્વદા મુક્ત સ્વભાવ જે અદ્વિતીય બ્રહ્મ છે તે હું છું. (૯૧).

निर्विकल्पकस्तुज्ञातृज्ञानादि भेदलया पेक्षया द्वितीय वस्तुनितदाकाराकारिताया बुद्धिवृत्तेरतितरामेकीभावेनावस्थानम् । तदातुजलाकाराकारित चित्तवृत्त्य नवभासेना द्वितीय वस्तुमात्रमेवावभासते । ततश्चास्य सुषुप्तेश्चाभेद-शङ्कानभवति । उभयत्रवृत्त्यभाने समानेऽपितत्सद्भावास द्भावमात्रणानयोर्भेदोपपत्तेः ॥ ९२ ॥

ભા૦—જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય ત્રણ પદાર્થના ભેદ જ્ઞાનનો અભાવ થયા છતાં અદ્વિતીય બ્રહ્મ વસ્તુમાં અખંડાકાર ચિત્તની વૃત્તિ થવી તે નિર્વિકલ્પકસમાધિ કહેવાય છે. આ સમાધિના સમયે જેમ જળમાં મળેલા મીઠાના લવણુત્વ જ્ઞાનનો અભાવ થતાં કેવળ જળનું જ્ઞાન થાય છે તેમ અદ્વિતીય બ્રહ્માકાર ચિત્તવૃત્તિના જ્ઞાનની સત્તાનો અભાવ થયા પછી પણ બ્રહ્મ વસ્તુ માત્ર જ્ઞાન રહે છે અર્થાત્ અખંડ બ્રહ્મમાં ચિત્તવૃત્તિ લીન થયા પછી અન્ય ભિન્નરૂપ કંઇ જ્ઞાન થતું નથી પણ અખંડબ્રહ્મમયજ્ઞાનજ થાય છે તેથી સુષુપ્તિ અવસ્થાને નિર્વિકલ્પક સમાધિનો કોઇ ભેદ નથી એ શંકા પણ રહેતી નથી. કેમકે સુષુપ્તિ અવસ્થા અને નિર્વિકલ્પક સમાધિ અવસ્થામાં વૃત્તિજ્ઞાનના અભાવ અંશમાં સમાનતા છતાં વૃત્તિની સત્તા અને સત્તાદ્વારા સમાધિને સુષુપ્તિમાં ભેદ છે. (૯૨).

अस्याङ्गानि यमनियमासनप्राणायाम प्रत्याहार धार-णाध्यान समाधयः । तत्राहिंसा सत्यास्तेयब्रह्मचर्या परि-ग्रहायमाः । शौचसन्तोषतपःस्वाध्यायेश्वरप्रणिधानानि नियमाः । करचरणादि संस्थानविशेष लक्षणानि पद्मस्वस्तिकादीनि आसनानि । रेचकपूरक कुम्भकलक्षणाः प्राणानिग्रहोपायाः प्राणायामाः । इन्द्रियाणांस्वस्व विषयेभ्यः प्रत्या-हरणं प्रत्याहारः । अद्वितीयवस्तुन्यन्तारिन्द्रिधारणंधारणाः।

तत्राद्वितीयवस्तुनि विच्छिद्य अन्तरिन्द्रियवृत्तिप्रवाहः ध्यानम् । समाधिस्तुउक्तः सविकल्पकएव ॥ ९३ ॥

ભા૦—યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, અને સમાધિ એ સર્વ નિર્વિકલ્પક સમાધિના અંગ છે તેમાં અહિંસા, સત્ય, ચોરીનોત્યાગ, બ્રહ્મચર્ય, અને અપરિગ્રહ એ યમ કહેવાય છે. પવિત્રતા (આંતરબાહ્ય) સંતોષ, તપ, અધ્યયન, અને ઇશ્વર પ્રણિધાન એને નિયમ કહે છે. હસ્ત પાદાદિ સંસ્થાન વિશેષ જે સ્વસ્તિક આદિ છે તે આસન કહેવાય છે. રેચક, (શ્વાસ બહાર કાઢવો) પૂરક, (અંદર પૂર્વો) કુંભક (સ્થંભાવી રાખવો) રૂપ પ્રાણવાયુના નિગ્રહને પ્રાણાયામ કહે છે. શબ્દાદિ વિષયથી શ્રવણાદિ ઇંદ્રિયોને પાછી હઠાવવી તે પ્રત્યાહાર છે. અદ્વિતીય બ્રહ્મ વસ્તુમાં અંતઃકરણના અભિનિવેશનું નામ ધારણા કહેવાય છે. ને અદ્વિતીય બ્રહ્મ વસ્તુમાં ચિત્ત વૃત્તિનો પ્રવાહ તે ધ્યાન છે. એજ પૂર્વોકત સવિકલ્પક સમાધિનું નામ સમાધિ છે. (૯૩).

एवमस्याङ्गिनोनिर्विकल्पकस्य लयविक्षेपकषायरसास्वादलक्षणाश्चत्वारोविघ्नाः सम्भवति । लयस्तावत् अखण्ड वस्त्वनवलम्बनेनचित्तवृत्तिर्निद्रा । अखण्डवस्त्वनवलम्बनेन चित्तवृत्तेरत्यवलम्बनंविक्षेपः । लयविक्षेपाभावेऽपिचित्तवृत्ते रागादिवासनया स्तब्धीभावात् अखण्डवस्त्वनवलम्बनंकषायः । अखण्डवस्त्वनवलम्बने नापिचित्तवृत्तेः सविकल्पानन्दास्वादनंरसास्वादः । समाध्यारम्भसमये सविकल्पानन्दास्वादनंवा ॥ ९४ ॥

ભા૦—પૂર્વોકત યમાદિ અંગયુકત નિર્વિકલ્પક સમાધિનાં ચાર વિઘ્ન છે. જેવાં કે [૧]લય, [૨]વિક્ષેપ, [૩]કષાય, અને [૪]રસાસ્વાદ એ ચાર છે. તેમાં પ્રથમ લયનું સ્વરૂપ કહે છે. અખંડ બ્રહ્મ વસ્તુનું અવલંબન કરવામાં અસમર્થ ચિત્તવૃત્તિની જે નિદ્રા તે લય છે. અખંડ બ્રહ્મ વસ્તુનું અવલંબન કરવામાં અસમર્થ અંતઃકરણની વૃત્તિનું જે અન્ય

વસ્તુથી અવલંબન તે વિક્ષેપ કહેવાય છે. અથવા જેમ બાજથી ડરીને ચકલી પોતાના માળામાં પ્રવેશ કરે છે પરંતુ અત્યંત અકળાયેલી હોવાથી તેને કોઇ બેસવાનું સ્થાન જણાતુ નથી તેથી પુનઃ તુરત બહાર પાછી આવી કાળના મુખમાં પડે છે તેમ બાહ્ય વિષયોથી પાછી વળેલી ચિત્તવૃત્તિ પણ અકળાયેલી હોવાથી આંતર સ્થિર થઇ શકિત નથી તેથી પાછી બાહાર આવે છે તેને વિક્ષેપ કહે છે. લય અને વિક્ષેપ ન હોય છતાં રાગાદિ વાસનાથી અંતઃકરણ સ્તબ્ધ થઇ જાય છે ત્યારે અખંડ બ્રહ્મ વસ્તુને અવલંબન કરી શકતું નથી તેને કષાય કહે છે. તેના ત્રણ પ્રકાર છે (૧) બાહ્ય, (પુત્રાદિ વિષયમાં રાગ) (૨) આભ્યંતર, (મનોરાજ્ય) (૩) વાસનામય. (સંસ્કાર રૂપ). અખંડ બ્રહ્મ વસ્તુનું અવલંબન કરવામાં સમર્થ અંતઃકરણની વૃત્તિનું સવિકલ્પક આનંદ આસ્વાદન તે **રસાસ્વાદ** છે અથવા નિર્વિકલ્પ સમાધિના આરંભના સમયે પણ સવિકલ્પક આસ્વાદનને પણ **રસાસ્વાદ** કહે છે. (૯૪).

अनेनाविघ्न चतुष्टयेन रहितं चित्तं निर्वातदीपवदचलं सदखण्डचैतन्यमात्रमवशिष्यते यदातदानिर्विकलपकः समाधिरित्युच्यतेः । तदुक्तम्— "लयेसम्बोधयेच्चित्तंविक्षिप्तं शमयेत्पुनः । सकषायं विजानीयाच्छमप्राप्तं नचालयेत् । नास्वादयेद्रसं तत्र निःसङ्गः प्रज्ञयाभवेत्" । इत्यादि "यथा दीपोनिवातस्थो नेङ्गते सोपमास्मृता" इत्यादिच ॥ ९५ ॥

---

(૧) લય વિધ્ન નિવારવા માટે નિદ્રા આલસના નિરોધ સહિત વૃત્તિના પ્રવાહ રૂપ જે જાગ્રણ તેને ગૌડપાદાચાર્ય, ચિત્ત સંબોધન કહે છે તે છે.

(૨) આંતર મુખ થયેલી વૃત્તિ બ્રહ્માકાર થાય તેટલો સમય બાહ્ય પદાર્થની દોષ ભાવનાથી તેને બહિર્મુખ થવા દેવી નહિ એ વિક્ષેપને નિવારનાર શમ છે.

(૩) કષાય રૂપ વિધ્ન નિવારવા વિષયોમાં દોષ દર્શન છે.

(૪) રસા સ્વાદ પરમાનંદનો વિરોધી છે તેથી તેને પણ ત્યાગે

ભા૦—જે વખત ચિત્ત પૂર્વોક્ત ચાર પ્રકારનાં વિઘ્નથી રહિત થઇને જેમ વાયુ રહિત સ્થાનમાં રાખેલો દીપ સ્થિર રહે છે તેમ સ્થિર થાય છે. અર્થાત્ [1]સ્થિતપ્રજ્ઞ થઇ કેવલ અખંડ ચૈતન્ય માત્રના ચિંતનમાં [2]ચિત્ત તત્પર થાય છે તે નિર્વિકલ્પક સમાધિ કહેવાય છે. અને શ્રુતિ પ્રમાણુથી પણ એજ વાત સિધ્ધ થાય છે કે "લય રૂપ વિઘ્ન ઉપસ્થિત થતાં અંતઃકરણમાં ઉદબોધને ઉત્પન્ન કરે અને વિક્ષેપ રૂપ વિઘ્ન તિરસ્કૃત થતાં તેને શાન્ત કરે. કષાય રૂપ વિઘ્ન યુકત ચિત્તને જાણી નિવારી રાખે જે સમય અખંડ બ્રહ્મ વસ્તુમાં પ્રણિધાન હોય તે વખત અંતઃકરણને ચલાયમાન ન કરે. તેમ સવિકલ્પક આનંદ આસ્વાદન પણ ન કરે અને પ્રજ્ઞાદ્વારા નિઃસંગ થઇ જાય." અને સ્મૃતિનું પણ પ્રમાણુ છે કે "જેમ વાયુ રહિત સ્થાનમાં દીપક સ્થિર થઇને નિશ્ચલ રહે છે તેમ પ્રણિધાન થતાં અંતઃકરણ નિશ્ચલ થાય છે. (૫૫).

૧–प्रजहाति यदाकामान्सर्वान्पार्थ मनोगतान्। आत्मन्येवात्मनातुष्ट स्थितप्रज्ञस्तदोच्यते ॥ અર્થ-સ્થિત પ્રજ્ઞનાંલક્ષણ શ્રીકૃષ્ણપરમાત્મા કહે છે કે હે પાર્થ જ્યારે માણસ પોતાના મનની સર્વ ઇચ્છાઓનો પરિત્યાગ કરે છે અને આત્મામાં આત્મા વડેજ સંતોષ પામે છે ત્યારે તે નિશ્ચળ બુધ્ધિવાળો કહેવાય છે.

૨– ચિત્તની કેવળ બ્રહ્મમાં તત્પરતા થવામાં ક્રમ રહેલો છે કારણકે ચિત્તની પાંચ અવસ્થા (ભૂમિકા) છે (૧) ક્ષિપ્ત, (૨) મૂઢ, (૩) વિક્ષિપ્ત, (૪) એકાગ્રતા. (૫) નિરૂધ્ધ. તેમાં લોક વાસના દેહ વાસના, શાસ્ત્ર વાસના, અને આદિલઇને રજોગુણના પરિણામરૂપ જે દ્રઢ અનાત્મ વાસના તેને ક્ષિપ્ત કહે છે. નિદ્રા આલસ્યાદિક તમોગુણના પરિણામને મૂઢ કહે છે. ધ્યાનમાં પ્રવૃત્ત ચિત્તની કદાચિત્ બાહ્ય પ્રવૃત્તિ તેને વિક્ષેપ કહે છે. અંતઃકરણનું અતિતપરિણામ અને વર્ત્તમાન પરિણામ સમાનાકાર હોય તેને એકાગ્ર કહે છે તે એકાગ્રતાની અત્યંત વૃદ્ધિ થવી તેને નિરૂધ્ધ (નિરોધ) કહે છે તેમાં ક્ષિપ્ત અને મૂઢ ભૂમિકાવાળા અંતઃકરણનો તો સમાધિવિષે અધિકારજ નથી વિક્ષિપ્ત અંતઃકરણને અધિકાર છે અને એકાગ્ર તથા નિરૂધ્ધ અંતઃકરણતો સમાધિ કાળમાં હોય છે. અર્થાત્ એકાગ્ર અગર નિરૂધ્ધ ચિત્તજ કેવળ પરમાત્મ ચિંતનમાં તત્પર રહે છે. અને પ્રયત્ન પૂર્વક ચિત્તની ભૂમિકાના સાધકનેજ નિર્વિકલ્પ સમાધિ સિધ્ધ થઈ શકે છે.

ॐ

अथ जीवनन्मुक्त लक्षणमुच्यते.

जीवन्मुक्तोनाम स्वस्वरुपाखण्डे ब्रह्मणि साक्षात्कते सति अज्ञात तत्कार्य्य सञ्चितकर्म्मसंशय विपर्य्ययादीनामपिबाधितत्वादखिलवन्धरहितो ब्रह्मनिष्ठः । "भिद्यते हृदय ग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः । क्षीयन्तेचास्यकर्म्माणि तस्मिन्दृष्टे परावरे" इत्यादिश्रुतेः ॥ ९६ ॥

भा०—હવે જીવન્મુકત લક્ષણનું નિરૂપણ કરે છે. જે પુરૂષ અખંડ ચૈતન્ય સ્વરૂપ બ્રહ્મ જ્ઞાન થયા પછી અજ્ઞાનતાનો નાશ થવાથી સર્વ વ્યાપી ચૈતન્ય સ્વરૂપ બ્રહ્મનો સાક્ષાત્કાર કરીને અજ્ઞાનનાં કાર્ય એકઠાં કરેલાં પાપ, પુણ્ય, સંશય અને ભ્રમાદિકને દૂર કરીને સંસાર બંધનથી વિમુકત થઇ **બ્રહ્મનિષ્ઠ** થાય છે તેને **જીવન્મુકત** કહે છે. અને શ્રુતિ પ્રમાણથી પણ જણાય છે કે—"સર્વ શ્રેષ્ટ પરબ્રહ્મનો સાક્ષાત્કાર થવાથી હૃદયનો ભ્રમ નાશ થાય છે ને સર્વ સંશય દૂર થઇ જાય છે અને સારાં નરસાં સર્વ કર્મનાં ફ્લ નષ્ટ થઇ જાય છે." (૯૬).

अयन्तु व्युत्थानसमये मांस शोणित मूत्रपुरीषादि भाजनेन शरीरेण आन्ध्यमान्द्या पटुत्वादि भाजने नेन्द्रिय ग्रामेण अशनाया पिपासाशोक मोहादि भाजनेनान्तःकरणे नचतत्तत्पूर्व पूर्ववासनाया क्रियमाणानिकर्म्माणि भुज्यमानानिज्ञानाविरुद्धान्यारब्धफलानिच पश्यन्नपिबाधित्वात् परमार्थतोनपश्यति यथा इदमिन्द्रियजाल मिति ज्ञानवान तदिन्द्रियजालंपश्यन्नपिपरमार्थमिदमितिनपश्यति । "सचक्षुरचक्षुरिवसकर्णोऽकर्णइव समनाअमना इवस प्राणोऽप्राणइव" इत्यादिश्रुतेः । उक्तश्च "सुयुक्तवज्जाग्रातियोन पश्यतिद्वयश्च

पश्यन्नपिचाद्वयत्वतः। तथापिकुर्वन्नपि निष्क्रियश्चयः सआत्मविन्नान्य इतिहिनिश्चयः" ॥ इति ॥ ९७ ॥

ભા૦—જેમ સાધારણ પુરૂષ ઇંદ્રજાલના પદાર્થોને જોઇને વિચાર કરે છે કે ઇંદ્રજાલીય પદાર્થ પ્રકૃત દશ્યમાન પદાર્થ નથી તેમ જીવન્મુકત પુરૂષ પણ જાગ્રત્ અવસ્થામાં રૂધિર, માંસ, વિષ્ઠા, અને અને મૂત્રાદિકનું પાત્ર એવા શરીર દ્વારા; તથા આંધળાપણું, બહેરાપણું આદિ દોષોના સ્થાન રૂપ ઇંદ્રિયો દ્વારા; ને ભૂખ, તરસ, શોક, મોહ, ઇત્યાદિના ભાંડ રૂપ અંતઃકરણ દ્વારા; પ્રથમ વાસનાથી ઉત્પન્ન થયેલા જ્ઞાનના વિરોધી સંચિત કર્મનાં ફલ ભોગવ્યા પછી દશ્યમાન આ જગત્ સત્ય વસ્તુ થતી નથી એવો વિચાર કરે છે તેમાં શ્રુતિનું પણ પ્રમાણ છે કે જીવન્મુકત પુરૂષ બાહ્ય વસ્તુમાં નેત્ર યુકત થઇને નેત્ર હીન જેવો વ્યવહાર કરે છે. કાન છતાં પણ બહેરા જેવો વ્યવહાર કરે છે મન છતાં પણ મન હિન જેવી ક્રિયા કરે છે અને પ્રાણ છતાં પણ પ્રાણ રહિત જેવો વ્યવહાર કરે છે" વળી અન્ય સ્થળમાં પણ કહેલું છે કે—જાગ્રત અવસ્થામાં સુષુપ્તિની પેઠે બાહ્ય વસ્તુમાં વ્યવહાર કરે છે જે દ્વૈત વસ્તુને પણ અદ્વૈત બોલે છે અને કર્મ કરતાં છતાં પણ અંતઃકરણને નિષ્ક્રિય માનેછે તે બ્રહ્મપરાયણ પુરૂષ નિશ્ચય જીવન્મુકત છે. એનાથી અન્યને જીવન્મુકત કહેવાતો નથી. (૯૭)

अस्य ज्ञानात्पूर्वं विद्यमानानामेवाहारविहारादीनां अनुवृत्तिवच्छुभवासनानामेवानुवृत्तिर्भवति शुभाशुभयोरौदासीन्यंवा। तदुक्तम्—" बुद्धाद्वैतमतत्त्वस्य यथेष्टाचरणंयदि। शुनांतत्त्वदशांचैवको भेदोऽशुचिभक्षणे । ब्रह्मवित्त्वं तथामुक्त्वास आत्मज्ञोनचेतरः" इति ॥ ९८ ॥

ભા૦—પૂર્વોકત જીવન્મુકતનું જ્ઞાન થતાં પહેલાંજ શુભ જે શમ દમાદિ ગુણો તેનાથી અશુભ વાસનાનો નાશ થઇ જાય છે તેથી સંસાર દશામાં જેમ આહાર વિહાર આદિકમાં અભિમાન રહિત થઇ પ્રવૃતિ કરવામાં આવેછે એજ પ્રમાણે સત્‌જ્ઞાન થયા પછી પણ

આહારવિહાર આદિકમાં પ્રવૃત્તિ થાયછે પણ તત્ત્વજ્ઞાન થયા પછી અશુભ વાસનાની પ્રવૃત્તિ બિલકુલ થતી નથી કેવલ શુભ વાસનાનુંજ અનુવર્તન કરવામાં આવેછે અથવા શુભ વાસના તથા અશુભ વાસના એ બન્નેમાં ઉદ્દાસીન ભાવ રહેછે તેથી જીવન્મુક્ત પુરૂષ યથેચ્છ આચરણ કરતા નથી. તેમજ તેને કર્તત્વનું અભિમાન હોતું નથી તેથીજ કહેવામાં આવ્યું છે કે " न मातृबधेन । न पितृवधेन। यस्यना हंकृतोभावो बुद्धिर्यस्यनालिप्यते । हत्वापिसइमाँल्लोकान्नहंतिननिबध्यते " । इति —અર્થ—જેને હું કર્તા છું એવો ભાવ નથી અને જેની બુધ્ધિ લેપાએલી નથી તેવો જ્ઞાની મનુષ્ય જો માતૃવધ કરે વા પિતૃવધ કરે કે સમગ્રલોકને હણે તો પણ તે હણતો નથી કે બંધાતો નથી તેમજ " अश्वमेध सहस्राणि ब्रह्महत्या शतानि च । कुर्वन्नपिनालिप्यते यद्येकत्वं प्रपश्यति " અર્થ, જ્યારે સર્વત્ર એકજ તત્વને (બ્રહ્મને) જુએછે ત્યારે તે કદિ હજારો અશ્વમેધ કરે વા સોબ્રહ્મહત્યા કરે તો પણ તે કશાથી લેપાતો નથી અર્થાત્ તેને પુન્ય કે પાપ લાગતું નથી કારણ તેને કર્તૃત્વાભિમાન હોતું નથી આથી એમ સમજી બેસવાનું નથી કે ત્યારે જ્ઞાની યથેચ્છાચરણ કરે તે તો પ્રથમથી નજ કરે એમ સિધ્ધ કરવામાં આવ્યું છે છતાં ઉક્ત વચનોમાં જે ક્રિયા લખવામાં આવી છે તે તો કેવળ જ્ઞાનની સ્તુતિ માટેજ છે કારણ જીવન્મુક્તપુરૂષ સર્વત્ર એકજ આત્માને જુએછે તે આત્મા પોતે છે પછી કોણ કોને હણે ? ? બીજું તો છેજ નહિ માટે જ્ઞાનીને જન્મના હેતુ કોઇ પુન્ય પાપ રહેતા નથી તે જણાવવા સારૂજ ઉક્ત વચનો છે. વળી અન્ય ગ્રંથમાં પણ કહેછે કે "જો કોઇ પુરૂષ એક બ્રહ્મતત્ત્વને જાણે અને પછી યથેચ્છ આચરણ કરે તો પછી અપવિત્ર પદાર્થના ભક્ષણમાં લાગેલ શ્વાન (કુતરો) અને બ્રહ્મતત્ત્વવેત્તા એ બન્નેમાં ભેદ ક્યાં ? ? વળી "જેજીવન્મુક્ત થાય છે તેને કેવળ પોતાના આત્મનુંજ ભાન હોય છે બીજું ન હોવાથી અભિમાન કરતો નથી તેથી પણ તે નિર્વીકારજ છે" (૯૮)

तदानीममानित्वादीनि ज्ञानसाधनानि अद्वेष्टृत्वादयश्चालंकार वदनुवर्तन्ते। तदुक्तं—"उत्पन्नात्मावबोधस्यह्यद्वेष्टृत्वादयोगुणाः। तयत्नतोभवन्त्यस्य नतुसाधनरुपिणः" इति॥९९॥

ભા૦—તે જીવન્મુક્ત અવસ્થામાં અમાનિપણું, અદંભિપણું આદિક જ્ઞાન સાધન અને અદ્વેષ્ટૃત્વ, નિર્લોભત્વ, અમાત્સર્ય, અહિંસા આદિક સદ્ગુણ અલંકાર સરખા તે તત્ત્વ જ્ઞાનીની પાછળ પાછળ ચાલ્યા આવે છે તે વિષયમાં વાર્તિક ગ્રંથનું પ્રમાણ છે કે "જેને આત્મબોધ ઉત્પન્ન થયો છે તે પુરૂષને અદ્વેષ્ટૃત્વ, અદંભિત્વ, અહિંસા આદિ ગુણ પ્રયત્ન વિનાજ આવે છે પણ તે ગુણ તેને સાધન રૂપે નથી." (૯૯).

किंबहुनाअयंदेहयात्रार्थमिच्छानिच्छापरेच्छा प्रापितानि सुखदुःख लक्षणान्यारब्ध फलान्यनुभवन्नन्तः करणाभासादीनामवभासकः सनतदवसाने प्रत्यगानंदपरब्रह्मणि प्राणेलीने सति अज्ञान तत्कार्य्य संस्काराणामपिविनाशात् परम कैवल्यमानन्दैकरसमखिल भेद प्रतिभासरहितमखण्डं ब्रह्मावतिष्ठते । "नतस्यप्राणा उत्क्रामन्त्यत्रैव समवलीयन्ते विमुक्तश्चविमुच्यते" इत्येवमादिश्रुतेः॥ १०० ॥

श्रीमत्परमहंस परिव्राजकाचार्य श्रीसदानन्द योगीन्द्र
विरचितः श्रीवेदान्तसारः समाप्तः

ભા૦—આ શ્રીસદાનંદયોગીન્દ્રકૃત વેદાન્ત સારમાં સાધન ચતુષ્ટય પ્રમાતા અધિકારી, ને મૂલાજ્ઞાનની નિવૃત્તિ થઇ પરમાનંદની પ્રાપ્તિ માટે અવિદ્યાથી દ્રશ્યમાન સકલ પ્રપંચ બ્રહ્મને વિષે અધ્યારોપાપવાદથી વિસ્તાર કરી અંતમાં તે તત્વને નિષ્પ્રપંચ પ્રતિપાદન કર્યું અને અધિકારીને તેમાંથી અર્થાત્ દ્રશ્ય પ્રપંચમાંથી મુકત થવા સારૂ શ્રવણ, મનન, નિદિધ્યાસન અને તત્પદ તથા ત્વ પદના શોધન રૂપ સાધન વડે બ્રહ્મ સાક્ષાત્કાર થઇ ભેદનો ધ્વંસ થઇ જીવન્મુકતતા પર્યંત વર્ણન કર્યું છે હવે અંતમાં કહે છે કે કિંબહુના—વિશેષ કહેવાથી શું?? તે જીવન્મુકત પુરૂષ શરીર યાત્રાના નિર્વાહ માટે ઇચ્છા, અનિચ્છા, અને પરેચ્છા એ ત્રણ પ્રકારનાં પ્રારબ્ધ કર્મથી ઉત્પન્ન થયેલ સુખ દુઃખનો અનુભવ કરતો છતો સાક્ષી રૂપે (ચૈતન્ય રૂપ) બુદ્ધિ આદિનો પ્રકાશક થઇ પ્રારબ્ધકર્મના ભોગોના અંતમાં સચ્ચિદાનંદરૂપપરબ્રહ્મમાં પ્રાણોનાલીન થયા પછી અજ્ઞાન અને અજ્ઞાનના કાર્ય સ્વરૂપ પૂર્વ સંસારના વિનાશ હેતુ પરમ

કેવલ્યરૂપ, સચ્ચિદાનંદમય, અદ્વૈત પુર્ણ બ્રહ્મમાં કૃત કૃત્ય રૂપે સ્થિર થઇ અનિર્વચનીય કૈવલ્યાનંદનો અનુભવ કરે છે. એ સકલ વેદ રહસ્યનું તાત્પર્ય છે એ જીવન્મુકત પુરૂષને જે બ્રહ્મમાં લીન (મુકત) થવાનું કથન છે તે પ્રથમ ન હતું અને હવે થયું એમ નથી પણ જેમ ઘટની ઉપાધિને લઇને માહાકાશ ને ઘટાકાશ વસ્તુતઃ એક છતાં પ્રથક્ પ્રથક્ કથન માત્ર હતાં ને ઘટનો નાશ થતાં તે એકજ રૂપે રહે છે તેમ બુધ્ધિ રૂપ ઉપાધિને લઇને એક ચૈતન્યમાં ભેદ પ્રતિતી કથન માત્ર હતી તે તેનો વિલય થતાં કેવળ અભેદ તત્ત્વજ રહે છે. વસ્તુતઃ તેને પ્રથમથીજ બધ્ધપણું હતું નહિ કારણ આચાર્ય કહે છે કે "**નनिरोधो नचोत्पत्तिर्नबद्धो नचसाधकः नमुमुक्षुर्नवामुक्त इत्येषा परमार्थता**" અર્થ-જેને કંઇ નિરોધ (અટકાવ) નથી તેમ જેની ઉત્પત્તિ પણ નથી ને જે બધ્ધાયમાનનથી અને જે સાધનનો સાધક નથી તેમ મોક્ષની ઇચ્છા પણ જેમાં નથી અને મુકત પણ નથી એવી પરમાર્થસત્તાનિર્વિકાર છે તેથી બંધ મોક્ષ વ્યવસ્થા વ્યવહાર દ્રષ્ટિએ કથન કરવામાં આવી છે. વળી જીવન્મુકતપુરૂષને મનોનાશ, વાસનાક્ષય ને તત્વજ્ઞાન યથાર્થ હોવાથી પરલોક ગમન કરનાર સૂક્ષ્મશરીર હોતું નથી તે તો સ્વરૂપમાં લીન થઇ ગયું હોય છે તેથી તેનો પ્રાણ પણ ઉત્ક્રમણ કરતો નથી તે શ્રુતિ પ્રમાણ છે કે "જીવન્મુકતપુરૂષના દેહનો નાશ થતાં અન્ય લોકમાં જતો નથી પણ સચ્ચિદાનંદમય પરબ્રહ્મમાં લીન થઇ જાય છે ને અસાર સંસારના બંધનથી છુટી જાય છે પછી અખંડ બ્રહ્માનંદમાં નિમગ્ન થાય છે" તેથી તેને પુનઃ જન્મ મરણ રહેતુંજ નથી કારણ અન્ય શ્રુતિઓ પણ કહે છે કે **असंगो ह्ययंपुरूषः** અર્થ—આ (મુકત) પુરૂષ અસંગજ (નિર્લેપ) છે **आकाशवत्सवर्गतश्च नित्यः** આકાશની પેઠે સર્વત્ર વ્યાપક ને નિત્ય છે. આદિ અનેક શ્રુતિઓ તે મુકત આત્માનું નિત્યત્વ, પરિપૂર્ણત્વ, કૂટસ્થત્વકથન કરે છે તેથી તેનો જન્મ થતોજ નથી. તેથીજ વેદ વદે છે કે "**नसपुनरावर्त्तत**" તેની પુનઃ આવૃત્તિ થતી નથી એવા અખંડ પરિપૂર્ણ સુખરૂપ થાય છે ઇતિ (૧૦૦) ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

॥ ૐ ॥

" મનહર છંદ "

[૧]આત્મ દ્વારાશોધી જોયું [૨]ચક્ર આ સંસારતણું, નામરૂપ [૭]અખંડ નહિ [૪]બ્રહ્મ નિષ્કામમાં; બીજ ફાલગુન શુક્લ પક્ષ પ્રકાશક રવિ, તેથી અવિદ્યા ઉથાપિ વસીને આરામમાં; અસંગ ઉપાધિવિણ નિરાલંબ છે સદાય, ધર્યું રહી• ધ્યાન પ્રેમે સ્તંભતિર્થ ગ્રામમાં; મુકુંદ પ્રસાદ પામી શ્રીગુરૂ કૃપાથી કીધો, ઇતિ સુવેદાન્તસાર મહાકાળ ધામમાં.

ભા૦—આ અનાદિ (અનાદિસાંત) સંસાર ચક્રને (અધ્યાત્મ) આત્મ દ્વારાશોધીને તપાસ્યું તો સમજાયું કે બીજ એટલે કારણ અજ્ઞાન તેના ફાલ એટલે ફેલાવલાજે સત્વ, રજ, ને તમ, એવા ત્રણગુણ તેનું કાર્ય છે તેનો તથા રવિનો પ્રકાશક એકજ આત્મા છે તેથી શુકલગુણ (સત્વગુણ) નો પક્ષ (આશ્રય) કરતાં—શ્રીકૃષ્ણપરમાત્માના વચનાનુસાર " सत्वात्संजायते ज्ञानं " સત્વગુણથી જ્ઞાન ઉત્પન્ન થયું અને જ્ઞાનથી (વિદ્યાથી) અવિદ્યાને શાન્તિમાં રહીને ઉથાપિ-દૂરકરી પછી તિર્થગ્રામ એટલે સમગ્ર તિર્થનોસમુહ તેનો સ્તંભ એટલે આધાર જે આત્મા તેનું. પરમ પ્રેમથી ધ્યાન ધર્યું તો સમજાયું કે તે તત્ત્વ અસંગ (નિર્લેપ) ઉપાધિ નામરૂપાત્મકમાયા) થી સદા રહિત ને નિત્ય નિરાલંબ છે. શ્રીસદ્‌ગુરૂ કૃપાથી તે મુકુંદ (" तैः प्रार्थितः स्वयं मुक्ति मुकुन्दः स्याद्ददातिसः " પોતે મુક્ત હોવાથી પ્રાર્થના કરનારને મુક્તિ આપનાર) નામ આત્માનો પ્રસાદ પામીને અર્થાત્ શ્રીપરમાત્મકૃપાથી વેદાન્તનો ઉત્તમસાર જે જ્ઞાન તેવડે શ્રીમહાકાળ ધામ નામ પરમાત્માના પરમપદમાં રહેવાનો ઇતિ નામ સંપૂર્ણ નિશ્ચય કીધો અસ્તુ ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

બીજોભાવ—સંવત ૧૯૬૬ ના ફાલગુન શુકલ પક્ષ દ્વિતીયા (બીજ) ને રવિવારને રોજ શ્રીસ્તંભતિર્થ (ખંભાત) માં શ્રીમહા કાળેશ્વર માહાદેવના મુકામમાં શ્રીवेदान्तसारનો અનુવાદ यतिमुकुन्दाश्रम શ્રી પરમાત્મકૃપાથી સમાપ્ત કર્યો એજ ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

॥ ૐ खंब्रह्म ॥

---

(૧) ઇશ્વર પ્રેરિતકે પોતાની ઇચ્છાથી ભિક્ષાટનને સમાધિઅવસ્થા તે સ્વેચ્છાકૃત—શિષ્યાદિ તરફથી આપવામાં આવતાં અન્નાદિકલેતે પરેચ્છાકૃત—ન—આકાશફળપાતવત્ પાષાણ આદિની ઠોકર વા કાંટાનું વાગવું આદિ અનિચ્છાકૃત.

*पञ्चदेवस्तुति.

मंगलाचरण–शार्दूल विक्रीडित.

—(०)—

જય જય શ્રી ગણુનાથ શંભુ ગિરિજા વિષ્ણુ અને ભાસ્કરા,
આપો પંચ મળી વળી વિનયતા વાણી વિનોદી વરા;
ઇચ્છા અંતરમાં ધરૂ સ્તુતિ કરૂ ગાવા ગુણો છંદમાં,
વાણી દોષ ક્ષમા કરો શુરવરા આરાધુ આનંદમાં. ૧

विनायकस्तुति–झूलणा.

પ્રથમ કરૂં પ્રાર્થના પાર્વતીનંદ ગજદંત અખિલેશ આનંદદાતા,
ગુણુનિધિ ગણુપતિ ગહનગતિ સન્મતિ બુદ્ધિને સિદ્ધિદા સ્કંદ ભ્રાતા;
નંદિધ્વજ નંદના મુષકધ્વજ ખંડના પ્રૌઢ પાખંડના છો પ્રહરતા,
વંદુ ગણુનાયકા વિશ્વવર દાયકા લક્ષદા લાયકા વિઘ્ન હરતા. ૧

કવિ નહીં તદપિ કરૂં કાવ્યમાં કલ્પના કરૂણરસ વિમળરસ વર્ણુવાણી,
ગ્રંથમાં ગતિ કરૂં શબ્દમાં મતિ ધરૂં દ્યો પ્રસાદી રૂડી રંક જાણી;
પરશી કર વર ધરી મુકુટ શિરપર કરી મુષક વાહન કરી વદન ઠરતા,
અટક રાખી ખરી ચટકચિત્તે ધરી નિકટ રહેજો હરિ વિકટ હરતા. ૨

सूर्यस्तुति–झूलणा.

ગગન ગ્રહમંડળે દ્વિષ દ્વિજ કુળતણુ બ્રહ્મના તેજનું તત્વમાનું,
કરૂં નમસ્કાર ગાયત્રીપતિ મૂર્તિ દ્વાદશ રવિ સૂર્ય આદિત્ય ભાનુ;
ગમન કરતા તમે વ્યોમને ભોમના છો દિવાકર પ્રભાકર પ્રકાશી,
દિનકરા ભાસ્કરા મિત્ર રૂપે તમો સહસ્ત્ર કીરણી ત્રિલોચન ઉપાશી. ૧

---

* પંચદેવની સ્તુતી અને બાલોપદેશ એ વિષયની કવિતાઓ વૈદ્યરાજ રણુછોડભાઇએ રચેલી તે અત્યંત ઉપયોગી જાણીને અહીં પ્રસિદ્ધ કરી છે. અંતે એમની સ્થિતિની અને એમને પ્રજ્ઞાચક્ષુ પ્રાપ્ત થએલાં તે સંબંધીની એમની રચેલી કવિતાઓ આપી છે.

ઉદયમાં બ્રહ્મનું રૂપછો મધ્ય માહેશ્વરા વિષ્ણુ છો અસ્તમાને,
ત્રિગુણ તેને કરી તપત ત્રૈલોકયમાં વાલખિલ્યાદિ જન જપત ધ્યાને;
વિપ્રના વર્ગની ભર્ગ આભાસથી શુદ્ધિ અંતરતણી ભાનુ આપો,
નિરખુ નારાયણા અરૂણપતિ કરૂણમતિ કીરણછોડુ નહીં કષ્ટ કાપો. ૨

भगवतीस्तुति–झूलणा.

ભગવતી ભુવન ભરતાર ભવતાર ભ્રાતા ભરત્રી ભવે બ્રહ્મભાસી,
ભક્તિ ભૂષણ ભરી ભક્ત દૂષણ હરી ભુવન ભૂષણ કરી ભૂવિલાસી;
ભક્તિદા ભાગ્યદા ભ્રાન્તિ ભય હારિણી ભવ્ય ઉદ્ધારિણી ભોળી ભાળી,
ભદ્રકર ભદ્રવર દામિની ભર્ગ ભ્રુકુટી ભરી ભદ્રદા ભદ્રકાળી. ૧

કાશી કમલાસની કલ્પતરૂ કલ્પની કલ્પવર કુશળકર કલ્પ કરતી,
કનક સમ કાન્તિ કંદર્પ કોટિક કળા કોટી કૌટભથી કરવાળ ધરતી;
કરૂણાથી કર કમળધર કંઠ કરી કોમળી કાલિકા કામધેનુ કૃપાળી, ભ. ૨

ચંડિકા ચંચળા ચપળ ચિત્ત ચિંતવી ચારૂ લોચન ચરાચર તું ચરતી,
ચંપકા ચતુર્વેદે વળી ચિત્ત ચહી ચતુર્યુગ ચિત્તત્રણી ચિતરતી;
ચંદ્રવદની ચપળ ચારૂરૂપ ચામરી ચિત્ત નિશ્ચિંતકર ચિંત ચાળી, ભ. ૩

તરણી ત્રૈલોકયની તું ત્રિપુરારિતણી તારૂણી ત્રિવિધ તન તાપ તરશી,
તત્ત્વ તે જે ભરી તૃપ્ત ત્રિભુવન કરી ત્રિગુણ તર્કે ભરી તત્ત્વદરશી;
તંત્રી ત્રિભુવન તણા તંત્રની તૃપ્તિદા તનુજના તલ્પી દે તાપ ટાળી, ભ. ૪

પરમ પરમેશ્વરી પૂર્ણ પ્રેમે ભરી પદ્મત્રણી પરાપર પ્રસરતી,
પદ્મકર પર ધરી પંકજા પરવરી પતિતના પાપને તું પ્રહરતી,
પાર્વતી પ્રકૃતિ પુરૂષ પારગતા પ્રકટ પ્રાણેશ્વરી પર પ્રજાળી, ભ. ૫

માત માહેશ્વરી મધુર મુખ મલકતી મલપતી માન માતંગ માતી,
માધવી મથન મંદ્રાચળી મસ્ત મધુ મર્દિની મૃત્યુહર મનમદાતી;
મંગળા મહિત માર્કંડ મુનિ મંત્રદા મનુની મન્વંત્તરે મા મયાળી ભ. ૬

વંદુ વિશ્વંભરી વર્મદા વિકટ વિષકંઠ વામાંગ વામે વશેલી,
વિશ્વમાતા વળી વેદ વેદાંતમાં વાણીની વૃત્તિની વિશ્વવેલી;
વૈષ્ણવી વ્યોમ વસુધા વિષે વર્ણમાં વિરતરી વિંધ્યવાસી વિશાળી, ભ. ૭

શંકરી સારદા સર્વદા શાન્તિદા સેવી સુરવર સદા-શિવ સમાતી,
શાંભવી સત્ત્વ સવિતા શશી શેષ સંસાર સંતાપ સત્વર સહાતી;
સ્વરૂપ સુંદર સજી સંચી સિંધુ સુધા સુરસમી સંચરી તું સરાળી, ભ. ૮

રત્ન પરવાળી પર રમણ કરતી તું રત્નાવલી દે રમા રણુથી છોડી,
રાખ શરણે રખડતો ગણી રણ થકી રક્ષણી તું રખે દે વછોડી;
ભાવી રણ છોડીને ભવનું †રણ છોડતાં ભાવ્ય રણ છોડતી તુ રસાળી, ભ. ૯

विष्णुदशावतारस्तुति—झूलणा.

કૃષ્ણ કર કમળધર કિરીટધર કુશલકર કોટી કલ્યાણ કરૂણાળુ કરતા,
કંઠ કૌસ્તુભમણિ માળ કમલાપતિ કર ગદા પદ્મ સારંગ ધરતા;
કાન્તિ કોમળ કળાપૂર્ણ પરમેશ્વરા ચતુર્ભુજ ચક્રમાં ચરચી ખ્યાતા,
કૃષ્ણ ગોવિંદ ગોપાળ ગણુપાળ ભજ બાળ વૃજપાળ આનંદ દાતા. ૧

દિગ્પતિ દૈત્યના દમન દામોદરા દેવના દેવ અધિદેવ દેવા,
યોગી આરાધીને સિદ્ધ મુનિ સાધીને ધ્યાન ધ્યાની ધરત કરત સેવા;
ઇંદ્રિયમ વરૂણને સૂર્ય શશી શેષ સુર સંતે મુનિ ઇશ વંદે વિધાતા, કૃ. ૨

ખંડ નવખંડ ખગરાજ દ્વજરાજ પરબ્રહ્મ રૂપે રહ્યા છો પ્રકાશી,
સાર સંસાર આધાર નિવાર ભવપારના તાર વૈકુંઠ વાસી;
વિશ્વ વિશ્રામ ઘનશ્યામ સુખધામ મુખનામ ગંભીર ગુણ જ્ઞાની ગાતા, કૃ. ૩

મત્સ્ય થઇ મધુસૂદન શંખ સંહારિયો લાવીયા વેદનું તત્વ તાણી,
કૂર્મ ક્રિયા કરી ચતુર્દશ રત્નગ્રહી રાહુ ચક્રસુર કર્યો ચક્રપાણી;
વેગ વારાહથી ધારી ધીર થઇ ધરા ગ્રાહી પાતાળથી સ્થિર થાતા, કૃ. ૪

હાનિ હિરણ્ય કશિપુ તણી આદરી નરહરિ રૂપ થઇને નિહાળી,
પૂર્ણ પ્રલ્હાદના પ્રેમની ભક્તિથી જાળવી જુક્તિથી પ્રીત પાળી;
વેશ વામન ધરી દાનને કારણે બટુક બલિ દ્વાર કિરતાર જાતા, કૃ. ૫

---

† શ્લેષ રચના જેવી યુક્તિથી અહીં રણછોડ એ નામ સુચવ્યું છે હવે પછીની પણ પ્રત્યેક કવિતાને અંતે એ યુક્તિથીજ નામ સુચન કર્યું છે.

પ્રૌઢ પરશી ધરી પૃથ્વીપર ફરી ફરી પૃથ્વી નક્ષત્રી કરી પરશુરામા,
જનકને મંડપે જાનકી જપ તપે દર્શિયા દીવ્ય દાશરથી રામા;
કંસનો વધ કર્યો વૃજપતિ વિષ્ણુ થઇ મુરલીધર કૃષ્ણબલદેવ ભ્રાતા, કૃ. ૬

બદરીકારણ્યમાં નર ને નારાયણ તપ તપસ્વી થઇ યુદ્ધ કરતા,
કલિયુગાન્તે કલંકિ થશો કીર્તિવંતા તમે પાપીના પાપ હરતા;
યુગયુગે યોગીના અંતરાત્મા પ્રભુ ધર્મ કાર્યાર્થે પ્રખ્યાત થાતા, કૃ. ૭

સત્ત્વ રજ તમ ત્રિગુણ પ્રકૃતિરૂપ છો અક્ષરાતીત વદે વેદ વાણી,
ઉત્પત્તિ ને સ્થિતિ લય તણા કાર્ય કારણ રૂપે તો રહ્યા શંખપાણી;
જીવ ઇશ્વર ત્રયી વેદ માયા શ્રુતી ને સ્મૃતિ સાર ત્રૈલોકય ત્રાતા, કૃ. ૮

જીવન છો જગતના જાળવી લ્યો મને પાપના પાશમાં પીડ પામું,
છોડી દો રણ થકી જોડી લ્યો ચરણથી તરણ છો તનના શીષ નામું;
સ્મરણ છોડું કદી ના શરણ છોડશો ધરણ છોડો નહીં ધીંગ ધાતા, કૃ. ૯

शिवस्तु–महीदीप छंद.

જયકરા વિજયકરા દિગંબરાદિ શાન્ત છો,
ચંદ્રશેખરા વરાહી માથ જે સ્મરાન્ત છો;
હર હરા ધરા ધરા વિમળ વિશેષ વારીને,
ભભૂત રંગ અંગમાં ભજો ભુજંગ ધારીને. ૧

રૂદ રૂંઢમાળ ભાળ ભસ્મ ચંદ્ર ભાળ છે,
કંઠ વ્યાલ માળ જવાળ વિષની વિશાળ છે;
પ્રસંગમાં ઉમાંગ ઝંઘ ગંગ શીર ધારીને,
ભભૂત રંગ૦ ... ... ૨

સતીપતિ યતિપણે રતિપતિ પ્રહારતા,
પાર્વતી પતિ અતિ ગતિ મતિ સુધારતા;
ભાળ ઇંદુ બિંદુ છે લલાટ લક્ષ કારીને,
ભભૂત રંગ૦ ... ... ૩

ભૂત ભૈરવાદિ વીરભદ્ર રક્ષકાર છો,
દક્ષ પક્ષના સમક્ષ યજ્ઞ ભંગ કાર છો;
પુષ્પબાણ પ્રાણના મુરારિના પ્રહારીને,
ભભૂત રંગ૦ … … … … ૪

ક્ષિતિરથે ચઢયા વિનાકી સૂર્ય ચંદ્ર ચક્રથી,
ચઢાવી ચાપ ચિંતવ્યું પુરારિ પંચવક્રથી;
સમગ્ર નગ્ન અગ્ર વ્યગ્રકારી નિર્જરારિને,
ભભૂત રંગ૦ … … … … ૫

ત્રિપુર પુર બાળીને અસુરપૂર ટાળીને,
કાળ કાળ વિશ્વ પાળતા ઠર્યા નિહાળીને;
વિમુક્ત ભકત જકતના અશકત મુક્ત કારીને,
ભભૂત રંગ૦ … … … … ૬

ફળ્યા હીમાચળે પળે પવિત્ર પતિ પામીને,
પ્રતિબળે ભવાની ભાવના પળ્યા વિરામીને;
અનંગરંગ ભંજના શિવાંગના વિહારીને,
ભભૂત રંગ૦ … … … … ૭

સુરેંદ્રનાથ શોભતા ફણીંદ્રના પ્રસંગમાં,
ગૌરવાંગ શ્વેતરંગ ભંગના તરંગમાં;
પ્રસન્ન છે વદન તન વ્યાઘ્ર ચર્મ ધારીને,
ભભૂત રંગ૦ … … … … ૮

સ્ફટિકભસ્મ પુરી ધરી કુબેરને કૃપા કરી,
રાવણાદિ કુંભકર્ણ વર્ણ શરણમાં ધરી;
લંક રંકદા થયા નિઃશંક વંક કારીને,
ભભુત રંગ૦ … … … … ૯

સૂર્ય ચંદ્ર પાવકાદિ નેત્રથી ત્રિચક્ષ છો,
લક્ષ યક્ષ તક્ષકાદિ પક્ષને પ્રત્યક્ષ છો;
ગજાનના ષડાનના દશાનના ધિકારીને,
ભભૂત રંગ૦ … … … … ૧૦

અજન્મ જન્મના દિસોજ જન્મથી જટાધરા,
અજાત જાતના જરા જરા ન જાળવી ધરા;
જાળવી જંજાળ જાળ ઝાળ તીર તારીને,
ભભૂત રંગ૰ ૧૧

કષ્ટમાં કૃપા કરો વિનાક શૂળ પાણી છો,
પંચ મુખ શંકરા પશુપતિ પ્રમાણી છો;
દુષ્ટ કષ્ટ રીષ્ટને જ ધ્રુષ્ટ ઘો વિદારીને,
ભભૂત રંગ૰ ૧૨

સનાતના તણી ઉપાસનાથી યાતના ટળે,
વિશાષના વષાસનાની સેવના સદા ફળે;
અનાદિ વાસના યમાદિ પાશના નિવારીને,
ભભૂત રંગ૰ ૧૩

ભવાનીના પતિ ભવાબ્ધિ ભૂલવો રણે ભવે,
ભૂલી ગયો ભમી ગયો રટી રહ્યોજ અર્ણવે;
ભૂલશો ન ભોળા હ્યો દયાળ સુખ સારીને,
ભભૂત રંગ૰ ૧૪

પાપ પાશમાં પડયો પીડાઉ જન્મ જાણીને,
છોડવો ભોળા ભવે થકીજ તીર તાણીને;
સ્મરણ છોડતાં ન શરણ છોડશો વિચારીને,
ભભુત રંગ અંગમાં ભજો ભુજંગ ધારીને. ૧૫

मारुतिस्तुति—झूलणा.

પવનતન ભુવન મહાવીર રણધીર અર્ણવતણા નીરથી તીર તરતા,
આપ સંતાપ તન તાપ સીતા તણો શોક અવલોકીને શાંત કરતા;
રામના નામની હામથી ભંગ બજરંગ કરનાર લંકા મિનારા,
અંજનીસુત હનુમંત શુભસંત કરૂં વંદના રામનાં પ્રાણપ્યારા. ૧

अनादिस्वरूपस्तुति–झूलणा.

સહસ્રકમળે કરી પૂજવા શ્રીહરિ ધ્યાન બેઠા ધરી શંભુ સ્હામા,
સહસ્રમધ્યે થકી પદ્મએક પરહરી પૂર્ણ પ્રેમે કરી શાન્તિ પામ્યા;
ભક્તિની ભાવના જાણવાને ભવાનીપતિએ તહીં કાર્ય કીધું,
જાણી કમળાપતિ એક ઘટતાં કમળ નેત્ર રૂપિ કમળ અર્પી દીધું. ૧

અર્પતાં નેત્ર અવિનાશી માગો કંઇ આપુ વર નેત્રને સ્થિર સ્થાપો,
વાત વૈકુંઠપતિયે ઇંગિતથી કહી દૈત્યના દમનનું શસ્ત્ર આપો;
ચક્ર આપી ચરાચર જગત્ પાળવા ચતુર્ભુજને કર્યો ચક્રપાણી,
અન્ય આપ્યું વચન હરિ થકી હારવું હરભોળાનાથ અંતર પ્રમાણી. ૨

ઇંદ્રકીલપર્વતે ઉગ્રતપ આદરી ધીર ધનંજય રહ્યા ધ્યાન ધારી,
ઇશ આરાધતાં શુકર સ્વરૂપથી દુષ્ટ એક આવીયો વિઘ્નકારી;
ભાળીને ભીલના સ્વરૂપથી પાપી પ્રહલય કર્યો ભકતના રક્ષપાળા,
ચંદ્રમૌલી સદા ચંદ્રશેખર ભજો ચંદ્રધર ચંદ્રચૂડ ચંદ્રભાળા. ૩

આપ તન તાપ અર્જુન તણો જાપ જન જાણી પોતા તણો કાર્ય કીધું,
પશુપતિ પશુ પતાકા તમો ભૂપને આપીને દીવ્ય વરદાન દીધું;
વિજયકર રણવિષે સર્વથા પાર્થના અરિતણા ટાળીયા ઉર ઉછાળા,
ચંદ્ર૦—૪

જનક તનયા તણા વિષમ વિયોગથી રઘુપતિ કાયમાં કષ્ટ પામ્યા,
આપ હનુમંત થઇ જળતરી જાળવી જાનકી તુષ્ટ કરીને વિરામ્યા;
શ્વેતબંધે પ્રતિજ્ઞા થકી તો પ્રતિષ્ઠા કરી રામ રામેશ્વરાળા, ચંદ્ર૦—૫

ઉગ્ર નરસિંહનો ક્રોધ ઉતારવા શરભ થઇ સુર પરિતાપ શોષ્યો,
ધનુર્વિદ્યા વળી બ્રહ્મવિદ્યા મળી રેણુકા પુત્રને પૂર્ણ પોષ્યો;
ટેક તન તોડીયો આપ ત્ર્યંબકતણો રામજી પામીયા જનકબાળા, ચંદ્ર૦—૬

લિંગમય તેજ આદ્યંત અક્ષય અચળ પારને પામવા હરિ અજાદિ,
વિશ્ણુ વારાહ થઇ પરવર્યા તેહ પાતાળમાં પાર લેવા પ્રસાદી;
પારને જાણવાને ચતુરાનના હંસ થઇ ઉડીયા વેગવાળા, ચંદ્ર૦—૭

ચતુર્ભુજ ચતુર્મુખ થાકી પાછા ફર્યાં લિંગનો પારના લેશ લાધ્યો,
તેજ વારાહથી કલ્પ વારાહ થઇ લિંગના લોભનો મોહ વાધ્યો;
આદિને અંતમાં શુદ્ધને શાન્તછો બ્રહ્મછો સગુણને નિર્ગુણવાળા, ચંદ્ર૦-૮

શ્યામને રકતને શ્વેતથી સાત્વિકી રાજસી તામસી માની માયા,
સ્થિતિ અને ઉત્પત્તિ પ્રલયના કાર્યમાં વિશ્વપતિ વિશ્વરૂપે સમાયા;
એક તત્ત્વેવળી શકિતના સ્વરૂપમાં ઘટ ઘટે ગહનગતિ છો નિરાળા,
ચંદ્ર૦-૯

જાણું ના ગુણગતિ જ્ઞાન ગિરિજાપતિ શું ગજુ મારૂં જ્યાં ત્રિદશ થાકે,
જન્મને જન્મનો પાપનો પોઠીયો કર્મની કઠિનતા કોણ આંકે;
જરણ છોડાવીને મરણ છોડાવીને શરણ છોડાવતાના કપાળા, ચંદ્ર૦-૧૦

बालोपदेश.

दोहरो.

જય જય જીવન જગતના, જયશ્રી જગદાધાર;
અવિનાશી અટકાવજો, વિપરીત વાણીધાર. ૧

બ્રહ્મકર્મનો વિષયતે, સદા પરમ સુખ ધામ;
વદુ સભાજન દેખતાં પ્રીતે કરી પ્રણામ. ૨

छंदचोपाया.

ગણપતિ આરાધન સાધન દ્યો બાધન બ્રહ્મકુમારી,
વિપ્રવર્ગને વિનતિ કરવા વ્યાકુળ થઇ મતિ મ્હારી;
યાજ્ઞવલ્કયને મનુનાં વચનો તેના પલક વિસારો,
ભરતખંડના વાસી દ્વિજતન નિજમન ધર્મ વિચારો. ૧

જુઓ તમારી પરંપરાની વૃદ્ધ સનાતન નીતિ,
નિર્મળ મનથી પવિત્ર રહેવું એ બ્રાહ્મણની રીતિ;
નિત્ય નિયમ જાળવવા અતિશય ઊલટ ઉરમાં ધારો, ભરતખંડ.૨

પ્રભાતમાં પ્રભુ સંમુખ થઇને સ્નાનાદિકને સાધો,
સંધ્યાદિક ષટ્કર્મ કરીને દેવાર્ચન આરાધો;
ધર્મ અનાદર નાસ્તિકપણુએ જાણો ભયનો ભારો. ભરતખંડ. ૩

બ્રહ્મયજ્ઞ તર્પણથી યજવા ઋષિ દેવાદિક પિત્રી,
વૈશ્વદેવનો હોમ કરો વળી બ્રહ્મતત્ત્વ ગાયત્રી;
સૂર્ય અગ્નિએ ઇષ્ટ તમારા ભવ તરવાનો આરો, ભરતખંડ. ૪

ત્રિકાલ સંધ્યા દ્વિજનો બાળક અતિ ઉમંગે સાધે,
ગાયત્રીનો જાપ જપ્યેથી બ્રહ્મતેજ બહુ વાધે;
એક કાળની સંધ્યા ચૂકવે પ્રાયશ્ચિત્ત હઝારો, ભરતખંડ. ૫

આખો દિન સંધ્યા ચૂકયે પડે પ્રાયશ્ચિત્તનો લેવું,
બાર હઝાર કરે ગાયત્રી ધર્મશાસ્ત્રનું કહેવું;
ત્રણ દિવસ આખા વીત્યે દ્વિજ બની રહે શૂદ્ર બિચારો, ભરતખંડ. ૬

ત્રિશંત ચોવિસ ગાયત્રીનું સવિતાનું શિર દેવું,
શત વા દશ ગાયત્રી ન કરે એ દ્વિજને કયાં રહેવું;
પાપી બૂરો બની રહે બ્રાહ્મણ ગાયત્રી તજનારો, ભરતખંડ. ૭

આસન ઉપર મંત્ર સહિત પ્રાણાગ્નિહોમ આચરવું,
વિપ્રવર્ગની આજ્ઞા લેઇને પછીથી ભોજન કરવું;
શાસ્ત્ર મુનિનાં વચનો વૃદ્ધતણા એ શિષ્ટાચારો, ભરતખંડ. ૮

હરિનામછે સકળ જગતને પવિત્ર થાવા સારૂં,
સંધ્યાહિન બ્રાહ્મણના સુતને પવિત્ર નહીં કરનારૂં;
કાળ ચૂકતાં કર્મ ન ચૂકો ટાળી વિવિધ વિકારો, ભરતખંડ. ૯

તાકો જો કલ્યાણુ તમારૂં કુટુંબ સઘળું તરવા,
સાત ગોત્રને એકોત્તરશત પેઢીઓ ઉદ્ધરવા;
વેદશાસ્ત્રને અનુસરવાને પોકારે સ્મૃતિકારો, ભરતખંડ. ૧૦

બ્રાહ્મણ ક્ષત્રિ વૈશ્ય મળીને ત્રૈણે દ્વિજ કહેવાતાં,
વૈશ્ય વણિકને એમ સમજવું જરા ન વીસરી જાતા;
ઉત્તમ કુળની જાત તમારી અનુકૂલ રહી મન ઠારો, ભરતખંડ. ૧૧

દયાધર્મનું મૂળ તમારૂં પોષણુ કરવા પ્રાણી,
હરેક જીવની હિંસા ન કરો વેદ તણી છે વાણી;
સત્ય વચન જપ તપને શાન્તિ સદાય ધર્મ તમારો, ભરતખંડ. ૧૨

બની ઠનીને ન્યાત વિષે જ્યારે જમવા જાવાનું,
હાથ પાય ધોવાય નહીં ત્યાં શું કહીએ ન્હાવાનું;
સૂતક માંહે સ્પર્શ કરો નહીં પંગતના આચારો, ભરતખંડ. ૧૩

સુધારાનું નામ ધરાવી ઘણી સમાજો ચાલી,
વેદ ધર્મહીન જે મારગ તે આખર જાશે હાલી;
પ્રપંચ પંથે ના પડતા શુણી લાખ્ખો તણો લવારો, ભરતખંડ. ૧૪

ચહેરે ગેહેરે તેલ લગાવા ચિત્તમાં ચટકી રાખો,
ધૂમ્ર પાનના ગોટા કહાડી રખે કરો કૈં શાખો;
પાટલૂન પરહરીને ચારે છેડે ધોતી ધારો, ભરતખંડ. ૧૫

દેશ કાલને અનુસરીને ભલે ભણો પરભાષા,
શિખા સૂત્રથી સરસ બની રહો જુએ ન કોઇ તમાશા;
વેદ શાસ્ત્રનો મારગ ન તજી હુન્નર કરો હઝારો, ભરતખંડ. ૧૬

વેશ ન બદલો દેશ તણો અભિમાન રાખવો જાતિ,
ઇંગ્રેજીમાં અથડાતાં ના ભૂલી જતા ગુજરાતી;
જુઓ તમારી ભાષાના પરદેશ ગયા ભંડારો, ભરતખંડ. ૧૭

પરદેશીના સંસ્કારોને દેશી લાગ્યા ધરવા,
દેશીના સંસ્કારોની નહીં પરદેશીને પરવા;
પરસ્પરોનો દેખી દાખલો તનમાં થાય તપારો, ભરતખંડ. ૧૮

પરધન પરદારાને જાણો વિષ તણો છે વેલો,
દુરાચરણને દુષ્ટ વચન એ દંભ તજી દૂર મેહલો;
દુષ્ટ જનોની સંગતિ કરતાં પંથ તમારો ન્યારો, ભરતખંડ. ૧૯

જન્માન્તરના કર્મ વડે બાંધવાના સંસ્કારો,
નબળા સબળા કર્મ વડે જીવ સુખ દુઃખ ભોગવનારો;
સત્ય નીતિને ધર્મે ધાતાં સફળ કરો જન્મારો, ભરતખંડ. ૨૦

વિશ્વંભર દ્વિજના બાળકને વિદ્યા વિનય વધારી,
સ્મરણ છોડતાં કરુણા કરની આશીર્વચન વિચારી;
કર્મસિંધુથી દ્વિજનના વિકટની નૌકા નિકટ ઉતારો, ભરતખંડ. ૨૧

કુછરતી વયના બાળકને આ શિખામણ સારી,
પંડિત લાયક જનને કહેવા મતિ ન ચાલે મ્હારી;
માફ કરો દિલ સાફ રહીજો અવગુણ દિસે મ્હારો, ભરતખંડ. ૨૨

छंदकिरीट–सिंहावलोकन.

જનમાં જુગતિ ન જણાવી શકું ન ટકાવી શકુ તન આસનમાં,
સનમાન શું લેશ લખાય નહીં નહીં વાંચી શકાય વળી મનમાં;
મનમાંની મળી ન રતિથી ગતિ સવિતા શશી છે ઉદિયાપનમાં,
ઉદિયાપનમાં મતિનું કરીને ગતિ દ્યો અતિ હશ મહાજનમાં. ૨૩

દોહરો.

સંસ્કૃત ને વળી વેદની, શાળા થઇ વિશાળ;
માધવરામ પ્રતાપથી, ભાવિક થયા ભૂપાળ.

इंद्रविजय छंद.

ઉમ્મર બાવીશ વર્ષ સુધી રહી હર્ષથી સરસ ખુશી તન ખાસી,
સંવત ઓગણી ચોવીસ ફાગણ માસ અચાનક આવી ઉદાસી;
ખોળી વળી બધી આ દુનીયાં દીનબંધુએ દફતર જોયું તપાશી,
બાળપણે કર્યું ના બળિએ બળ એ ભૂલ તો ભવતારને ભાશી. ૧

શીતળતાન શરીર તપે તન તાપ કહો વળી એ શીતળાશી,
અંગમાં આગ્ય બની ગયું ભાગ્ય લગીર ના લાગ થયોજ નિરાશી;
પ્રીત તજી મુજ પાસ તણા બેઉ મિત્ર હતા તે થવાજ પ્રવાસી,
સૂર્યને ચંદ્ર સિધારી ગયા મુજ સાધન સાધ્ય રહ્યું ન પ્રકાશી. ૨

मनहर छंद.

સાધનના સાધ્ય રહ્યાં અર્થ સર્વ વ્યર્થ ગયા
કહો દિન રાત વેળા કેવી રીતે ગાળવી,
વૃદ્ધને વડીલ મુજ વૈદ્ય હરજીવને તે
વિચારીને ભલી રીતે ભિષકતા બાળવી;
ક્રિયામાં કુશળ નહીં વેદના વિરામું નહીં
છતાં પડી પીડ માથે સુખેથી સંભાળવી,
માનું ઉપકાર જગતાર કિરતાર તારો
ભલી જુગતિએ જગતાત લીધો જાળવી. ૩

વૈદ્ય રણછોડભાઇ હરિવલ્લભ—ખંભાત.

॥ ॐ ॥

॥ श्रीमच्छंकरो विजयतेतराम् ॥

श्रीमत्परमहंसपरिव्राजकाचार्य जगद्गुरु शङ्कराचार्यनो संक्षेपथी दिग्विजय पद्यबद्ध

સવૈયા એકત્રીસા.

શ્રી ગણપતિ ગિરિજા ગંગાધર, વિષ્ણુ દિનકર પુરો આશ,
માત સરસ્વતિ દ્યો મતિ સંક્ષેપે, કહું શંકર વિજય વિલાસ;
પરંપરા ગુરૂપદની સૂણતાં તરવો દુઃખમય આ સંસાર,
ગુરૂપદ પંકજ અચળ વિમળરસ, જગદ્ગુરૂ શંકર અવતાર. ॥ ૧ ॥
પ્રથમ ગુરૂ શિવ હરિ વિરંચી, વસિષ્ઠ મહામુનિ શક્તિ સ્વરૂપ,
પછી પરાશર સત્યવતિ સૂત, વ્યાસ તણા સુત શુક મુનિ ભૂપ;
તે પછી ગુણનિધિ ગૌડપાદ, ગોવિંદ યોગેશ્વર અવતાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, ધર્મોદ્ભવ શંકર અવતાર. ॥ ૨ ॥
ગોવિંદ ગુરૂના શિષ્ય જગદ્ગુરૂ, શંકર પ્રગટ થયા શિરતાજ,
પરમ પવિત્ર ચરિત્ર કહું આ, ધર્મ સનાતન સકળ સમાજ;
શાક યુધિષ્ઠિર છવીસેં એકત્રીસ વર્ષે બ્રહ્માકાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, પ્રગટ થયા શંકર અવતાર. ॥ ૩ ॥
કેરલ દેશે પર્વત ઉપર પૂર્ણાનદી, તટ નિકટ નિવાસ,
ઉદય સ્વયંભૂ જ્યોતિ રૂપથી, જગપતિ કીધો પૂર્ણ પ્રકાશ;
રાજશેખર નૃપને સ્વપ્નાંતર, દર્શનથી ઉપજાવ્યો પ્યાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, ભવ તારક શંકર અવતાર. ॥ ૪ ॥
તે ભૂપતિએ મંદિર કરીને, સઘળો રાખ્યો ખર્ચ વિવેક,
સ્વેચ્છા પૂર્વક સમીપ નિવાસી, વિદ્યાધિરાજ પંડિત એક;
પૂર્ણ પુણ્યથી તે દ્વિજકુળમાં, પ્રગટ થવા કીધો વિચાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, કરૂણાકર શંકર અવતાર. ॥ ૫ ॥

તે પંડિત ઘર શિવગુરૂનામે, પરમ પવિત્ર જનમીયો તન,
મધ પંડિત તનયા થકી લગ્ન કરી રહે દંપતિ નિત્ય પ્રસન્ન;
ઉભય અવસ્થા વૃદ્ધાવયમાં જપતપ સાધન કીધાં સાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, દયા સિંધુ શંકર અવતાર. ॥ ૬ ॥
અધમે દ્ધારણ ભોળા શંભુ, શિવ ગુરૂ સતી પર કરૂણા કીધ,
શુકલ પંચમી તે વૈશાખે, જન્મ જટિલેશ્વર ત્યાં લીધ;
પંચ વર્ષના પૂર્ણ થયે તાને ઉપનયન કર્યો આચાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, વેદ વિજ્ઞાસી શિવ અવતાર. ॥ ૭ ॥
સરિતા મધ્યે સ્નાન વિધિ, કરતાં ત્યાં ગ્રાહે પકડયો ચર્ણ,
આજ્ઞા માગી જનની પાસે ઘો થાવા સન્યાસી શર્ણ;
લઇ આજ્ઞા બદરી વન ચાલ્યા, ગોવિંદ ભગવત પાદ દ્વાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, માયાજીત શંકર અવતાર. ॥ ૮ ॥
ગૌડપાદના ગોવિંદ શિષ્ય, ગુરૂ કરીને લીધો સન્યાસ,
બ્રહ્મ સૂત્રને ભાષ્યાદિકનું તત્વ તપાશી કર્યો પ્રકાશ;
ગીતા આદિ સોળ ભાષ્યનો, શિષ્ય પ્રસંગે કર્યો પ્રચાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, ભાષ્યકાર શંકર અવતાર. ॥ ૯ ॥
શિષ્ય સહિત ગતિ કરી વારાણસી, વિશ્વેશ્વર અર્ચન આદિક,
વ્યાસ વિરંચી દર્શન દઇને, ધર્મ ધરા વ્યાપવા અધિક;
વર્ષ સોળ આયુષ્ય વધારી, બત્રીસ વસુધાપર સ્થિતિ સાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, બ્રહ્મનિષ્ઠ શંકર અવતાર. ॥ ૧૦ ॥
ભટ્ટપાદના દર્શન કેરો, પ્રેમે લીધો પૂર્ણ પ્રસાદ,
પછી મંડન મંદિર જઇ મહેચ્યા, ધર્મ કર્મનો કરવા વાદ;
ઉભય ભારતી મંડન પત્ની, સાથ ઘટાવ્યો એજ પ્રકાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, બ્રહ્માવાદી શંકર અવતાર. ॥ ૧૧ ॥
સરસ્વતીથી વિજય પામવા, દેહાંતર કરી લીધો વેશ,
શિષ્ય પ્રેરણાએ વળતાં, દ્રષ્ટિએ ભાળ્યો ચિતા પ્રવેશ;
સ્તુતિ કરી ત્યાં નૃસિંહ કેરી, કષ્ટ થકી નીકળીયા પાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, યોગાત્મા શંકર અવતાર. ॥ ૧૨ ॥
કરી પરાજય સરસ્વતીનો, શૃંગપુર જઇ કર્યો નિવાસ,
મુનિ વિભાંડકના આશ્રમમાં, તુંગ ભદ્રસરિતાની પાસ;
મલહાનીકર દેવ સમીપમાં, દેવી સ્થાપ્યાં ઉત્તમ સાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, વિજયમૂર્તિ શંકર અવતાર. ॥ ૧૩ ॥

ત્યાંહાં સ્થાપના મઠની કરીને, હસ્તામલક મુકયા તે ઠામ,
ભોગ વારિ સંપ્રદાય પુરીને, સરસ્વતી ભારતી પદ નામ;
રામેશ્વર ક્ષેત્રને આદિ દેવતા, વરાહ ધરાધરનાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, જ્ઞાન દીપક શંકર અવતાર ॥ ૧૪ ॥
દેવી શ્રી કામાક્ષી જેનું પૂર્ણ પ્રતાપી બાંધ્યું ધામ,
તીર્થ તુંગ ભદ્રાને ચૈતન્ય બ્રહ્મચારી ધાર્યું નામ;
યજુર્વેદનું પઠન अहंब्रह्मास्मि એ મહા વાકયાધાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, અહં બ્રહ્મ શંકર અવતાર. ॥ ૧૫ ॥
કાંચીમાં શ્રી ચક્ર સ્થાપના, કીધી કામાક્ષીની સંગ,
કુત્સિતમતના સકળ જનોનો, વિવાદથી કીધો મત ભંગ;
આરોહણ સર્વજ્ઞ પીઠપર, કરીને દ્વૈત પમાડયા હાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, સિદ્ધાંતી શંકર અવતાર. ॥ ૧૬ ॥
સૌર મતોનું ખંડન કરવા, ક્ષેત્ર ચિદંબર કર્યું પ્રયાણ,
શિષ્ય સહિત રામેશ્વર જઇને આરાધ્યા ઇશ્વર શુલ પાણ;
ભૈરવ મતનું ખંડન કરીને, વક્રતુંડ પુરી કર્યો પ્રચાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, સચરાચર શંકર અવતાર. ॥ ૧૭ ॥
ગાણપત્ય મત ખંડન કરીને, ક્ષેત્ર અનંત શયનને સ્થાન,
વૈષ્ણવ મતથી વિજય પામીને ક્ષેત્ર વાસુકી કીધું સ્નાન;
કુમાર ધારા સુબ્રહ્મણ્યાદિક અર્ચનથી પામ્યા પાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, ધર્મ મૂર્તિ શંકર અવતાર ॥ ૧૮ ॥
મૃડપુરી બૌદ્ધ મતોનું ખંડન, પછી ગોકર્ણ ક્ષેત્ર પ્રવેશ,
સમુદ્ર સ્નાને કોટિ તીર્થે, મહાબળેશ્વરમાં યોગેશ;
પૂર્વ સમુદ્રે ગતિ કરી જ્યાં, જગન્નાથનું ક્ષેત્ર દ્વાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, તીર્થવાસી શંકર અવતાર. ॥ ૧૯ ॥
કાષ્ઠ પ્રતિમા પુરૂષોત્તમની, પ્રાણ પ્રતિષ્ઠા વિધિ અર્ચન,
પદ્મપાદને મઠાધીશ કરી, મઠ સ્થાપિયો ગોવર્ધન;
ભૂતારિ સંપ્રદાય વનને, અરણ્ય નામાંતે વિસ્તાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, ધર્મતત્ત્વ શંકર અવતાર. ॥ ૨૦ ॥
પ્રગટ ક્ષેત્ર પુરૂષોત્તમ મધ્યે, જગન્નાથ દેવતા દિસે,
વિમળા દેવીને મહા નદીએ, તીર્થ નામ છે મઠને વિશે;
પ્રકાશ નામે બ્રહ્મચારી છે, પઠન પરમ ઋગ્વેદાધાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, પૂર્ણ કૃપાળું શિવ અવતાર. ॥ ૨૧ ॥

મહા વાક્ય प्रज्ञानं ब्रह्म થી अयमात्मा ब्रह्मનો પ્રકાશ,
અખિલ વેદ જાણુતા શિષ્યને, આપ્યો એ સ્થળમાં નિવાસ;
ઉજજયીની જઈ શકિત મતોનો, કર્યો પરાજય ધર્માધાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, પ્રગટ મૂર્ત્તિ શંકર અવતાર. ॥ ૨૨ ॥
પશ્ચિમ નિધિ દ્વારિકાં સિધારી, પ્રાણુ પ્રતિષ્ઠા કૃષ્ણતણી,
ભદ્રકાળી ઉદ્ધાર યંત્રનો, રચી રચના મંદિર ઘણી;
સિદ્ધેશ્વરમાં શિષ્ય સૂરેશ્વર, કર્યો શારદા મઠ અધિકાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, યોગેશ્વર શંકર અવતાર. ॥ ૨૩ ॥
કીટ વારિ સંપ્રદાય તીર્થાશ્રમથી જાણો મઠના યતિ,
ક્ષેત્ર દ્વારિકા સિદ્ધેશ્વર દેવતા તીર્થ ગંભીર ગોમતી;
સામ વેદનું પઠન **तत्त्वमस्यादि** એ મહા વકયાધાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, તત્ત્વમસિના તત્વાધાર. ॥ ૨૪ ॥
માયા પુરી મહા પુરૂષ પધારી, પંચદેવનું સ્થાપન કરી,
અવિનાશી અદ્વૈત મતેથી, ષણુ મત કીધી માયા પુરી;
બદ્રિકાશ્રમ ત્યાં તોટકને, આપ્યું જયોતિર્મઠનું દ્વાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, પૂર્ણુ બ્રહ્મ શંકર અવતાર. ॥ ૨૫ ॥
સંપ્રદાય આનંદ વારિ ગિરિ, પર્વત સાગર નામ પદાંત,
બદ્રિકાશ્રમ પૂજય ક્ષેત્ર, અલકા નદી તીર્થ તણો તટ શાંત;
નારાયણુ દેવતા ક્ષેત્રના, પીઠ દેવી પૂર્ણાગિરિ ઠાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, ભવતારણુ શંકર અવતાર. ॥ ૨૬ ॥
બ્રહ્મચારી આનંદ સ્થાનમાં વેદાધ્યયને અથર્વવેદ,
अयमात्मा મહા વાકય વિચારી, આત્મ બ્રહ્મનો જાણે ભેદ;
જગદ્ ગુરૂએ વિધિવત મર્યાદા સ્થાપી એ મઠની ચાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, મઠાધીશ શંકર અવતાર. ॥ ૨૭ ॥
અધિક દિવસ ત્યાં થયાં નિવાસી, યુગ્મ દેવ દીધું દર્શન,
વિષ્ણુને વળી ગુરૂ દત્તાત્રય, નીહાળી શંકર થયા પ્રસન્ન;
દત્તાત્રયની ગુહા મધ્યમાં, વિચર્યાં ભાષ્યતણા રચનાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, સિદ્ધેશ્વર શંકર અવતાર ॥ ૨૮ ॥
બૌદ્ધ અને કાપાલિક વિગરે, નેવ્યાસી મતનું ખંડન,
પૂર્ણુ બ્રહ્મનું તત્વ બતાવી, કીધું અદ્વૈતતણું મંડન;
ભાષ્યાદિક એક શતને ઓગણી, ગ્રંથતણા પોતે રચનાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, ધર્મ પ્રવર્તક શિવ અવતાર. ॥ ૨૯ ॥

શક યુધિષ્ઠિરપૂર્ણ પૂર્ણિમાં, છવીસ ત્રેસઠ કાર્તિક માસ,
દિગંતમાંહે વિજય મેળવી, ગુરૂ થયા કૈલાસ નિવાસ;
શૂણે ગાય સંક્ષેપ વિજયજન, નિશ્ચય પામે મોક્ષ દ્વાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, કૈલાસી શંકર અવતાર. ॥ ૩૦ ॥
અલ્પ મતિથી કવિતા કીધી, પંડિત જનને દીસે દોષ,
સુધારી વાંચો ક્ષમાવંત થઇ, અંતરમાં નવ રાખી રોષ;
સ્મરણ છોડતાં શંકર મુજને, રખે શરણ છોડો પળવાર,
ગુરૂપદપંકજ અચળ વિમળરસ, જય જય જય શંકર અવતાર. ॥ ૩૧ ॥

દોહરો.

શંકર મૂર્તિ કીર્તિનો, કહે ન આવે પાર;
બોલો મંગળ શબ્દથી, જય જય વાર હજાર.

વૈદ્યરાજ રણછોડભાઈ હરિવલ્લભ.



ત્રીપાદિ.

પદ ૧ લું.

હરિ, ગુરૂને સંતનું સેવન કરવાનો સદુપદેશ.

—(०)—

(હાંરે તમે નંદજી ગોકુળ સંચરોરે. એ લય)

હાંરે તમે સેવા હરિ ગુરૂ સંતનેરે. ॥ટેક॥
ઉતરવા ભવસાગરની પાર જો
મ્હેર કરીને માયાથી મુકાવશે રે
છોડાવીને યમદૂતોના માર જો. હાંરે તમે-૧

અજ્ઞાન અંધારૂં નાશી જશે રે
પ્રકટતાં જ્ઞાન તણો સુ પ્રકાશ જો
મમતા મેલ બધો મનથી મટે રે
ઉરથી સહુ અળગી થાએ આશ જો. હાંરે તમે-૨

ભકિત ભાવ થશે ભગવંતમાં રે
ઉપજે શાન્તિનાં અંકૂર જો
દિલમાં આવે દયા ક્ષમા ને દિનતારે
નિર્ભયતાનો અવિચળ ઉગે સૂર જો. હાંરે તમે-૩

આધિ વ્યાધિ ઉપાધિ અળગી થશે રે
પ્રસન્નતાનું વહેશે મનમાં પૂર જો
સત્ય સરલતાને સંતોષ વધે બહુ રે
નજરે નિરખો નારાયણનું નૂર જો. હાંરે તમે-૪

વિવેક વૈરાગ્યતણી વૃદ્ધિ થશે રે
શમદમ સાધન સ્હેજે સર્વે થાય જો
શ્રદ્ધા શ્રેયસકર શ્રવણ મળે બહુ રે
કોટી જન્મનાં પળમાં પાપ પળાય જો. હાંરે તમે-૫

યમ નિયમના સ્વરૂપને ઓળખાવશે રે
પ્રીછવશે તે પ્રાણાયામની પેર જો
ધ્યાન ધારણા ધ્યેય તણી ગત આપશે રે
અંતર ઉઠશે બ્રહ્માનંદની લ્હેર જો, હાંરે તમે-૬

કૂડ કપટને કામ ગતીને બાળશે રે
લોભ લાલચ ને લંપટતા કરી દૂર જો
ધર્મ ધીરજ ને ધીની સ્થિરતા સ્થાપશે રે
હરદમ હૈયે હેત શ્રીહરિ હજુર જો. હાંરે તમે-૭

તત્પદ ત્વંપદ અસિ પદની એકતા રે
સમજાવીને હરે વાસના વૃંદજો
મનન નિદિધ્યાસન જો નિત્યે કરો રે
મળશે જીવન્મુક્ત મુકુંદ જો. હાંરે તમે-૮

ૐ

પદ ૨ જું.

સાચા સંતને સમજવાની સાન.

(રાગ ઉપરનો.)

સાને સમજો સાચા સંતને રે ॥ટેક॥
રખે ભ્રમણામાં ભૂલો ભાળી વેશ જો
વર્ણાશ્રમ અભિમાન નહિ કંઇ એહને રે
સહુથી ન્યારો જીવન્મુકતાનો દેશ જો. સાને-૧

વિચરતા વૈરાગ્ય તણી એ વાટમાં રે
શાન્તિનું તો પોતે શુધ્ધ સ્વરૂપ જો
નામ રૂપ તજી સહુને હરિ રૂપ દેખતા રે
પર નિંદામાં સ્વયં સદાયે ચૂપ જો. સાને-૨

દયાળુ દિલ દિસે દરિયા સમુ રે
ભકત જનોના પૂરે સર્વે ભાવજો
આપે સાધન અધિકારને ઓળખી રે
કૃતિ દિસે છે કાષ્ટ તણું જયમ નાવ જો. સાને-૩

નિષ્ટા એક અખંડ અદ્વૈતમાં રે
અંતર જેનું નિત્ય છે નિષ્કામ જો
યદચ્છા લાભ થકી સંતોષ છે રે
દ્વંદ્વોથી છે ચિત્ત જેનું ઉપરામ જો. સાને-૪

આનંદ છાયા મુખપર ઓપતી રે
જેના નયને નેહ તણું છે નૂર જો

બાલ નિરખતા બ્રહ્મ તેજ ભાસે ઘણું રે
સ્વરૂપ ખુમારી દિસે છે ભરપૂર જો. સાને–૫

માન અપમાન વિષે મમતા નહિ રે
સુવર્ણ માટી પથ્થર એક સમાન જો
સુખ દુઃખ દેખીને સમતા ધરે રે
સરખાં સમજે જ્ઞાનીને અજ્ઞાન જો. સાને–૬

મિથ્યા વૈખરી પણ સત્ય ઉચરે રે
જુઠા જગમાં સત્ય જુએ ભગવાન જો
અસત્ય દેહમાં સત્ય નિહાળે આત્મારે
ખોટા મનને સત્ય બતાવે જ્ઞાનજો. સાને–૭

અસારમાંથી સાર એમ એતો ગૃહેરે
તેથી તેને સઘળે ભાસે ગુણ જો
જળ કમળવત્ વસે સદાયે જગતમાંરે
મુકુંદ સદ્ગુરૂ પોતે પૂર્ણ નિપુણ જો. સાને–૮

ૐ

પદ ૩ જું.

ચિદેન્દુનો ચમત્કારો.

——:૦:——

(ઉદ્ધવજી સંદેશો કેજો શામને એ લય)

ઉર આકાશે ચમકે ચિદ્દઘન ચંદ્રમાં
અદ્દભૂત અમૃત વૃષ્ટિ થાતિ અપારજો
વિચાર વૃક્ષો તેમ તેમ વૃધ્ધિ પામતાં
શાન્તિ સુમનની ગંધ તણો અંબારજો. ઉર— ૧

ઉજવળ કિરણો અંતરમાં પ્રસર્યાં અતિ
ઇંદુને અવલોકે ચિત્ત ચકોર જો
મીટ માંડી તે મનથી ક્ષણ મુકે નહિ
દૃઢ દ્રષ્ટિની દગથી બાંધી દોરજો. ઉર— ૨

પ્રીત કુમુદની પુષ્પ ખીલ્યાં પૂર જોસમાં
મન ભ્રમરે ત્યાં કીધો નીશ્ચય વાસજો
ગંધે ગોધાણો તે ઉડી ના શકે
ભ્રમણ કલ્પના પામી સરવે નાશજો. ઉર— ૩

બુધ્ધી સાગર શશી પેખીને ઉચ્છળ્યો
ભક્તિના ભાસે છે ભવ્ય તરંગજો
લોક વેદ મર્યાદા તે તૂટી ગઇ
આશા ઉર્વી ઓગળીને થઇ ભંગજો. ઉર— ૪

અવિદ્યા અંધારૂં આપે ઉડી ગયું
નાઠા તસ્કર ક્રોધ લોભ ને કામજો

ીતળતા સંતોષ લક્ષ્મી ઉપજી અતી
યાપક દિસે એકજ આતમા રામજો ઉર- ૫

ચંદ્રકાન્ત અભિમાન જણ્યુ છે ચોકમાં
ધુર કિરણનો થયો પછી ત્યાં મેળજો
ક અનેક રૂપે થઇને પ્રસરી પડયો
ાસનો મુકુંદનો મુકુંદ રૂપે ખેલ જો. ઉર- ૬

ॐ

डिंडिम

ऐश्वर्यं शत्रु संकाशं, यौवनं कुसुमोपमम्
क्षणं चञ्चल मायुष्यं तस्माज्जाग्रतजाग्रत.

પ્રિય બંધુ ! ! આ અદ્‌ભૂત ડિંડિમ શ્રવણ ગોચર થાય છે ? તો લક્ષ પૂર્વક સાંભળો. કહે છે કે સ્ત્રી, પુત્ર, ધન, આદિ ઐશ્વર્ય શત્રુ સમાન છે !! આ ગર્ભિત વાણી સમજણમાં આવે છે ? શાસ્ત્રકર્તાનો આશય આ ઉપરથી એમ સમજવાનો નથી કે ત્યારે સર્વ ઐશ્વર્યથી અળગા થઇ બાવા થઇ ભભુત ચોળી ભૂત જેવા બનીને બેસો. સર્વ બાવા થાય તો સંસાર રચના ચાલે શી રીતે ?? ત્યારે કથનનો હેતુ એ છે કે જો ઐશ્વર્યમાં મમત્વ બંધાય તો વાસના વૃદ્ધિ પામે અને અન્ય જન્મમાં આવવું પડે એટલે શત્રુ જેમ બહારથી મળતો રહી અંદરથી દુઃખ આપવાના ઉપાયો રચતોજ રહે છે તેમ ઐશ્વર્ય પણ મમત્વ રૂપે દુઃખ-દાયકજ નીવડે છે માટે તેની **મમતા છોડવી.** યુવાવસ્થા કુસુમ જેવી છે એટલે પુષ્પ જેમ પૂર્ણ ખીલી રહે છે, ત્યાર પછી કરમાવા લાગે છે તેમ યુવાવસ્થા પણ અમુક મુદત રહી અંતે વૃદ્ધાવસ્થા રૂપે બદલાયજ છે અથવા વૃદ્ધાવસ્થા રૂપ ફળ આવવાની યુવાવસ્થા ફુલ રૂપ સૂચના છે માટે તેનો પણ વિશ્વાસ કે મમત્વ કરવાનું નથી **"કારણ તે જવાનું તો છેજ"** અને આયુષ્ય તો વિદ્યુત્‌ના જેવું ચંચળ—પાણીના પરપોટાની પેઠે એકજ ક્ષણમાં ફુટી જનારૂં છે. અર્થાત્ નાશ પામનાર છે પણ તે કયારે ? તેનો કશો નિયમજ ન મળે કે કઇ ઘડીએ કઇ વ્યકિતનો પ્રાણ કયા નિમિત્તથી નષ્ટ થશે ! !! માટે શાસ્ત્ર ડિંડિમ છે કે **જાગો, જાગો.** એટલે ઐશ્વર્ય, યૌવન, અને આયુષ્યને અખંડ માની તેમાં લપટાઇ અધર્માચરણ ન કરો પણ એ ત્રણનો સદુપયોગ કરીને મનુષ્ય જીવનના કર્તવ્યની પરાકાષ્ટા રૂપ જે **"જીવન્મુકિત" "જીવતાંજ સત્ય સુખનો અનુભવ"** તે બરાબર સમજીને કરીલો તેનુંજ નામ જાગૃતિ છે. સત્ય સુખના અનુભવ વિનાના સર્વ અવિદ્યા નિદ્રામાં પડી જગત્ સ્વપ્નમાં રમણ કરે છે તેનેજ માટે ડિંડિમ છે કે **"જાગો જાગો"** અસ્તુ.

શિખરિણી.

વિચારીને જોતાં સકળ જગનાં સૌ જન ભણી
નથી સર્વે લોકો નિખિલ નિરદોષી નિરગુણી
ધીમાને તે માટે નિજ નજરને ઉન્નત કરી
સહુ દોષો ઢાંકી ભવિકકર લેવા ગુણ ભરી.

સૂચના.

કોઈ પણ સજ્જન મહાશય તરફથી અર્ધા આનાની ટીકીટ આવતાં "तत्त्वादर्श" ને "नवा-वर्षनुं बजेट" એ નામનાં પુસ્તકો શીલીકમાં હશે ત્યાં પર્યંત મોકલવામાં આવશે અને "वेदान्त-सार" માટે એક આનાની ટીકીટ મોકલતાં તે પણ રવાના કરવામાં આવશે.

શિરનામું—

યતિ મુકુંદાશ્રમ,

મુ. ખંભાત.

॥ ૐ ॥